શ્રી ક્ષેમરાજ મુનિ કૃત.

# उपदेश सप्ततिका

## ભાષાંતર.

મુળ અને ટીકાનું (કથા શિવાય) ભાષાંતર કરાવી

અમદાવાદ નિવાસી

બેન જીવીબાઈ તથા સાંકળીબાઇની આર્થિક સહાયથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

વીર સંવત ૨૪૪૬. વિક્રમ સંવત ૧૯૭૬.

શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

શ્રી ક્ષેમરાજ મુનિ

# उपदेश सप्ततिका भाषांतर.

મુળ અને ટીકાનું (કથા શિવાય) ભાષાંતર કરાવી

અમદાવાદ નિવાસી

બેન જીવીબાઈ તથા સાંકળીબાઈની—આર્થિક સહાયથી

છપાવી પ્રસિદ્ધ કરનાર

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

વીર સંવત ૨૪૪૬. વિક્રમ સંવત ૧૯૭૬.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

# સુચના.

આર્થિક સહાય આપનાર બ્હેનોની ઇચ્છાને અનુસરીને આ બુક જાહેર જૈન સંસ્થાઓને ઉત્તમ સાધુસાધ્વીઓને તથા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના તમામ સભાસદોને ભેટ દાખલ આપવામાં આવશે.

# પ્રસ્તાવના.

આ ઉપદેશ સપ્તતિકા નવ્ય તરીકે ઓળખાય છે. પ્રથમ એજ નામનો ગ્રંથ સંવત ૧૫૦૩ માં **શ્રી સોમધર્મગણિએ** રચેલો છે. તે સુમારે ત્રણ હજાર શ્લોક પ્રમાણ છે. આ ગ્રંથ તેજ નામનો ત્યારપછી એટલે સંવત ૧૫૪૭ માં **શ્રી ક્ષેમરાજમુનિએ** રચેલો છે અને સુમારે આઠ હજાર શ્લોક પ્રમાણ છે. બંને ગ્રંથમાં વિષયો અને કથાઓ તદન જુદી છે. આ ગ્રંથમાં દરેક પ્રસંગ ઉપર કથાઓ આપેલી છે. એટલે સુમારે ૧૦૦ ઉપરાંત કથાઓ છે. કયા વિષય ઉપર કોની કથા છે તે દરેક ગાથાને અંતે બતાવવામાં આવ્યું છે. આ ભાષાંતર કથા શિવાય બાકીના ભાગનું કરવામાં આવ્યું છે. આખા ગ્રંથનું ભાષાંતર બહુ વિસ્તિર્ણ થાય તેવું છે. ઉદાર દિલના કોઇ ગૃહસ્થની તેવી ઇચ્છા થશે તો તે પણ બની આવશે.

આ ગ્રંથનું મૂળ માગધી ભાષામાં છે અને કથાઓ સંસ્કૃત તેમજ પ્રાકૃતભાષામાં, ગદ્યમાં તેમજ પદ્યમાં ઘણી વિદ્વત્તા ભરેલી લખી છે. તે આખો ગ્રંથ ટીકા સાથે અમે ત્રણ વર્ષ અગાઉ છપાવીને બહાર પાડેલ છે અને લઘુ સપ્તતિકા શ્રી આત્માનંદ જૈન સભા તરફથી ટીકા સાથે છપાયેલ છે.

જૈનશાસ્ત્રમાં આપેલા ચાર અનુયોગ પૈકી આ ગ્રંથમાં ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ—એ બે અનુયોગ આપેલા છે. તેમાંથી ધર્મકથાનુયોગ બાકી રાખીને માત્ર ચરણકરણાનુયોગનોજ આમાં સમાવેશ કરેલો છે. આ ગ્રંથ નામ પ્રમાણેજ ગુણવાળો છે. તેમાં અનેક વિષયને ઉદ્દેશીને ઉપદેશ આપેલો છે. તેમાં આપેલા વિષયો અનુક્રમણિકારૂપે પૃથક્ પૃથક્ દર્શાવતાં વિસ્તાર થાય તેવું હોવાથી અનુક્રમ-

ણિકાજ લખવામાં આવેલ નથી. કુલ ગાથાઓ ૭૩ છે, પરંતુ પ્રથમની ગાથા મંગળિકની અને છેલ્લી બે ગાથા ફળદર્શક હોવાથી બાકીની ૭૦ ગાથાજ ઉપદેશ માટે છે, એટલે સપ્તતિકા નામ સાર્થક છે. મૂળના અને ટીકાના કર્ત્તા એકજ છે.

આ ગ્રંથના કર્ત્તાએ, આ ગ્રંથ કયાં અને કોના આગ્રહથી કર્યો છે તેના ઉત્તરમાં કર્ત્તાએજ કહેલું છે કે **હિંસારકોટ્ટના** રહેવાવાળા શ્રીમાળ જ્ઞાતિવાળા પટુપર્પટગોત્રવાળા **દોદા** નામના શ્રાવકના આગ્રહથી આ ગ્રંથ બનાવવામાં આવ્યો છે. કર્ત્તા **ખરતરગચ્છના** છે છતાં આ ગ્રંથમાં ગચ્છ સમાચારીની ભિન્નતાને અંગે કાંઈપણ જણાવેલ નથી. આ સપ્તતિકાની ૭૩ ગાથાઓ ઇંદ્રવજ્રાછંદમાં બનાવેલી છે અને તે એવી સરલ ભાષામાં રચેલી છે કે તે કંઠે કરવાથી અને તેનો પાઠ કરવાથી અત્યંત આલ્હાદ ઉપજે તેમ છે. તે સાથે નિર્જરા પણ થાય તેમ છે.

આ ભાષાંતર છપાવવામાં ગુરૂણીશ્રીજી લાભશ્રીજી મહારાજના ઉપદેશથી અમદાવાદ નિવાસી **બાઈ જીવીબાઇ** તથા **સાંકળીબાઇ** એ આર્થિક સહાય આપી છે, અને તેથી જાહેર જૈનસંસ્થાઓને તેમજ ઉત્તમ સાધુ–સાધ્વીઓને અને અમારી સભાના તમામ સભાસદોને ભેટ આપવાનું મુકરર કરવામાં આવ્યું છે. આશા છે કે દ્રવ્યની સહાય આપનાર બહેનોની શુભેચ્છા તેથી પાર પડશે. આ લઘુ બુકની પ્રસ્તાવના વધારે નહીં લંબાવતાં ટુંકામાંજ સમાપ્ત કરવામાં આવે છે.

શ્રાવણ પ્ર–શુદિ ૧૫
સં. ૧૯૭૬.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**
ભાવનગર.

પૂજ્ય શ્રી ક્ષેમરાજ મુનિ પ્રણીત

# नव्य उपदेश सप्ततिका.

( ભાષાંતર-વિવેચન સહિત. )

---

**[३]तित्थंकराणं [४]चरणारविंदं, [५]नमित्तु [१]नीसेससुहाण [२]कंदं ।**
**[६]मूढोऽवि [९]भासेमि [८]हिओवएसं, [११]सुणेह [१०]भव्वा [७]सुकयप्पवेसं ॥१॥**

**મૂળાર્થ**—સમગ્ર સુખના કંદ ( મૂળ ) સમાન તીર્થંકરોના ચરણકમળને નમસ્કર કરીને હું મૂઢ બુદ્ધિવાળો છતાં પણ સુકૃત (પુણ્ય)માં પ્રવેશ કરાવનાર હિતોપદેશને કહું છું. હે ભવ્યો! તે તમે સાંભળો. ૧

**ટીકાર્થ**—હે ભવ્યો ! સાંભળો. હું હિતોપદેશ કહું છું. હું કેવો છું ? કે મુગ્ધ-હેય અને ઉપાદેયની બુદ્ધિ રહિત છું, તો પણ પ્રાણીઓને હિતકારક એવા ઉપદેશને કહું છું. તે ઉપદેશ કેવો છે ? કે જેનાથી સારા-શુભ કાર્યમાં પ્રવેશ થાય અથવા જેનાવડે સુકૃતમાં પ્રવેશ થાય એવા હિતોપદેશને હું કહું છું; કારણ કે હિતોપદેશનું શ્રવણ કર્યા વિના કોઈની પણ બુદ્ધિ સુકૃત્ય સન્મુખ થતી નથી.

ગ્રંથના આરંભમાં મંગળને માટે કહે છે કે તીર્થંકરોના ચરણ રૂપ કમળને નમસ્કાર કરીને, અહીં તીર્થ બે પ્રકારે કહેવાય છે-દ્રવ્ય અને ભાવ. તે વિષે કહ્યું છે કે—

" दाहोपशमस्तृष्णा–विच्छेदः क्षालनं मलस्य यतः ।
अर्थैस्त्रिभिर्बद्धं, तत एव द्रव्यतस्तीर्थम् ॥
सम्यग्दर्शनचरण–ज्ञानावाप्तिर्यतो भवेत् पुंसाम् ।
आचार्यात्प्रवचनतो, वाऽप्येतद्भावतस्तीर्थम् ॥ "

" દાહની શાંતિ, તૃષાનો નાશ અને મળનું પ્રક્ષાલન એ ત્રણ પ્રયોજન સહિત જે હોય, તે દ્રવ્યતીર્થ કહેવાય છે. જે આચાર્યથી અથવા પ્રવચનથી મનુષ્યોને સમ્યક્પ્રકારે જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ થાય તે ભાવતીર્થ કહેવાય છે. "

તેમાં ગંગા નદી, પ્રયાગ ક્ષેત્ર વિગેરે દ્રવ્યતીર્થ છે; કેમકે ત્યાં ગયેલા પ્રાણીઓને બાહ્ય મળનું પ્રક્ષાલન તથા તૃષાનો નાશ વિગેરે થાય છે; પરંતુ કર્મરૂપી મળનો નાશ થઈ શકતો નથી. પણ ભાવતીર્થ તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ છે. કારણ કે જ્ઞાનાદિકને પામેલા પુણ્યવંતોને દુષ્ટ અષ્ટ કર્મરૂપી મળનો નાશ કરવા રૂપ સિદ્ધિ અત્યંત ઘટી શકે છે. આવા પ્રકારના ભાવતીર્થને કરનારા જે હોય તે તીર્થંકરો કહેવાય છે. આવા ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી સર્વ તીર્થંકરોના ચરણકમળને નમન કરીને, તે ચરણકમળ કેવાં છે? તેનું વિશેષણ આપે છે:–નિઃશેષ એટલે સમગ્ર એવા જે મનુષ્ય, સ્વર્ગ અને મોક્ષાદિકનાં સુખો, તેમનો કંદ એટલે મૂળ કારણ. જેમ કંદથી વનસ્પતિ ( વૃક્ષાદિક )ની ઉત્પત્તિ થાય છે, તેમ ભગવંતના ચરણની સેવા જ સમસ્ત સુખસમૂહનો હેતુ છે. તેથી કરીને ' નિઃશેષ સુખોના કંદરૂપ ' એ વિશેષણ યુક્ત છે. આ કારણથી તેમના ચરણને નમસ્કાર ગ્રંથના આરંભમાં શ્રેયસ્કર છે. અહીં કોઇ શંકા કરે કે—" હું મૂઢ બુદ્ધિવાળો છતાં પણ હિતોપદેશને કહું છું. એમ જે કહ્યું, તે કેમ

ઘટી શકે ? કારણ કે જેઓ સર્વથા પ્રકારે અજ્ઞાની છે, તેઓનું ધર્મોપદેશ આપવાનું સામર્થ્ય વ્યર્થ છે; જેઓ સ્વયંબુદ્ધ હોય છે, તેજ પરને પ્રતિબોધ પમાડી શકે છે, બીજા અજ્ઞાનીઓ પ્રતિબોધ કરી શકતા નથી." આ શંકાનું ગ્રંથકાર સમાધાન કરે છે કે–"ગુરૂકૃપાથી મારામાં પણ કાંઇક જ્ઞાન રહેલું છે, પરંતુ તે જ્ઞાન સ્વલ્પ હોવાથી સર્વજ્ઞપણું ન હોવાને લીધે અસત્ ( અછતા ) જેવું જ છે. સર્વજ્ઞાની તો કેવળી ભગવાન્ જ છે, તેના સિવાય બીજો કોઇ પણ પુરૂષ પૂરૂં પંડિતપણું પામી શકે નહીં; કારણ કે સૂર્ય વિના બીજો મણિ, દીપક વિગેરે કોઇ પણ તેજસ્વી પદાર્થ અખિલ પૃથ્વીના સમસ્ત પદાર્થોના સમૂહને પ્રકાશિત કરી શકતો નથી. તેથી **મૂઢ** શબ્દ લખીને ગ્રંથકારે પોતાના ગર્વના અપહારનો ઉચ્ચાર કર્યો છે તે યોગ્ય જ છે." વળી અહીં બીજી શંકા પણ કોઇને ઉત્પન્ન થાય કે–'હે ભવ્યો ! તમે હિતોપદેશને સાંભળો. એમ કેવળ ભવ્યને ઉદ્દેશીને જ જે કહ્યું, તે પણ અસંગત છે. કારણકે જગતપ્રભુ નિર્વિશેષ બુદ્ધિથી ભવ્ય અને અભવ્ય જીવોની પર્ષદા સમક્ષ વર્ષાઋતુના ઉન્નત જળ ભરેલા મેઘની જેવી ગંભીર, મધુર અને એક યોજન સુધી વિસ્તાર પામતી વાણીવડે સદ્ધર્મનો ઉપદેશ આપે છે, તેમાં ભવ્ય કે અભવ્યનો કાંઇ પણ વિશેષ હોતો નથી.' આ શંકાના સમાધાનમાં ગ્રંથકાર કહે છે કે–'ખરી વાત છે કે ભગવાન ભવ્યાભવ્યના વિશેષ વિના જ ધર્મોપદેશ આપે છે, તોપણ તેમાં આટલું આંતરૂં છે, જે ભવ્ય જીવો છે, તેજ અરિહંતે ઉપદેશ કરેલો જીવરક્ષાદિક નિર્મળ હિતોપદેશ કે જે બીજા સર્વ ધર્મ કરતાં અત્યંત શ્રેષ્ઠ છે અને વિશેષ પ્રકારે મોક્ષસુખને સાધવામાં પટુતર છે, તેનું શ્રવણ કરવામાં અધિકારી છે, અને શ્રવણ કર્યા પછી યથાર્થ સિદ્ધિપુરીના માર્ગને

અનુસરીને સિદ્ધાંત ( આગમ ) માં પ્રતિપાદન કરેલી પવિત્ર ચારિત્રની ક્રિયાઓના સમૂહને સ્વીકારે છે; અને જેઓ અભવ્યો છે, તેઓ સર્વ પ્રાણીઓને હિતકર અરિહંતનું શાસ્ત્ર સમ્યક્ પ્રકારે શ્રવણ કર્યા છતાં પણ એકાંતે તેમાં રૂચિવાળા ( શ્રદ્ધાવાળા ) થતા નથી, તેમજ સમ્યક્ પ્રકારે તપ–સંયમની ક્રિયા આચરતા નથી. તેથી તેઓ ગૌરવને યોગ્ય એવા નાગરિક લોકના વ્યવહારમાં ગ્રામ્ય લોકની જેમ અરિહંતના ધર્મમાં અધિકારી નથી. આ કારણથી તેમની ઉપેક્ષા કરવી એ જ કલ્યાણકારી છે.' વળી સર્વ પ્રાણીઓના ઉપકારકર્તા ભગવાન્ જાતે ઉપદેશક છતાં પણ અભવ્યોના અંતઃકરણમાં સદુપદેશના લેશનો પણ પ્રવેશ નથી થતો તે તેમના અનંતા પૂર્વ ભવોમાં ઉપાર્જન કરેલા અત્યંત દુર્ભેદ્ય પાપોનો જ પ્રભાવ છે એમ જાણવું, પરંતુ નિર્દોષનું પોષણ કરનાર જિનેશ્વરનો તેમાં કાંઇ પણ દોષ નથી. તે વિષે સ્વોપજ્ઞ મેઘદ્વાત્રિંશિકામાં કહ્યું છે કે—

" विश्वत्रातरि दातरि त्वयि समायाते प्रयाते महा—
भीष्मग्रीष्मभरे प्रवर्षति पयःपूरं घन प्रीतिदम् ।
दुःखाच्छुष्यति यद्यवासकवनं पत्रत्रयाच्चाधिका,
यद्वृधिर्न पलाशशाखिनि महत्तत्कर्मदुश्चेष्टितम् ॥ "

" હે મેઘ ! મહા ભયંકર ગ્રીષ્મઋતુ ગયા પછી વિશ્વનું રક્ષણ કરનાર અને દાતાર એવો તું આવીને પ્રીતિ આપનાર એવા જળસમૂહને વરસાવે છે, તે વખતે જો કદાચ દુઃખથી જવાસાનું વન સુકાઇ જાય છે, તથા પલાશ ( ખાખરા ) ના વૃક્ષ ઉપર ત્રણ પાંદડાંથી વધારે પાંદડાં હોતાં નથી, તે તેના મહા દુષ્કર્મનો જ પ્રભાવ છે. "

આ કારણથી ભવ્ય પ્રાણીઓને જ ધર્મ શ્રવણ કરવા આમંત્રણ કર્યું તે યોગ્ય જ કર્યું છે. કહ્યું છે કે—

" संक्रामन्ति सुखेन हि, निर्मलरत्ने यथेन्दुरविकिरणाः ।
भव्यहृदये तथैव हि, विशन्ति धर्मोपदेशभराः ॥ १ ॥ "

" જેમ નિર્મળ રત્ન ઉપર ચંદ્ર સૂર્યનાં કિરણો સારી રીતે સંક્રમે છે, તે જ પ્રમાણે ભવ્ય પ્રાણીઓના હૃદયમાં ધર્મોપદેશના સમૂહો સુખે કરીને પ્રવેશ કરે છે."

હું તીર્થંકરોના ચરણકમળને નમીને હિતોપદેશ કહું છું. તે હે ભવ્યો ! તમે સાંભળો. એ પ્રમાણે આ શ્લોકનો સંબંધ છે. આ રીતે ઈંદ્રવજા છંદવાળા પહેલા કાવ્યનો અર્થ થયો. આ આખા ગ્રંથમાં મૂળ શ્લોકો ઈંદ્રવજા છંદવાળા જ છે. ૧

३ २ १ ६ ६ ४ ५
**सेविज्ज सव्वन्नुमयं विसालं, पालिज्ज सीलं पुण सव्वकालं ।**
१० ११ ८ ९ १४ १२ १३
**न दिज्जए कस्स वि कूडआलं, छिंदिज्ज एवं भवदुक्खजालं ॥२॥**

**મૂળાર્થ**:—વિશાળ એવા સર્વજ્ઞના મતનો આશ્રય કરવો, તથા સર્વદા શીલ પાળવું, તથા કોઈને પણ કૂટ ( ખોટું ) આળ ન દેવું, એ પ્રમાણે કરવાથી ભવદુઃખના સમૂહને પ્રાણી છેદે છે. ૨

**ટીકાર્થ**—હિતોપદેશનો ક્રમ આ પ્રમાણે છે.—" વિશાળ " એટલે વિસ્તીર્ણ અથવા સર્વ બીજાં શાસનો કરતાં સર્વોત્કૃષ્ટતાએ કરીને જે શોભે તે વિશાળ કહેવાય છે. એવા " સર્વજ્ઞના મતને "— ભૂત, વર્તમાન અને ભાવી વસ્તુતત્ત્વના સમૂહને દ્રવ્ય અને પર્યાયથી જે જાણે તે સર્વજ્ઞ કહેવાય છે, તેના " મતને"—શાસનને " સે-

વવું "—આશ્રય કરવો; કારણ કે સર્વજ્ઞના શાસનની સેવા રૂપ મુખ્ય ધનની વૃદ્ધિ વિના અસંખ્ય દુઃખસમૂહને પ્રાપ્ત કરાવનાર પાપસમૂહથી ઉત્પન્ન થયેલ અત્યંત દુર્ગતિ અને ભયંકર દારિદ્રયરૂપ ઉપદ્રવનો કદાપિ ક્ષય થતો નથી. 'વિશાળ રત્નાકર ( સમુદ્ર ) ની સેવા કોઇ વખત પણ નિષ્ફળ થતી નથી.' તથા નિરંતર શીળ પાળવું. સર્વજ્ઞ મતની સેવાનું એ જ મુખ્ય ફળ છે કે સાધુઓએ અને શ્રાવકોએ શ્રદ્ધાપૂર્વક સર્વદા સુશીલપણે રહેવું. કદી પણ નિશ્ચળ અને નિર્મળ શીલમાં શિથિલતા કરવી નહીં. ચેતનાવંત પ્રાણીઓએ " આજે મારો આત્મા ભલે છુટો રહે, કાલે નિયમ અને કષ્ટાનુષ્ઠાનાદિકનું હું પાલન કરીશ. " એ પ્રમાણે કદી પણ ચિત્તમાં ચિંતવવું નહીં; કેમકે કાલની કોને ખબર છે. દ્રઢ ધર્મવાળાઓનાં જીવિતનું મુખ્ય ફળ એ જ છે કે રોહિણી વિગેરેની જેમ નિષ્કલંક શીળ પાળવું. તથા કોઇને પણ કૂટ આળ–ખોટું કલંક દેવું નહીં. આ પ્રમાણે કરવાથી જંતુ–પ્રાણી સંસારના દુઃખજાળને છેદે છે–છેદી શકે છે. અહીં મૂળ શ્લોકમાં જંતુ શબ્દ કહ્યો નથી, તો પણ તેનો કર્તા તરીકે અધ્યાહાર જાણવો. સંસારના દુઃખરૂપી જાળ એટલે જાળના જેવી જાળ જાણવી. જેમ જાળમાં પડેલ મત્સ્ય અત્યંત દુઃખી થાય છે અને તેને છેદીને જ્યારે બહાર નીકળે છે ત્યારે સુખી થાય છે–તે વિના સુખી થતો નથી, તે જ પ્રમાણે આ જંતુ પણ ભવજાળને છેદવાથી જ સુખી થાય છે, પણ અસત્ એવા ઘણા વિકલ્પોથી યુક્ત અને પ્રબળ આળજાળથી ભરેલા અન્ય મતની સેવારૂપ પ્રયત્નો કરવાથી ખરૂં સુખ મળતું નથી. આમ કહેવાથી શ્રી જિનમતનું આરાધન કરનાર મનુષ્યને જ આત્યંતિક અને અનંત સુખસમૂહની પ્રાપ્તિ થાય છે એમ કહ્યું; –તથા આ કાવ્યમાં ઉત્તરોત્તર સુખનો લાભ દેખાડ્યો છે, એટલે કે

જેનું ચિત્ત જિનમતમાં આસક્ત હોય છે તે મનુષ્યને ઉજ્વળ શીળ પાળવાથી વિશ્વમાં અત્યંત પ્રશંસનીયપણું પ્રાપ્ત થાય છે. અને જો શીળને ધારણ કરે છે તો તે અવશ્ય બીજાને કલંક આપનાર થતો નથી. વળી તેથી કરીને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થવાને લીધે તેની મૃષા ભાષાથી નિવૃત્તિ પણ સિદ્ધ થાય છે. આ પ્રમાણેની ડાહ્યા પુરૂષોને હિતશિક્ષા દેવી તે શ્રેયકારી છે. આ શ્લોકના બીજા પાદમાં અદ્વૈત, અત્યંત અને નિર્મળ એવા શીળ ગુણને પ્રગટ કર્યો છે. પુરૂષે પોતાની પરણેલી સિવાય અન્ય સર્વ સ્ત્રીઓનો નિરંતરને માટે ત્યાગ કરવો, અને સ્ત્રીએ પરણેલા પતિ સિવાય અન્ય સર્વ પુરૂષવર્ગનો સર્વદા નિષેધ કરવો તે શીલ કહેવાય છે. પહેલા પાદમાં સર્વજ્ઞના મતની સેવા કરવાનો ઉપદેશ કહ્યો, અને ત્યાર પછી શીળ પાળવાનું કહ્યું, તે સુવર્ણની મુદ્રિકામાં રત્નની યોજનાની જેમ યોગ્યજ છે; કેમકે શ્રી જિનમતનું આરાધન સર્વ મતોમાં શ્રેષ્ઠ છે, તેની આરાધના કરનાર શ્રાવક પુણ્યની પ્રભાવના કરતો છતો જો શીલ યુક્ત હોય તો તે અત્યંત પ્રશંસાના સ્થાનને પામે છે. હવે ત્રીજા પાદનું તાત્પર્ય એ છે જે પૂર્વે બીજા પાદમાં સર્વદા શીળ પાળવાનું કહ્યું; માટે જો શીળવાન્ પુરૂષ કોઇને ખોટું કલંક ન આપે તો તે યુક્તજ છે; કેમકે શીળવાળાને મિત ને હિત બોલવાથી અત્યંત શોભા પ્રાપ્ત થાય છે. તેથી કોઇને ખોટું કલંક દેવું નહીં. આ શ્લોકમાં જિનમતની સેવા ઉપર કેશરી ચોરનું, શીલ ઉપર રોહિણીનું અને કૂટ કલંક ઉપર વૃદ્ધા સ્ત્રીનું એમ ત્રણ દૃષ્ટાંત ટીકામાં અનુક્રમે વિસ્તારથી અસરકારક રીતે આપેલાં છે. ૨

**पयासियव्वं न परस्स छिद्दं, कम्मं करिज्जा न कयाऽवि रुद्दं ।**
**मित्तेण तुल्लं च गणिज्ज खुद्दं, जेणं भविज्जा तुह जीव भद्दं ॥३॥**

**મૂળાર્થ**—પરનું છિદ્ર પ્રકાશિત કરવું નહિ, ક્રૂર કર્મ કદાપિ કરવું નહીં, તથા ક્ષુદ્ર માણસને પણ મિત્ર તુલ્ય ગણવો, જેથી કરીને હે જીવ ! તારૂં કલ્યાણ થાય. ૩

**ટીકાર્થ**—પૂર્વ શ્લોકના ત્રીજા પાદમાં કલંક આપવાનો સર્વથા નિષેધ કર્યો, ત્યારપછી પરના છિદ્રની ગવેષણા કરવી, તે પણ અયોગ્ય છે એમ કહ્યું. જે પુરૂષ અન્ય જન ઉપર કલંકનું આરોપણ નહીં કરે, તે પરના છિદ્રની ગવેષણા પણ કરશે નહીં. આ ત્રીજા કાવ્યની વ્યાખ્યા કરતાં કહે છે કે—પરનું છિદ્ર એટલે પારકા દોષની પ્રગટતા કોઇની પાસે કરવી નહીં. તેમાં પણ ધર્મના દાતાર એવા ગુરૂનાં અકલ્યાણકારક—પાપકારક છિદ્રો કદાપિ જોવાં નહીં. તે વિષે શ્રીદશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે—

"**एवं तु अगुणप्पेही, गुणाणं च विवज्जउ ।**
**तारिसो मरणंतेऽवि, नाराहेइ संवरं ॥**
**बहुं सुणेइ कन्नेहिं, बहुं अच्छीहिं पिच्छइ ।**
**न य दिट्ठं सुयं सव्वं, भिक्खु अक्खाउमरिहइ ॥**

"જે બીજાના દોષને જોનાર હોય, અને ગુણોને વર્જનાર હોય, તેવો સાધુ મરણાંતે પણ સંવરની આરાધના કરી શકતો નથી. ભિક્ષુ—મુનિ પોતાના કર્ણવડે ઘણું સાંભળે છે, અને નેત્રવડે ઘણું જુએ છે, પરંતુ જેટલું જુએ અને જેટલું સાંભળે તેટલું સર્વ કહેવાને—પ્રકાશ કરવાને યોગ્ય હોતું નથી."

**તથા**—"**संतेहिं असंतेहिं**" એટલે કોઇના છતા અથવા અછતા દોષોને જોઇને પ્રગટ કરવા નહીં વિગેરે. આ પ્રમાણે જાણીને

ગુરૂના ગુણોજ ગ્રહણ કરવા, પરંતુ દોષોને ગ્રહણ કરવા નહીં. જે કોઇ માતૃમુખ ( બાયલો ) અને દુર્મુખ એવો પુરૂષ પરના દોષો પ્રકાશે છે, તે અનાર્ય સંગમ સ્થવિરના શિષ્ય દત્તની જેમ દુઃખનો ભાગી થાય છે.

તથા રૌદ્ર—ક્રૂર કર્મ કરવું નહીં તથા ક્ષુદ્ર એટલે દુષ્ટ માણસને પણ મિત્ર તુલ્ય ગણવો. આ રીતે કરવાથી હે જીવ! તારૂં ભદ્ર—કલ્યાણ થશે. આ શ્લોકના પહેલા પાદમાં પર છિદ્રને પ્રકાશ કરવાનો નિષેધ કર્યો, તે ત્યારે જ ઘટી શકે કે જ્યારે રૌદ્ર—ઘોર કર્મ ન કરાય. તેથી કરીને બીજા પાદમાં રૌદ્ર કર્મ ન કરવું એમ કહ્યું. એટલે કે ધર્મી માણસે કદાપિ પણ રૌદ્ર—ભયંકર કાર્ય કરવું નહીં. દુઃખને આપનાર એવું કર્મ કરવાથી જેનો અંત ન આવી શકે એવા સેંકડો પાપની પ્રાપ્તિ થાય છે, તેથી એવું કર્મ કલ્યાણની ઇચ્છા રાખનાર પ્રાણીએ કરવું નહીં. ઘોર કર્મનું વર્જવું પણ ક્ષુદ્ર પ્રાણીઓની સાથે વૈરભાવ ન રાખવાથી, તેમના હિત ચિંતવનથી તથા તેમની સાથે મૈત્રીભાવ રાખવાથીજ થઇ શકે છે. આ હેતુથીજ આ શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું છે કે ક્ષુદ્રને—દુષ્ટને પણ એટલે અત્યંત અપકાર કરનારને પણ મિત્રની તુલ્ય ગણવો, એટલે કે પરમ ઉપકારી હોય તેવો જાણવો. દુષ્ટને વિષે પણ અનિષ્ટનું આચરણ કરવું નહીં, કે જેથી સમતાના આલંબનવડે કરીને હે જીવ! તારૂં મોક્ષની પ્રાપ્તિ રૂપ કલ્યાણ થઇ શકે. આ ત્રીજા શ્લોકનું તાત્પર્ય છે. આ શ્લોકમાં પરછિદ્ર જોવાનું વર્જવા ઉપર દત્તની, રૌદ્ર કર્મના નિષેધ ઉપર ઉજ્ઝિત કુમારની અને ક્ષુદ્ર જીવ સાથે પણ મૈત્રીભાવ રાખવા ઉપર સમરવિજય તથા કીર્તિચંદ્રની કથા છે. આ કથામાં **સમરવિજય** નામના મોટાભાઇએ

**કીર્તિચંદ્ર** નામના નાના ભાઇને દ્વેષને લીધે મારવાના ઘણા ઉપાય કર્યા છે, પરંતુ પુણ્યપ્રકૃતિને લીધે કીર્તિચંદ્ર તેમાં બચી ગયો અને છેવટ ગુરૂના ઉપદેશથી તેણે દીક્ષા ગ્રહણ કરી. તે સ્થિતિમાં પણ સમરવિજયે પોતાની દુષ્ટતા તજી નહીં અને નાના ભાઇ મુનિને ઘણા ઉપસર્ગ કર્યા. છેવટે તે દુષ્ટે મુનિ ઉપર ખડ્ગનો પ્રહાર કર્યો, તો પણ મુનિએ પૃથ્વીપર પડી ગયા છતાં ક્ષમાજ ધારણ કરી રાખી. તે વખતે મુનિએ પોતાના આત્માને ઉપદેશ આપ્યો કે–"હે જીવ ! દુષ્ટ દુ:ખોથી કંપતા એવા તેં પરવશપણે નર, તિર્યંચ અને નરકને વિષે ભ્રમણ કરતાં ક્યાં ક્યાં તીવ્ર દુ:ખો સહન નથી કર્યા ? અજ્ઞાનના વશમાં પડેલો તું અષ્ટ કર્મરૂપી દુષ્ટ શત્રુઓવડે ઘણીવાર હણાયો છે, માટે હે ધીર ! તું મનમાં વિષાદ ન કરીશ. શીઘ્રપણે ક્ષમાગુણને ધારણ કરજે. મોટા ઉદધીને તરી ગયા પછી સુખે તરી શકાય એવા નાના ખાબોચીઆમાં કયો પંડિત ડૂબે ? માટે હે જીવ ! શત્રુ ઉપર પણ પ્રસન્નતા ધારણ કરીને હિંસા અને દ્વેષનો ત્યાગ કર, અતિ દુર્દમ એવા મનનું દમન કરી સમગ્ર પ્રાણીઓપર દ્વેષભાવનો ત્યાગ કર, મનમાં અક્રૂર ભાવને ધારણ કર, માયા શલ્ય અને નિદાન શલ્યનો ત્યાગ કર, સર્વ પ્રાણીઓ પર સમતાભાવને ધારણ કર અને સમરવિજયના ગુણને વિશેષે કરીને ગ્રહણ કર." ઈત્યાદિ શુભ ભાવના ભાવીને કીર્તિચંદ્ર મુનિ સદ્‌ગતિને પામી ત્યાંથી ચ્યવી વિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ ચારિત્ર આરાધી મોક્ષે ગયા વિગેરે હકીકત આવે છે. ૩

ધર્મના અર્થી સાધુઓ તથા શ્રાવકોને પણ દીર્ઘદર્શી થવું યોગ્ય છે; કેમકે વ્યાધિ આવ્યા પહેલાં જો આત્મહિત સાધી લેવાય તો તે અતિ શ્રેષ્ઠ છે. અત્યંત દુર્ધર એવું પાણીનું પૂર પ્રસરે ત્યાર-

પછી પાળ બાંધવી નિષ્ફળ છે, તે વખતે પાળ બંધાતી નથી અને પાણી રહેતું નથી. તેજ પ્રમાણે દુર્ધર એવા વ્યાધિઓનું આગમન જાણીને જો કલ્યાણમાર્ગનું આચરણ કરાય તો પણ સારૂં છે. તે ઉપર અહીં ઉપદેશ આપેલો છે.

ત્રીજા કાવ્યને અંતે જીવને ભદ્રની પ્રાપ્તિ કહી, તે ભદ્રની પ્રાપ્તિ દીર્ઘદર્શીને થઇ શકે છે, તેથી કરીને તે દીર્ઘદર્શીપણાનો જ ઉપદેશ આપે છે:—

**रोगेहि सोगेहि न जाव देहं, पीडिज्जए वाहिसहस्सगेहं ।**
**तावुज्जया धम्मपहे रमेह, बुहा मुहा मा दियहे गमेह ॥ ४ ॥**

**મૂળાર્થ**—હે ડાહ્યા પુરૂષો! હજારો વ્યાધિઓનાં ઘર રૂપ આ શરીર જ્યાં સુધી રોગ અને શોકે કરીને પીડા પામ્યું નથી, ત્યાં સુધીમાં ઉદ્યમવંત થઇને તમે ધર્મમાર્ગમાં ક્રીડા કરો (વિચરો—ધર્મ કરો.) દિવસોને નકામા ન ગુમાવો. ૪.

**ટીકાર્થ**—રોગ—વાત, પિત્ત, કફ અને શ્લેષ્મથી થતા વ્યાધિઓવડે તથા પિતા, પુત્ર અને ભ્રાતા વિગેરેના મરણથી ઉત્પન્ન થયેલા શોકોવડે જ્યાં સુધી આ દેહ એટલે કર્મવડે આત્મા જેનાથી લેપાય છે એવું આ શરીર, કે જે હજારો વિશેષ પ્રકારની આધિનું—મનની પીડાનું તથા વ્યાધિનું—ક્ષયાદિક રોગોનું ઘર છે—સ્થાન છે, તે શરીર જ્યાં સુધીમાં વિશેષ પીડા પામ્યું નથી, ત્યાંસુધીમાં હે ડાહ્યા પુરૂષો! તમે ઉદ્યમવંત થઇને—ઉદ્યમ કરનારા થઇને ધર્મમાર્ગમાં રમણ કરો. ફોગટ દિવસો ગુમાવો નહીં. અહીં બુદ્ધિમાનજ ઉપદેશને લાયક છે, પણ મૂર્ખ માણસ તેને લાયક નથી, તેથી તેઓને જ સંબો-

ધીને કહ્યું છે, હિતોપદેશ પણ તેમને જ કહેવાય છે. તે વિષે વાચક મુખ્યે કહ્યું છે કે—

“ न भवति धर्मः श्रोतुः, सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्ध्या, वक्तुस्त्वेकान्ततो भवति ॥ ”

“ સર્વ શ્રોતાઓને હિતોપદેશનું શ્રવણ કરવાથી એકાંતપણે ધર્મની પ્રાપ્તિ થતી નથી, પરંતુ અનુગ્રહ બુદ્ધિથી કહેનારા એવા વક્તાને તો એકાંતપણે ધર્મની પ્રાપ્તિ થાય છેજ.” આ કારણથી અહીં બુધ શબ્દનો પ્રયોગ કર્યો છે.

ફરીથી પણ દીર્ઘદર્શીપણું જ ઉત્તમ છે એમ કહેવાને માટે પાંચમું કાવ્ય કહે છે.—

**जया उदिण्णो नणु कोऽवि वाही, तया पणट्ठा मणसो समाही ।**
**तीए विणा धम्ममई वसिज्जा, चित्ते कहं दुक्खभरं तरिज्जा ॥५॥**

**મૂળાર્થ**—જ્યારે નિશ્ચયથી કોઈ પણ ( ઉગ્ર ) વ્યાધિ ( શરીરમાં ) ઉત્પન્ન થાય છે, ત્યારે મનની સમાધિ ( અવશ્ય ) નાશ પામે છે. હવે વિચારો કે–મનની સમાધિ વિના ચિત્તમાં ધર્મની બુદ્ધિ શી રીતે નિવાસ કરે ? અને દુ:ખનો સમૂહ શી રીતે તરી શકાય ? અર્થાત્ દુ:ખનો નાશ શી રીતે થઈ શકે ? ૫.

**ટીકાર્થ**—જ્યારે એટલે કોઇ પણ વખત નિશ્ચયે કરીને કોઇ પણ વ્યાધિ શરીરમાં ઉત્પન્ન થાય, તે જ વખતે ચિત્તની સમાધિ–સ્વસ્થતા જરૂર નાશ પામી જાય છે એમ જાણવું, અર્થાત્ વ્યાધિ ઉત્પન્ન થયે મનની સમાધિ ક્યાંથી હોય ? અને તે સમાધિ વિના

મનમાં ધર્મબુદ્ધિ શી રીતે વસે-રહે ? તથા દુઃખનો સમૂહ પણ જીવ શી રીતે તરી-ઓળંગી શકે ? કોઈ પણ પ્રકારે તરી શકે નહીં. જે વખતે કોઇ પણ રોગની ઉત્પત્તિ શરીરમાં થાય છે, તે જ વખતે ચિત્તની સ્વસ્થતા નાશ પામે જ છે, અને ચિત્તની સ્વસ્થતા વિના ધર્મબુદ્ધિ વૃદ્ધિ પામતી નથી, અને ધર્મ વિના જીવને કેવળ સુખનો અભાવ-દુઃખ જ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે એક બીજાને એક બીજાનો આશ્રય છે. જેમ સનત્કુમાર ચક્રવર્તીને પોતાના શરીરમાં વ્યાધિનો ઉદ્ભવ થયો છે એવું દેવ પાસેથી સાંભળતાં જ સુંદર વૈરાગ્યનો રંગ પ્રગટ થયો અને ચારિત્ર ગ્રહણ કર્યું તેમ અન્ય પંડિત પુરૂષોએ પણ તરત જ સ્વહિતનું આચરણ કરવું. આ વિષય ઉપર ચોથા ચક્રવર્તી શ્રી સનત્કુમારની કથા વિસ્તારથી આપી છે. તેમાં શ્રી સનત્કુમારના શરીરની સુંદરતાનું વર્ણન શક્ર ઈંદ્રના મુખથી શ્રવણ કરીને તેને નહીં માનનારા બે દેવતાઓ બ્રાહ્મણને રૂપે આવી તેનું તેવું જ ઉત્કૃષ્ટ સ્વરૂપ સ્નાન વેળાએ જોઈ આશ્ચર્ય પામ્યા. ત્યારપછી ચક્રીના કહેવાથી રાજસભામાં સર્વ વસ્ત્રાલંકારથી ભૂષિત એવા તેને જોવા આવ્યા; પરંતુ તે વખતે તેમણે પૂર્વ સ્થિતિ ન જોવાથી માથું ધુણાવ્યું. તેનું કારણ પૂછતાં તેમના શરીરમાં અનેક વ્યાધિઓ ઉત્પન્ન થઈ ગયેલા હોવાથી તેની સર્વ શોભા નષ્ટ થઇ ગઇ છે એમ અવધિજ્ઞાનવાળા દેવોના કહેવાથી ચક્રીએ જાણ્યું; એટલે નાશ પામેલી શરીરની સુંદરતા જોઇને ચક્રીનું અભિમાન નાશ પામ્યું, તેણે વિચાર્યું કે—" એક ક્ષણમાં આટલું બધું રૂપ નાશ પામ્યું તો વર્ષો ગયા પછી તો તે કેવું થશે ? તેનું અનુમાન પણ થઇ શકતું નથી. આવા ક્ષણભંગુર શરીરને માટે મેં પ્રાણીસમૂહનો નાશ કરી શું શું પાપ નથી ઉપાર્જન કર્યું? જો આવા શ્રેષ્ઠ શરીરની પણ આવી દશા

થાય છે, તો રાજ્યાદિકની સ્થિતિની તો શી આશા રાખવી ? આ દેહે કરીને મેં અન્યનાં કાર્યો જ કર્યા છે, આત્માને અર્થે કાંઇ પણ કાર્ય કર્યું નથી. મેં પૂર્વ જન્મમાં જે પુણ્યકાર્ય કર્યું હશે, તે સર્વ નષ્ટ થઈ ગયું—ભોગવાઇ ગયું. હવે જો નવું સત્કાર્ય નહીં કરૂં, તો આ શરીર વ્યાધિઓવડે વ્યાપ્ત થયા પછી મારાથી ધર્મ કરી શકાશે નહીં, અને તેથી કરીને મારો આ મનુષ્યભવ વ્યર્થ જશે, અને સુકૃત કર્યા વિના જ મરણ પામવું પડશે. વળી મારી કાયા સુંદર ભોગ ભોગવવામાં અસમર્થ થશે, અને તેથી બીજાઓને ભોગ ભોગવતા જોઇને મારા મનમાં ઈર્ષ્યા તથા વિષાદ ઉત્પન્ન થશે, અને તેથી વિશેષ ચિંતાતુર થવાને લીધે મનનું સુખ પણ નાશ પામશે. જે જીવ વિષ્ટા મૂત્રમય સ્ત્રીના જઠરમાં ઉત્પન્ન થઇને વીર્ય તથા શોણિતનું ભક્ષણ કરી વૃદ્ધિ પામે છે, તે જીવ કાગડાની જેમ સ્નાનાદિકવડે શોભાને તથા પવિત્રતાને વાંછે છે તે કેવું આશ્ચર્ય છે? મોક્ષના સાધન રૂપ આ કાયાએ કરીને જે મનુષ્ય ધર્મરૂપી ધનનો ત્યાગ કરે છે, ધર્મધનને ઉપાર્જન કરતો નથી, તે એક પથ્થર માટે ચિંતામણિ રત્નનો ત્યાગ કરે છે, તૃણને માટે કલ્પવૃક્ષને આપી દે છે, અને કણને માટે કામધેનુને આપી દે છે એમ જાણવું.” ઇત્યાદિ શુભ વિચાર કરીને તેણે તરતજ રાજ્યપર પોતાના પુત્રને સ્થાપન કરી પોતે દીક્ષા ગ્રહણ કરી, અસામાન્ય નિર્મમતા ધારણ કરી, અને સદ્ગતિની પ્રાપ્તિ કરી, વિગેરે અસરકારક વૃત્તાંત વર્ણવ્યું છે.

જેનું ચિત્ત વિરક્ત હોય છે તેજ સર્વદા સુખી હોય છે, અને તેથી અન્ય પ્રકારના મનુષ્ય મહા દુઃખી હોય છે, તે ઉપર પૂર્વ કાવ્યના અર્થના સંબંધવાળું છઠું કાવ્ય કહે છે:—

**विरत्तचित्तस्स सयाऽवि सुक्खं, रागाणुरत्तस्स अईव दुक्खं ।**
**एवं मुणित्ता परमं हि तत्तं, नीरागमग्गम्मि धरेह चित्तं ॥ ६ ॥**

**મુળાર્થ**—જેનું ચિત્ત વિરક્ત હોય તેને સર્વદા સુખ છે, અને જે રાગમાં આસક્ત હોય તેને અત્યંત દુઃખ છે. આ પ્રમાણે ઉત્તમ તત્ત્વને જાણીને અવશ્ય વીતરાગમાર્ગમાં ચિત્તને ધારણ કરવું. ૬

**ટીકાર્થ**—જેનું ચિત્ત-આત્મા વૈરાગ્યને પામેલ હોય,તેને નિરંતર સુખજ છે, અને જેનો આત્મા રાગ-વિષયથી રંગાયેલ હોય તેને અત્યંત દુઃખજ છે, એટલે કે તે હમેશાં દુઃખીજ રહે છે. આ પ્રમાણે ઉત્તમ તત્ત્વને જાણીને નીરાગમાર્ગમાં-નિઃસંગ માર્ગમાં હે ભવ્યો ! તમે ચિત્તને ધારણ કરો. આ વિષયને દ્રઢ કરવા માટે જિનપાલિત અને જિનરક્ષિતની કથા આપી છે અને છેવટ કથાનો ઉપનય પણ સ્પષ્ટ રીતે ઉતાર્યો છે.

જે આવાં અકાર્યને કરે તે સંસારના પારને પામતા નથી તે ઉપર સાતમું કાવ્ય કહે છે. પૂર્વ કાવ્યમાં સરાગતાના દોષ અને નીરાગતાના ગુણો કહ્યા, તે સરાગતાનું મૂળ પરિગ્રહ છે, તે પરિગ્રહનો ત્યાગ કરવો અશક્ય છે, માટે તેનો ત્યાગ કરનારા સંસારરૂપી અટવીના પારને પામે છે. એ અર્થને સૂચન કરનાર કાવ્ય કહે છે:—

**परिग्गहारंभभरं करंति, अदत्तमन्नस्स धणं हरंति ।**
**धम्मं जिणुत्तं न समायरंति, भवन्नवं ते कहमुत्तरंति ॥ ७ ॥**

**મૂળાર્થ**—જેઓ પરિગ્રહ તથા આરંભના સમૂહને કરે છે, બીજાનું અદત્ત ધન હરણ કરે છે અને જિનેશ્વરે કહેલા ધર્મનું આ-

ચરણુ કરતા નથી, તેઓ સંસારસમુદ્રને શી રીતે ઉતરે ? સંસારના પારને કેમ પામે? ૭.

**ટીકાર્થ**—જે ચોતરફથી ગ્રહણ કરાય તે પરિગ્રહ કહેવાય છે અને જે પાપકાર્ય કરાય તે આરંભ કહેવાય છે. પરિગ્રહ વિના આરંભ થઈ શકતો નથી અને આરંભ કર્યા વિના પરિગ્રહની પ્રાપ્તિ થતી નથી. તેથી આ બંન્ને પાપનું મૂળ છે એમ જાણવું. તેવા પરિગ્રહ અને આરંભના સમૂહને જે મનુષ્યો કરે છે—સેવે છે, તથા જેઓ બીજાનું નહીં આપેલું સુવર્ણ, રૂપું વિગેરે ધન હરે છે—ચોરે છે, તેઓ સંસારસમુદ્રના પારને પામી શક્તા નથી. આવાં અકૃત્યો કરનાર પણ જો પછીથી જિનેશ્વરભાષિત ધર્મનો આશ્રય કરે છે તો સિદ્ધિરૂપી પ્રાસાદમાં નિવાસ કરવાને યોગ્ય થઈ શકે છે; તેમાં કાંઈ પણ સંદેહ નથી. કેમકે ચિલાતિપુત્ર, દ્રઢપ્રહારી વિગેરે અનેક જનોએ પૂર્વે અકાર્ય કરેલું હતું છતાં પણ પાછળથી પ્રબોધ પામેલા સંભળાય છે; પરંતુ જેઓ પરિગ્રહ તથા આરંભમાં તત્પર અને પરધનને હરણ કરનારા થયા હોય છતાં પાછળથી પણ તેને તજીને જિનેશ્વરે કહેલા ધર્મને સેવે નહીં, તો તેઓ સંસારરૂપી સમુદ્રને શી રીતે તરી શકે ? તાત્પર્ય એ છે જે—ગૃહસ્થાશ્રમીઓ ઘણા પરિગ્રહને ધારણ કરે છે, તથા કર્મના વશથી પારકી અદત્ત વસ્તુનો સ્વીકાર કરે છે, પરંતુ છેવટે જો તેઓ તેને તજીને જિનભાષિત ધર્મને સેવે છે તો તેઓ સંસારસમુદ્રના પારને પામે છે. આ વિષય ઉપર શશી તથા સૂરની કથા આપેલી છે. ૭

જેઓ પરિગ્રહ, આરંભ તથા અદત્તને સેવનાર હોય છે અને છેવટ સુધી શ્રી સર્વજ્ઞની આજ્ઞાથી વિમુખ રહે છે, તેઓ સંસારમાં

પ્રમાણ કર્યા કરે છે. એમ પૂર્વ કાવ્યમાં વ્યતિરેક દૃષ્ટાંતવડે કહ્યું. હવે તેજ હકીકત અન્વય દ્વારવડે કરીને કહે છે.

**आणं जिणाणं सिरसा वहंति, घोरोवसग्गाइ तहा सहंति ।**
**धम्मस्स मग्गं पयडं कहंति, संसारपारं नणु ते लहंति ॥८॥**

**મૂળાર્થ**—જેઓ જિનેશ્વરની આજ્ઞાને મસ્તકે ધારણ કરે છે, તથા ઘોર ઉપસર્ગોને સહન કરે છે, તથા ધર્મના માર્ગને પ્રગટ રીતે કહે છે, તેઓ અવશ્ય સંસારના પારને પામે છે. ૮

**ટીકાર્થ**—જે માણસો જિનેશ્વરોની–તીર્થંકરોની આજ્ઞાને–આદેશને મસ્તકવડે વહન કરે છે, તથા જેઓ ઘોર–ઉગ્ર એવા ઉપસર્ગોને સહન કરે છે, અને ધર્મના માર્ગને પ્રગટ એટલે નિષ્કપટપણે કહે છે, તેઓ નિશ્ચે સંસારના પારને પામે છે. આ કાવ્યમાં પહેલા ત્રણ પાદવડે સંસારના પારને પામવાનો ત્રણ પ્રકારનો ઉપાય બતાવ્યો છે, એટલે કે આ ત્રણ પ્રકારે કરીને અનેક ભવ્યો સિદ્ધિને પામ્યા છે. જેઓ જિનેશ્વરની આજ્ઞાને અનુસરીને જ ઘોર ઉપસર્ગને સહન કરે છે, તેઓ જ સિદ્ધિસુખને ભોગવનારા હોય છે; પરંતુ સર્વજ્ઞની આજ્ઞાથી વિમુખ થઇને બાળ તપસ્વિની જેમ ઘણે પ્રકારે અનિષ્ટ એવા કાયકષ્ટોને સહન કરે તો પણ તેથી સિદ્ધિસુખ પ્રાપ્ત થતું નથી; તથા સદ્ધર્મના માર્ગને પ્રગટપણે કહેનારા ઘણા જીવો સિદ્ધિસુખને પામ્યા છે. આ પ્રકારના આચારને આચરનાર મનુષ્યો જ સંસાર-સાગરનો પાર પામી જાય છે, એ અહીં ભાવાર્થ છે. જેઓ પ્રથમથી જ જિનાજ્ઞાના આરાધક હોય છે, તેઓ સહેલાઇથી સિદ્ધિનું સુખ સાધી શકે છે એમાં કાંઇપણ આશ્ચર્ય નથી, ઉપરાંત જેઓ જન્મથી

ઘોર કર્મ કરનારા હોય, પરંતુ પછીથી તેને તજીને શ્રીજિનાજ્ઞાને ધારણ કરનારા થાય, તેમજ ત્યારપછી તીવ્ર ઉપસર્ગોને સહન કરી જીવિતને પૂર્ણ કરે, તેઓ પણ સિદ્ધિસુખને પામે છે એ આશ્ચર્ય છે; એટલે કે તેઓ પણ શ્રી ભરતાદિકની જેમ કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીને ભોગવનાર સંભળાય છે. અહીં પ્રથમના બે પાદ ઉપર અર્જુનમાળીનું દૃષ્ટાંત આપેલું છે.

જેઓ ધર્મના માર્ગને પ્રગટપણે એટલે નિષ્કટપણે પ્રદર્શિત કરે છે તેઓ સંસારના પારને પામે છે. તે વિષે કહ્યું છે કે—

" उम्मग्गदेसणाए, मग्गं नासंति जिणवरिंदाणं ।
वावन्नदंसणा खलु, न हु लब्भा तारिसा दट्ठुं ॥
फुडपागडमकहंतो, जहट्ठियं बोहिलाभमुवहणइ ।
जह भगवओ विसालो[1], जरमरणमहोअही आसि ॥ "

" જેઓ ઉન્માર્ગની દેશનાવડે કરીને જિનેંદ્રોના માર્ગનો નાશ કરે છે, તેઓનું સમકિત નષ્ટ થાય છે, તેવાઓની સામું જોવું પણ યોગ્ય નથી. જેઓ સ્ફુટ–પ્રગટપણે યથાસ્થિત તત્ત્વને કહેતા નથી, તેઓ બોધિલાભ ( સમકિત ) ને હણે છે. ભગવાન્ મહાવીરસ્વામીને પૂર્વભવમાં અન્યથા પ્રરૂપણા કરવાથી જન્મ, જરા, મરણરૂપ સંસાર-સાગર વિશાળ ( એક કોડાકોડી સાગરોપમનો ) થયો હતો. આ વિષય ઉપર શિવભદ્ર અને શ્રીયકની કથા આપેલી છે. ૮

જ્યારે અસત્ય ભાષા બોલવામાં ન આવે, ત્યારેજ ધર્મમાર્ગ પ્રગટ કહી શકાય છે. આ બન્નેનો પરસ્પર સંબંધ છે. તેજ કહે છે—

---

१ **विसालो—वैशालिकः**—વિશાળાના સ્વામી ચેડારાજાના ભાણેજ હોવાથી વૈશાલિક તે મહાવીર સ્વામી. આવો અર્થ પણ થાય છે.

३ २ १ ६ ७ ४ ५
भासिज्जए नेव असच्चभासा, न किज्जए भोगसुहे पिवासा।
११ १० ८ ९ १३ ४ १५ १२ १६
खंडिज्जए नेव परस्स आसा, धम्मो य कित्ती इय सप्पयासा ॥९॥

**મૂળાર્થ**—અસત્ય ભાષા બોલવી નહીં, ભોગસુખને વિષે તૃષ્ણા રાખવી નહીં, પરની આશા ખંડન કરવી નહીં. એ રીતે કરવાથી ધર્મ અને કીર્તિ પ્રકાશમાન થાય છે. ૯

**ટીકાર્થ**—ભાષાવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને જે મૂકવા તે ભાષા કહેવાય છે. સત્પુરૂષને હિતકારક જે હોય તે સત્ય કહેવાય છે. તેનાથી વિપરીત જે હોય તે અસત્ય કહેવાય છે. વચન સત્ય જ બોલવું જોઇએ. મોટા સંકટમાં પણ કદાપિ અસત્ય બોલવું ન જોઇએ. તેમાં પણ ધર્મના વિષયમાં તો લેશ પણ કાલિકાચાર્યની જેમ અસત્ય બોલવું ન જોઇએ. સિદ્ધાંતમાં ભાષાનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે—“ ગૌતમસ્વામી ભગવાનને પૂછેછે કે–‘હે ભગવન્! સત્ય ભાષા કેટલા પ્રકારની કહી છે?’ જવાબ–દશ પ્રકારની છે, તે આ પ્રમાણે—

“ जणवय१संमय२ठवणा३,नामे४रूवे५ पडुच्चसच्चे६ अ।
ववहार७भाव८जोगे९, दसमे उवम्मसच्चे१० य ॥ ”

“ જનપદસત્ય ૧, સંમતસત્ય ૨, સ્થાપનાસત્ય ૩, નામસત્ય ૪, રૂપસત્ય ૫, પ્રતીત્યસત્ય ૬, વ્યવહારસત્ય ૭, ભાવસત્ય ૮, યોગ સત્ય ૯ તથા દશમું ઉપમાસત્ય ૧૦.” તેમાં કુંકણ વિગેરે દેશોમાં પાણીને પિચ્ચ, નીર, ઉદક ઇત્યાદિ શબ્દોથી કહે છે તે જનપદ (દેશ) સત્ય કહેવાય છે ૧, પોયણા વિગેરે સર્વે જાતિના કમળોની પંકથી–કાદવથી ઉત્પત્તિ છતાં લોકમાં સૂર્યવિકાસી કમળ જ પંકજ શબ્દથી કહેવાય છે તે સંમતસત્ય ૨, લેપ્ય વિગેરેની બનાવેલી જિનપ્રતિમા-

માં અરિહંતાદિકની જે સ્થાપના તે સ્થાપનાસત્ય ૩, કુળની વૃદ્ધિ નહીં કરતાં છતાં પણ એટલે પુત્રરહિત છતાં પણ કોઈ માણસનું કુળ-વર્ધન નામ પાડયું હોય તે નામસત્ય ૪, આચારને નહીં પાળતો માત્ર લિંગને (વેશને) જ ધારણ કરનાર પણ વ્રતી (મુનિ) કહેવાય તે રૂપસત્ય ૫, અનામિકા વિગેરે આંગળીઓ એક બીજાની અપેક્ષાએ નાની મોટી કહેવાય તે પ્રતીત્યસત્ય ૬, પર્વત ઉપરના તૃણાદિક બળતાં હોય તેને બદલે પર્વત બળે છે એમ જે બોલાય તે વ્યવહારસત્ય ૭, બગલા ધોળા હોય છે એમ જે કહેવું તે ભાવસત્ય, કેમકે તેમાં પાંચે વર્ણનો સંભવ છે, તોપણ શુકલવર્ણની બહોળતા હોવાથી શ્વેત કહેવાય છે ૮, કોઇ માણસના હાથમાં દંડ હોય, તેથી તેને દંડી શબ્દથી બોલાવવામાં આવે તે યોગસત્ય ૯, અને આ તળાવ સમુદ્ર જેવું છે એમ જે કહેવું તે ઉપમાસત્ય કહેવાય છે. ૧૦.

અસત્ય ભાષા પણ દશ પ્રકારની છે તે આ પ્રમાણે—

**“ कोहे१माणे२माया३, लोभे४पिज्जे५तहेव दोसे६ य ।**
**हास७भए८अक्खाइय९, उवघायानिस्सीए१० दसमे ॥ ”**

“ ક્રોધ ૧, માન ૨, માયા ૩, લોભ ૪, પ્રેમ ૫, દ્વેષ ૬, હાસ્ય ૭, ભય ૮, આખ્યાયિકા ૯ અને ઉપઘાત ૧૦ આ દશને આશ્રીને જે અસત્ય બોલાય તે તે નામનું અસત્ય કહેવાય છે. ” ક્રોધને લઇને દાસ ન હોય તેને પણ દાસ કહેવો તે ક્રોધનિશ્રિત અસત્ય ૧, માનને લીધે પોતે નિર્ધન છતાં હું ધનવાન્ છું એમ બોલે તે માન અસત્ય ૨, આ ઇંદ્રજાળિકનો ગોળો છુટ્યો એમ માયાથી અસત્ય બોલનારનું માયા અસત્ય ૩, વણિક વિગેરે માલનો ખરીદ ભાવ ખોટો કહે તે લોભ અસત્ય ૪, અત્યંત રાગને લીધે કોઇ કોઇને કહે કે હું તમારો

દાસ છું એ પ્રેમ–રાગ અસત્ય ૫, દ્વેષથી ગુણવાનને પણ નિર્ગુણ કહેવો તે દ્વેષ અસત્ય ૬, હાંસીથી અસત્ય બોલવું તે હાસ્ય અસત્ય ૭, ભયને લીધે અસત્ય બોલવું તે ભય અસત્ય ૮, આખ્યાયિકા–કથા વિગેરે કહેવાને વિષે આનંદ ઉપજાવવાની ખાતર અસત્ય બોલવું તે આખ્યાયિકા અસત્ય ૯, અને જે ચોર ન હોય તેને ચોર કહેવો તે તેને ઉપઘાતકારી થતું હોવાથી ઉપઘાત અસત્ય કહેવાય છે ૧૦.

હવે ત્રીજી સત્યામૃષા ( મિશ્ર ) નામની ભાષા પણ દશ પ્રકારની છે, તે આ પ્રમાણે:—

" उप्पन्न१विगय२मीसे३, जीव४अजीवे५य जीवअजीवे६ ।
तह मीसगा अणंता७, परित्त८अद्धाय९अद्धद्धा१० ॥ "

" ઉત્પન્ન ૧, વિગત ૨, મિશ્ર ( ઉત્પન્ન વિગત ) ૩, જીવ ૪, અજીવ ૫, જીવાજીવ ૬, અનંત ૭, પરીત્ત ( પ્રત્યેક ) ૮, અદ્ધા ૯, અને અદ્ધાદ્ધા ૧૦–આ દશને આશ્રીને સત્યામૃષા એટલે મિશ્ર ભાષા બોલાય તે તે નામની મિશ્ર ભાષા કહેવાય છે. " તેમાં આજે આ ગામમાં દશ બાળકો નવા જન્મ્યા છે, આવું વચન બોલતાં જો વાસ્તવિક રીતે દશથી ન્યૂનાધિકનો જન્મ થયો હોય તો તે સાચું તથા જૂઠું બન્ને હોવાથી ઉત્પન્ન મિશ્ર કહેવાય છે ૧, એજ પ્રમાણે મરણના સંબંધમાં બોલાય તે વિગત મિશ્ર કહેવાય છે ૨, આજે અહીં દશ બાળકો જન્મ્યા અને દશનું મરણ થયું એમ એક સાથે ઉત્પન્ન અને વિગતના વિષયવાળું વાક્ય બોલાય તે ઉત્પન્ન વિગત મિશ્ર કહેવાય છે ૩, જીવતા અને મરેલા કૃમિની રાશિ હોય તેમાં ઘણા જીવતા હોવાથી તેને જીવરાશિ કહેવી તે જીવ મિશ્ર કહેવાય છે ૪, તેજ કૃમિરાશિમાં ઘણા મરેલા હોય અને થોડા જીવતા હોય તેને અજીવરાશિ કહેવી તે અજીવમિશ્ર કહેવાય છે ૫, જેમાં ઘણા કૃમિઓ મરેલા

હોય એવો કૃમિરાશિ છતાં આટલા મરેલા છે અને આટલા જીવતા છે ઇત્યાદિ ચોકસ કર્યા વિના ચોકસ બોલવાથી જીવાજીવમિશ્ર કહેવાય છે ૬, પ્રત્યેક જીવવાળાં પાંદડાં વિગેરે છતાં પણ મૂળ, કંદ વિગેરેને લઇને આ સર્વ અનંતકાય છે એમ કહેવાથી અનંતમિશ્ર કહેવાય છે ૭, અનંત કાયની છાલ વિગેરેને આ સર્વ પ્રત્યેક છે એમ કહેવાથી પરીત્ત—અથવા પ્રત્યેકમિશ્ર કહેવાય છે ૮, દિવસ લગભગ પૂર્ણ થવા આવ્યો હોય તે વખતે કાર્યની ઉત્સુકતાને લીધે રાત્રિ પડી ગઇ એમ જે બોલવું તે અદ્ધામિશ્ર કહેવાય છે ૯, દિવસ અથવા રાત્રિ અદ્ધા કહેવાય છે, તેનો એક ભાગ અદ્ધાદ્ધા કહેવાય છે, તેથી કરીને દિવસનો એક પ્રહર વીત્યે છતે મધ્યાહ્ન સમય થઈ ગયો એમ જે કહેવું તે અદ્ધાદ્ધા મિશ્ર કહેવાય છે ૧૦.

હવે ચોથી અસત્યામૃષા[1] ( વ્યવહાર ) નામની ભાષા બાર પ્રકારની છે, તે કહે છે:—

" **आमंतणि१आणवणी२, जायणि३तह पुच्छणी४य पन्नवणी५ ।**
**पच्चक्खाणी६य तहा, भासा इच्छाणुलोमा७य ॥**
**अणभिग्गहिया८भासा, भासा य अभिग्गहम्मि९बोधव्वा ।**
**संसयकरणी१०भासा, वागड११अव्वागडा१२चेव ॥ "**

" આમંત્રણી ૧, આજ્ઞાપની ૨, જાચણી ૩, પૃચ્છણી ૪, પ્રજ્ઞાપની ૫, પ્રત્યાખ્યાની ૬, ઇચ્છાનુલોમા ૭, અનભિગૃહીતા ૮, અભિગૃહીતા ૯, સંશયકરણી ૧૦, વ્યાકૃતા ૧૧ અને અવ્યાકૃતા ૧૨. એ બાર પ્રકારની અસત્યામૃષા ભાષા કહેવાય છે. " તેમાં હે દેવદત્ત ! એ પ્રમાણે સંબોધન કરીને જે બોલાવવું તે આમંત્રણી ભાષા કહે-

૧ સત્ય પણ નહીં ને અસત્ય ( મૃષા ) પણ નહીં તે.

વાય છે ૧, તું અમુક કાર્ય કર એમ જે આજ્ઞા આપવી તે આજ્ઞાપની ભાષા કહેવાય છે ૨, અમુક વસ્તુ મને આપ એ રીતે જે યાચના કરવી તે જાચણી ભાષા કહેવાય છે ૩, અમુક વાત કેવા પ્રકારની છે ? એમ જે પૂછવું તે પૃચ્છણી ભાષા કહેવાય છે ૪, હિંસાદિકમાં પ્રવર્તનાર પ્રાણી દુઃખી થાય છે એમ જે પ્રરૂપણા કરવી તે પ્રજ્ઞાપની ભાષા કહેવાય છે, ૫, આ વસ્તુ હું તને નહીં આપું એમ જે કહેવું તે પ્રત્યાખ્યાની ભાષા કહેવાય છે ૬, હું સાધુ પાસે જાઉં ? એમ પ્રશ્ન પૂછે છતે ' બહુ સારૂં ' એમ જે કહેવું તે ઇચ્છાનુલોમા ( ઇચ્છાનુસારિણી ) ભાષા કહેવાય છે ૭, શબ્દનો અર્થ ગ્રહણ કર્યા વિના ડિત્થ, ડવિત્થ વિગેરે ( અર્થ વિનાના ) શબ્દો બોલવા તે અનભિગૃહીતા ભાષા કહેવાય છે ૮, અર્થને ગ્રહણ કરીને જે ઘટ વિગેરે શબ્દ બોલાય તે અભિગૃહીતા ભાષા કહેવાય છે ૯, જેના ઘણા અર્થ થતા હોય એવા સૈંધવ વિગેરે શબ્દો બોલવા તે સંશયકરણી ભાષા કહેવાય છે ૧૦, આ દેવદત્તનો ભાઈ છે એમ સ્પષ્ટ અર્થવાળી જે વાણી બોલાય તે વ્યાકૃતા ભાષા કહેવાય છે ૧૧ તથા બાળ સ્ત્રી અને દીનાદિક સર્વ માણસો છતાં તે બદલ અસ્પષ્ટ શબ્દ બોલાય તે અવ્યાકૃતા ભાષા કહેવાય છે. ૧૨. આ ચાર પ્રકારની ભાષામાંથી પહેલી સત્યા ભાષા તથા ચોથી અસત્યામૃષા એ બે ભાષા વિવેકીને બોલવા લાયક છે, અને અસત્યા તથા સત્યામૃષા ( મિશ્ર ) એ બે બોલવા લાયક નથી. તેથી તેવી ભાષા બોલવી નહીં.

તથા ભોગસુખને વિષે–વૈષયિક સુખને વિષે તૃષ્ણા–વાંચ્છા કરવી નહીં. તૃષ્ણાથી કાંઈ પણ કાર્યની સિદ્ધિ થતી નથી, તૃષ્ણાથી જીવ કેવળ પાપસમૂહને જ ઉપાર્જન કરે છે. તે વિષે ઉપદેશમાળામાં કહ્યું છે કે:—

" अणवट्ठियं मणो जस्स, झायइ बहुआइं अट्टमट्टाइं ।
तं चिंतियं च न लहइ, संचिणई पावकम्माइं ॥ ".

" જેનું અનવસ્થિત મન ઘણા આહટ્ટ દોહટ્ટનું ચિંતવન કરે છે તે ચિંતિત વસ્તુને પામતો નથી, પરંતુ ઉલટાં પાપકર્મોને ઉપાર્જન કરે છે. "

તથા પરની એટલે કોઈ પણ યાચકની આશાનો ભંગ કરવો નહીં. એ પ્રમાણે ત્રણ પાદમાં કહેલા સત્કૃત્ય કરવાથી પ્રાણીઓને ધર્મની પ્રાપ્તિ થાય છે, તેમ જ તેમની કીર્તિ પણ સર્વ દિશાઓમાં પ્રસરે છે–પ્રકાશમાન થાય છે, એટલે કે ચંદ્ર, સૂર્ય, અગ્નિ, નક્ષત્રો અને રત્નોના તેજના સમૂહની જેમ અત્યંત દેદીપ્યમાન થાય છે. આ કહેવાથી તેને માટે આલોક અને પરલોકનું શુભ ફળ દેખાડ્યું છે.

આ શ્લોકના પહેલા પાદ ઉપર કાલિકાચાર્યની કથા છે, બીજા પાદ ઉપર બ્રાહ્મણના પુત્રની કથા છે, અને ત્રીજા પાદ ઉપર નરવાહન રાજાની કથા છે. ૯

હવે પૂર્વોક્ત ધર્મના આરાધકોજ સિદ્ધિસુખને સાધી શકે છે, બીજાઓ સાધી શકતા નથી. તે ઉપર ઉપદેશનું કાવ્ય કહે છે:—

दुरंतमिच्छत्तमहंधयारे, परिप्फुरंतम्मि सुदुन्निवारे ।
न सुद्धमग्गाउ चलंति जे य, सलाहणिज्जा तिजयम्मि ते य ॥१०॥

**મૂળાર્થ**—જેનો અંત કષ્ટે કરીને થઇ શકે છે એવું મિથ્યાત્વરૂપી મહા અંધકાર નિવારી ન શકાય એમ ચોતરફ પ્રસરી રહેલું છે, તે છતાં પણ જેઓ શુદ્ધ માર્ગથી ચલાયમાન થતા નથી, તેઓજ ત્રણ જગત્‌માં શ્લાઘા કરવા લાયક છે. ૧૦

**ટીકાર્થ**—દુઃખે કરીને જેનો અંત થઇ શકે તે દુરંત કહેવાય છે, એવો મિથ્યાત્વરૂપી મહા અંધકાર અત્યંત દુર્વાર એટલે નિવારી ન શકાય એમ વિસ્તાર પામે છતે જેઓ શુદ્ધ માર્ગથી ચલાયમાન ન થાય, તેઓ ત્રણ જગત્માં શ્લાઘા-પ્રશંસા કરવા લાયક છે. આ વિષય ઉપર જાતિવંત અશ્વનું કથાનક ઉપનય સહિત કહ્યું છે. ૧૦

હવે સંસારની અસારતા પ્રતિપાદન કરવાની ઇચ્છાથી કહે છેઃ—

**असारसंसारसुहाण कज्जे, जो रज्जई पावमई अवज्जे ।**
**अप्पाणमेसो खिवई किलेसे, सग्गापवग्गाण कहं सुहं से" ॥११॥**

**મૂળાર્થ**—પાપબુદ્ધિવાળો જે પુરૂષ અસાર સંસારના સુખને અર્થે પાપકાર્યમાં રક્ત થાય છે, તે પોતાના આત્માને કલેશમાં નાંખે છે, તેને સ્વર્ગ તથા મોક્ષનું સુખ શી રીતે પ્રાપ્ત થાય ? થાયજ નહીં. ૧૧

**ટીકાર્થ**—અસાર એવા સંસારના વૈષયિકાદિક સુખને અર્થે જે કોઇ મંદ બુદ્ધિવાળો મનુષ્ય પાપબુદ્ધિવાળો થઇને પાપકર્મ કરવામાં રક્ત થાય છે, તે પુરૂષ પોતાના આત્માને દ્રવ્ય અને ભાવ એવા બંને પ્રકારના કલેશમાં નાંખે છે, તેવા જીવોને સ્વર્ગ તથા મોક્ષનું સુખ કેમ મળે ? અર્થાત્ જે સંસારના સુખને બહુ માને છે, અને તેથી તેમાં લાલચુ થઇને સિદ્ધિના સુખને તત્ત્વપણે માનતો નથી, તે આભવ તથા પરભવમાં અત્યંત દુઃખ તથા કલેશને પામનાર થાય છે, પરંતુ થોડા લાભને માટે ઘણું હારી જવું યોગ્ય નથી. આ વિષય ઉપર દ્રમક ( ભીખારી ) નું તથા રાજાનું એમ બે દૃષ્ટાંતો આપ્યાં છે. ૧૧

હવે સ્વર્ગ તથા મોક્ષને સાધવામાં ઉપાયરૂપ જિનપૂજા જ છે, તેને પ્રતિપાદન કરવા માટે કહે છેઃ—

**नरिंददेवेसरपूइयाणं, पूयं कुणंतो जिणचेइयाणं ।**
**दव्वेण भावेण सुहं चिणेइ, मिच्छत्तमोहं तह निज्जिणेइ ॥१२॥**

**મૂળાર્થ**—રાજાઓએ ( ચક્રવર્તીઓએ ) અને દેવેંદ્રોએ પૂજેલા જિનબિંબોની દ્રવ્યવડે તથા ભાવવડે પૂજા કરતાં સાધુ તથા શ્રાવક શુભ કર્મને ઉપાર્જન કરે છે, તથા મિથ્યાત્વ મોહનીય કર્મને જીર્ણ કરે છે. ( ખપાવે છે. ) ૧૨

**ટીકાર્થ**—નરેંદ્રોએ-રાજાઓએ તથા દેવેશ્વરોએ-ઇંદ્રોએ પૂજેલા જિનચૈત્યોની-રાગાદિકને જીતનાર હોવાથી જિન કહેવાય છે, તેનાં ચૈત્યો એટલે ચિત્તને પ્રમોદ ઉત્પન્ન કરનાર બિંબો ( પ્રતિમા ), તેમની ગંધ, ધૂપ, પુષ્પ વિગેરે દ્રવ્યોવડે તથા ચૈત્યવંદન, સ્તુતિ, ઉગ્રવિહાર, આજ્ઞાપાલન વિગેરે ભાવવડે પૂજા કરનાર શ્રાવક અને સાધુ મિથ્યાત્વમોહનીય કર્મને જીર્ણ કરે છે. જેમ નહીં જીર્ણ થયેલું અન્ન ભસ્મ, અર્ક, ગુટિકા વિગેરે ઓષધોના[1] ભક્ષણથી જીર્ણ થાય છે, તેમ કર્મનું અજીર્ણ પણ જિનાર્ચનવડે જ જીર્ણ થાય છે; તે વિના જીર્ણ (નષ્ટ) થતું નથી. તે વિષે શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે:—

**"पुणोऽवि वीयरागाणं, पडिमाऊ चेइयालए ।**
**पत्तेयं संथुणे वंदे, एगग्गो भत्तिनिब्भरं ॥**
**तेसिं तिलोगमहियाणं, धम्मतित्थंकराण जगगुरूणं ।**
**दव्वच्चणभावच्चण—भेदेण दुहच्चणं भणियं ॥**

---

૧ અનેક પ્રકારની ભસ્મો, અનેક પ્રકારના અર્કો અને અનેક પ્રકારની ગુટિકા તે ગોળીઓ અજીર્ણ વિનાશના ઓષધ તરીકે વાપરવામાં આવે છે. સર્વ વ્યાધિઓનો રાજા અજીર્ણ વ્યાધિ છે, તેથીજ તેની અહીં મુખ્યતા કરેલી છે.

**भावच्चणमुग्गविहा–रया य दव्वच्चणं तु जिणपूया ॥**
**पढमा जईण दुन्निऽवि, गिहीण पढमच्चिय पसत्था ॥"**

" વળી ચૈત્યમાં અથવા આલય ( ઘર ) માં રહેલી વીતરાગની પ્રત્યેક પ્રતિમાની એકાગ્ર ચિત્તે ભક્તિ સહિત સ્તુતિ કરવી, તથા તેને વંદના કરવી. ત્રણ લોકવડે પૂજિત તથા ધર્મતીર્થને પ્રકટ કરનાર એવા જગતગુરૂનું દ્રવ્યપૂજન તથા ભાવપૂજન એમ બે પ્રકારનું અર્ચન કહેલું છે. તેમાં જે ઉગ્ર વિહારાદિ જિનાજ્ઞાનું પાલન તે ભાવપૂજા કહેવાય છે, અને જિનપ્રતિમાની પૂજા કરવી તે દ્રવ્યપૂજા કહેવાય છે. પહેલી ભાવપૂજા મુનિઓને હોય છે, અને ગૃહસ્થીઓને બન્ને પ્રકારની પૂજા હોય છે, તેમાં ( ભાવપૂજા ) અતિ પ્રશસ્ત છે. " મુનિને મન, વચન અને કાયાની શુદ્ધિએ કરીને જે ચારિત્ર સંબંધી કષ્ટાનુષ્ઠાનનું તથા બાવીશ પરિષહાદિકનું અને અનેક જાતિના ઉપસર્ગોનું સહન કરવું તે સર્વનો ભાવપૂજાની અંદર સમાવેશ જાણવો. શ્રાવક પવિત્ર થઇને સુગંધી જળવડે જિનેશ્વરની પ્રતિમાને પ્રક્ષાલન કરી ગંધ કષાષી વસ્ત્રવડે અંગલૂહણું કરી શ્રેષ્ઠ ચંદન, પુષ્પ, પુષ્પમાળા વિગેરેએ કરીને જે પૂજન કરે તે સર્વ દ્રવ્યપૂજા જાણવી. આ પૂજાના વિષયમાં રત્નચંદ્રની કથા વિસ્તારથી કહી છે. ૧૨

હવે ક્રમે કરીને આવેલ પ્રમાદ પરિહાર સંબંધી ઉપદેશ આપે છે:—

**दुक्खं सुतिक्खं नरए सहित्ता, पंचिंदियत्तं पुण जो लहित्ता ।**
**पमायसेवाइ गमिज्ज कालं, सो लंघिही नो गुरुमोहजालं ॥१३॥**

**મૂળાર્થ**—જે પ્રાણી નરકને વિષે તીક્ષ્ણ દુઃખને સહન કરીને

પછી પંચેંદ્રિયપણું પામીને પ્રમાદ સેવવાવડે કાળને નિર્ગમન કરે છે, તે મહામોહની જાળને ઉલ્લંઘન કરી શકતો નથી. ૧૩

**ટીકાર્થ**—જેમાં ઇંદ્રિયો દુઃખ પામે તે દુઃખ કહેવાય છે. અત્યંત તીક્ષ્ણ એટલે કંટકની જેમ દુઃસહ દુઃખ તે સુદુઃખ કહેવાય છે. પાપી માણસોને બોલાવે ( આમંત્રણ કરે ) તે **નરક** કહેવાય છે. એવા સાતે નરકમાં અત્યંત દુઃસહ દુઃખને સહન કરીને, ત્યારપછી અનુક્રમે એકેંદ્રિયાદિક જાતિને વિષે પરિભ્રમણ કરીને, ત્યારપછી વિકલેંદ્રિયમાં અને ત્યારપછી પંચેંદ્રિય તિર્યંચમાં પર્યટન કરીને, ત્યારપછી મહા સુકૃતના ઉદયે પંચેંદ્રિય મનુષ્યપણું પામીને, તેમાં પણ ચારિત્રનું પાલનં કરીને એ રીતે ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ પદવીને પામીને પણ મનુષ્ય જો પાછો પ્રમાદ સેવવાવડે કાળનું નિર્ગમન કરે, તો તે દુર્મતિ કેવી રીતે મોહજાળનું ઉલ્લંઘન કરી શકે ? માટે યતિએ તો વિશેષે કરીને પ્રમાદનું સેવન કરવું નહીં. આ વિષય ઉપર મથુરામંગુ નામના આચાર્યની કથા આપેલી છે. ૧૩

પ્રમાદનો ત્યાગ કરી ઉદ્યમમાં પ્રવર્તેલા સાધુ તથા શ્રાવકે હમેશાં સદુદ્યમના મનોરથો કરવા, તે ઉપર અન્ય અન્ય ધર્મકૃત્યના આચરણની પ્રરુપણાપૂર્વક ચાર કાવ્યો કહે છે—

**तवोवहाणाइ करितु पुव्वं, कया गुरूणं च पणामपुव्वं ।**
**सुत्तं च अत्थं महुरस्सरेणं, अहं पढिस्सं महयायरेणं ॥१४॥**

**મૂળાર્થ**—હું પ્રથમ તપ ઉપધાન વિગેરે કરીને ગુરૂ મહારાજને પ્રણામ કરવાપૂર્વક સૂત્રને તથા તેના અર્થને મધુર સ્વરે મોટા આદરથી ક્યારે ભણીશ ? ૧૪

**ટીકાર્થ**—શ્રી મહાનિશિથ સૂત્રમાં કહેલા ઉપધાનોને શ્રાવક-

પણામાં પ્રથમ કરીને દીક્ષા ગ્રહણ કર્યા પછી આચારાંગાદિ અંગો તથા ઋષિભાષિતાદિ સૂત્રો સંબંધી સિદ્ધાંતમાં કહેલી તપસ્યા કરવાપૂર્વક યોગોદ્વહન કરીને ગુરૂને પ્રણામ કરવાપૂર્વક એટલે વાચનાને સમયે વંદનાદિક ક્રિયા કરીને સૂત્રને તથા ટીકા, ભાષ્ય, નિર્યુક્તિ, ચૂર્ણિ વિગેરે અર્થને મધુર સ્વરે મોટા આદરથી-પ્રયત્નથી હું ક્યારે ભણીશ? આ વિષે શ્રીજીતકલ્પમાં કહ્યું છે કે—

**" कालक्कमेण पत्तं, संवच्छरमाइणा उ जं जम्मि ।**
**तं तम्मि चेव धीरो, वाइज्जा सो य कालो य ॥**
**तिवरिसपरियायस्स उ, आयारपकप्पनाममज्झयणं ।**
**चउवरिसस्स य सम्मं, सूयगडं नाम अंगं ति ॥**
**सकप्पव्ववहारो, संवच्छरपणगादिक्खियस्सेव ।**
**ठाणं समवाओऽवि य, अंगे ते अट्ठवासस्स ॥**
**दसवासस्स विवाहा, इक्कारसवासयस्स य इमे उ ।**
**खुड्डियविमाणमाई, अज्झयणा पंच नायव्वा ॥**
**बारसवासस्स तहा, आसीविसभावणं जिणा बिंति ।**
**पन्नरसवासगस्स य, दिट्ठीविसभावणं तह य ॥**
**सोलसवासाईसु य, इक्कुत्तरवड्ढिएसु जहसंखं ।**
**चारणभावणमहसु-मिणभावणातेयगनिसग्गे ॥**
**एगूणवीसगस्स य, दिट्ठीवाओ दुवालसममंगं ।**
**संपुन्नवीसवरिसो, अणुवाई सव्वसुत्तस्स ॥ "**

" વર્ષ આદિ કાળના ક્રમે કરીને જે સૂત્ર ભણવાની જેને યોગ્યતા પ્રાપ્ત થઇ હોય, તે સૂત્ર તે ધીરે ભણવું જોઇએ. તે તેનો

કાળ (અવસર) કહેવાય છે. ત્રણ વર્ષના દીક્ષા પર્યાયવાળા સાધુને **આચારપ્રકલ્પ*** નામનું અધ્યયન ભણવું કલ્પે છે, ચાર વર્ષના પર્યાયવાળાને સમ્યક્ પ્રકારે સૂત્રકૃત્ નામનું બીજું અંગ ભણવું કલ્પે છે, પાંચ વર્ષના દીક્ષા પર્યાયવાળાને વૃહત્કલ્પ[1]ને વ્યવહાર ભણવું કલ્પે છે, આઠ વર્ષના પર્યાયવાળાને સ્થાનાંગ અને સમવાયાંગ ભણવાં કલ્પે છે, દશ વર્ષના પર્યાયવાળાને વિવાહપ્રજ્ઞપ્તિ (ભગવતી) સૂત્ર, અગ્યાર વર્ષના પર્યાયવાળાને ખુડ્ડિયવિમાનપ્રવિભક્તિ આદિ પાંચ અધ્યયન[2] શીખવવા કલ્પે છે, બાર વર્ષના પર્યાયવાળાને[3] આશીવિષ ભાવના નામનું સૂત્ર શીખવવાની જિનેશ્વરોની આજ્ઞા છે, પંદર વર્ષના પર્યાયવાળાને દૃષ્ટિવિષભાવનાની આજ્ઞા છે, સોળ, સત્તર અને અઢાર વર્ષના પર્યાયવાળાને અનુક્રમે ચારણભાવના, મહાસ્વપ્ન ભાવના અને **તેયગ્ગ નિસગ્ગ**[4] શીખવવાની આજ્ઞા છે, ઓગણીશ વર્ષના પર્યાયવાળાને દૃષ્ટિવાદ નામનું બારમું અંગ શીખવાની આજ્ઞા છે, તથા સં-

---

* આચારપ્રકલ્પ તે નિશીથસૂત્ર જે આચારાંગના બીજા શ્રુતસ્કંધની પાંચમી ચૂલા છે તે. ૧ શ્રી વ્યવહાર સૂત્રમાં દશાકલ્પ કહ્યું છે. ૨ ખુડ્ડિયાવિમાનપવિભત્તિ, મહલ્લિયાવિમાનપવિભત્તિ, અંગચૂલિયા, વંગચૂલિયા ને વિવાહચૂલિયા. ૩ બાર વરસથી અઢાર વરસ સુધીને માટે શ્રીવ્યવહાર સૂત્રમાં જુદી રીતે કહેલ છે તે આ પ્રમાણે—"બાર વરસના પર્યાયવાળાને અરૂણોપપાત, વરૂણોપપાત, ગરૂલોપપાત, વૈશ્રમણોપપાત ને વેલંધરોપપાત ભણવું કલ્પે, તેર વરસના પર્યાયવાળાને ઉટ્ઠાણશ્રુત, સમુટ્ઠાણશ્રુત, દેવેંદ્રોપપાત અને નાગપર્યાવળીઆ અધ્યયન ભણવું કલ્પે, ચૌદ વરસના પર્યાયવાળાને સુવર્ણભાવના, પંદર વરસવાળાને ચારણભાવના, સોળ વરસવાળાને તેયગનિસગ્ગ અધ્યયન, સત્તર વરસવાળાને આસીવિષભાવના અને અઢાર વરસવાળાને દૃષ્ટિવિષભાવના અધ્યયન ભણવું કલ્પે. ૪ તેયગ્ગ નિસગ્ગ તે ગોશાળાએ તેજોલેશ્યા મૂકી તે સંબંધી હકીકતવાળું સૂત્ર સમજવું.

પૂર્ણ વીશ વર્ષના પર્યાયવાળા મુનિ સર્વ સૂત્રનો અનુવાદ કરી શકે છે—સર્વ સૂત્ર ભણી શકે છે."

વળી મહાનિશીથ સૂત્રમાં પણ અકાળે ભણનાર, અવિનયે ભણનાર, અબહુમાને ભણનાર વિગેરે આઠ પ્રકારના જ્ઞાન કુશીલીયા કહ્યા છે. તેમાં અનુપધાન કુશીલીયાને પણ મોટા દોષનું ભાજન કહેલો છે. તેમાં કહ્યું છે કે—"હે ગૌતમ! જે કોઈ આ આઠ પ્રકારના આચારમાં અનુપધાને કરીને એટલે ઉપધાન (યોગ) વહન કર્યા વિના પ્રશસ્ત એવા જ્ઞાનને ભણે છે, ભણાવે છે, કે ભણવાની સંમતિ આપે છે તે મહા પાપી અત્યંત સુપ્રશસ્ત એવા જ્ઞાનની આશાતના કરે છે." ગૌતમ સ્વામી પૂછે છે કે—"હે ભયવાન્! જ્યારે એમ છે, તો પ્રથમ પંચમંગળ (નવકાર મંત્ર) નું ઉપધાન શી રીતે કરવું?" ભગવાન કહે છે—"હે ગૌતમ! પ્રથમ જ્ઞાન, અને પછી દયા, એટલે સર્વ જગતના જીવ, પ્રાણી, ભૂત અને સત્ત્વને પોતાના આત્મા સમાન જોવા, જેથી યાવત્ સર્વ ઉત્તમ સુખને જીવ પામે. તે દયાને ઓળખવા માટે અને તેની અંદર અજ્ઞાનવડે યોગ્ય રીતે પ્રવૃત્તિ થઈ શકે નહીં માટે—હે ગૌતમ! હવે પછી કહું છું તે વિધિએ કરીને પ્રથમ પંચમંગળ (નવકાર) નું વિનયોપધાન કરવું. ઇત્યાદિ." આ પાઠથી એમ સિદ્ધ થાય છે કે ઉપધાન તપ કરીને જ સિદ્ધાંતના અર્થનું ભણવું ભણાવવું યોગ્ય છે, અન્યથા મોટી આશાતના થાય છે. આવા વિધિએ કરીને હું કયારે સૂત્રનો અભ્યાસી થઇશ? એવો મનોરથ શ્રાવક તથા સાધુએ કરવો. એ અહીં તાત્પર્ય છે, શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહ્યું છે કે—

"वसे गुरुकुले निच्चं, जोगवं उवहाणवं ।
पियं करे पियं ठाई, से सिक्खं लद्धुमरिहई ॥"

" જે શિષ્ય નિરંતર ગુરૂકુળમાં વાસ કરે, વિધિપૂર્વક ઉપધાન વહન કરે, સર્વને પ્રિયકારક આચરણ કરે અને પ્રીતિપૂર્વક સ્થિતિ કરે, તે શીઘ્રપણે સૂત્રની શિક્ષાને લાયક ( યોગ્ય ) થાય છે. " ૧૪

હવે પછીના કાવ્યમાં શુભ મનોરથ જ કહે છે—

**कम्मट्ठवाहीहरणोसहाणि, सामाइयावस्सयपोसहाणि ।**
**सिद्धान्तपन्नत्तविहाणपुव्वं, अहं करिस्सं विणयाइ सव्वं ॥१५॥**

**મૂલાર્થ**—આઠ કર્મ રૂપી વ્યાધિને હરવામાં ઔષધ સમાન સામાયિક, આવશ્યક ( પ્રતિક્રમણ ) અને પૌષધને તથા વિનયાદિક સર્વ ધર્મકૃત્યને સિદ્ધાંતમાં કહેલા વિધિપૂર્વક હું કયારે કરીશ ? ૧૫

**ટીકાર્થ**—આઠ કર્મ રૂપી વ્યાધિને હરણ કરવામાં ઔષધની ઉપમાવાળા સામાયિક અને આવશ્યક એટલે ચતુર્વિંશતિસ્તવ, વંદનક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગ, તથા પૌષધને સિદ્ધાંતમાં કહેલા વિધાનપૂર્વક એટલે સૂત્રોક્ત વિધિ પ્રમાણે હું કયારે કરીશ ? તેમજ આગળના કાવ્યમાં કહેવાશે એવો દશ પ્રકારના વિનય અને વૈયાવૃત્ત્ય વિગેરે ધર્મકૃત્યને પણ હું કયારે આચરીશ ? આવો પણ મનોરથ કલ્યાણની ઇચ્છાએ કરીને અવશ્ય કરવો. ૧૫

ફરીથી પણ ધર્મકૃત્યની ઇચ્છાનેજ પ્રગટ કરે છે—

**आणं गुरूणं सिरसा वहिस्सं, सुत्तत्थसिक्खं विउलं लहिस्सं ।**
**कोहं निरोहं सयलं चइस्सं, कया अहं मद्दवमायरिस्सं ॥१६॥**

**મૂલાર્થ**—ગુરૂ મહારાજની આજ્ઞાને હું કયારે મસ્તકે વહન કરીશ ? વિશાળ એવી સૂત્ર તથા અર્થની શિક્ષાને કયારે ગ્રહણ ક-

રીશ ? સર્વ પ્રકારનો ક્રોધ ને વિરોધ ક્યારે તજીશ અને હું ક્યારે માર્દવ–મૃદુતા આચરીશ ? ૧૬.

**ટીકાર્થ**—ગુરૂની એટલે ધર્મોપદેષ્ટાની આજ્ઞાને–આદેશને હું મસ્તકવડે કરીને ક્યારે વહન કરીશ ? આ વચનવડે ગુરૂનું પરતંત્રપણું કહ્યું; તથા વિપુળ એટલે વિશાળ એવી સૂત્ર અને અર્થની શિક્ષાને હું ક્યારે ગુરૂમુખથી પામીશ ? તથા ક્યારે સમગ્ર ક્રોધ અને વિરોધને તજીશ ? તથા ક્યારે હું મૃદુપણાને એટલે સુકુમારપણાને આચરીશ એટલે શુભ અભિલાષવાળો થઇશ ? ૧૬.

હવે સમકિત પૂર્વક ( સમક્તિ સહિત ) શ્રાવકના વ્રત ( અણુવ્રત ) પાળવાના મનોરથને વિકાસ કરતા કહે છે—

**सम्मत्तमूलाणि अणुव्वयाणि, अहं धरिस्सामि सुहावहाणि ।**
**तओ पुणो पंचमहव्वयाणं, भरं वहिस्सामि सुदुव्वहाणं ॥१७॥**

**મૂળાર્થ**—સુખને આપનારાં સમક્તિ મૂળ શ્રાવકનાં અણુવ્રતોને હું ક્યારે ધારણ કરીશ ? અને ત્યારપછી અત્યંત દુઃખે કરીને ધારણ કરી શકાય એવા પાંચ મહાવ્રતોના ભારને હું ક્યારે વહન કરીશ–ઉપાડીશ ? ૧૭.

**ટીકાર્થ**—સમ્યક્ પ્રકારે જે તત્ત્વનો બોધ તે સમ્યકત્વ કહેવાય છે. તેના પાંચ ભેદ છે—ક્ષાયોપશમિક ૧, ઔપશમિક ૨, સાસ્વાદન ૩, ક્ષાયિક ૪ અને વેદક ૫. તે સમક્તિ જેનું મૂળ–કારણ છે એવાં અણુવ્રતો એટલે મહાવ્રતોની અપેક્ષાએ સૂક્ષ્મ હોવાથી અણુવ્રતો કહેવાય છે. તે સ્થૂળ પ્રાણાતિપાત–વિરમણાદિક અણુવ્રતો આગળ દૃષ્ટાંત સહિત કહેવામાં આવશે, તેવાં વ્રતોને હું ક્યારે ધારણ કરીશ ? કારણ કે તે વ્રતો સુખને વહન કરનારાં એટલે ઉત્પન્ન કરનારાં છે, અને ત્યારપછી અત્યંત દુર્વહ એટલે દુઃખે કરીને ધારણ કરી

શકાય એવાં, સાધુઓએ જ અનુષ્ઠાન કરવા લાયક અને ધીર પુરૂષો-એ સેવેલાં પાંચ મહાવ્રતોને હું ક્યારે વહન કરીશ? આ વિષે સ્થા-નાંગ સૂત્રમાં કહ્યું છે કે—"શ્રમણ સાધુ ત્રણ મનોરથોએ કરીને મહા નિર્જરા તથા મહા પર્યવસાન (મરણ) ને કરનાર થાય છે. તે આ પ્રમાણે—ક્યારે હું થોડું અથવા ઘણું શ્રુત ભણીશ ૧? ક્યારે હું એ-કલ્લવિહારની પ્રતિમાને અંગીકાર કરીશ ૨? અને ક્યારે હું ચરમ મારણાંતિક સંલેખના કરીને ભાતપાણીનો ત્યાગ કરી તથા પાદપો-પગમ અનશન કરી મૃત્યુની ઇચ્છા રાખ્યા વિના વિચરીશ ૩? આ પ્રમાણે મન, વચન અને કાયાએ કરીને શ્રમણ નિર્ગ્રંથ મહા નિર્જરા કરે છે તથા મહા પર્યવસાન કરે છે." વળી ત્રણ મનોરથે કરીને શ્રમણોપાસક (શ્રાવક) મહાનિર્જરા અને મહા પર્યવસાનને કરનારો થાય છે. તે આ પ્રમાણે—"ક્યારે હું થોડો કે ઘણો પરિગ્રહ તજી-શ ૧? ક્યારે હું લોચ કરીને અગાર(ઘર)માંથી નીકળી અનગાર (સાધુ) થઇશ ૨? અને ક્યારે હું ચરમ મારણાંતિક સંલેખના કરીને મૃત્યુની ઇચ્છા રાખ્યા વિના વિચરીશ ૩? આ પ્રમાણે મન, વચન અને કાયા સહિત જાગૃત રહેતો શ્રમણોપાસક મહા નિર્જરા અને મહા પર્યવસાન કરનારો થાય છે." ૧૭.

શ્રી હેમચંદ્રસૂરિએ પણ કહ્યું છે કે—

**"त्यक्तसंगो जीर्णवासा, मलक्लिन्नकलेवरः ।**
**भजन्माधुकरीं वृत्तिं, मुनिचर्यां कदा श्रये ? ॥"**

"સર્વ સંગનો ત્યાગ કરનાર, જીર્ણ વસ્ત્ર ધારણ કરનાર અને મળવડે જેનું શરીર વ્યાપ્ત છે એવો હું માધુકરી વૃત્તિનું સેવન કરી ક્યારે મુનિચર્યાનો આશ્રય કરીશ?"

પ્રારંભેલા મનોરથોનો ઉપસંહાર (સમાપ્તિ) કરતાં કહે છે કે—

**एवं कुणंताण मणोरहाणि, धम्मस्स निव्वाणपहे रहाणि ।**
**पुन्नज्जणं होइ सुसावयाणं, साहूण वा तत्तविसारयाणं ॥१८॥**

**મૂળાર્થ**—આ પ્રમાણે મોક્ષમાર્ગમાં રથ સમાન ધર્મના મનોરથોને કરનારા તથા જીવાદિક તત્ત્વમાં નિપુણ એવા સુશ્રાવકોને અથવા સાધુઓને પુણ્ય ઉપાર્જન થાય છે. ૧૮.

**ટીકાર્થ**—આ પ્રમાણે—પૂર્વોક્ત રીતિ પ્રમાણે મનોરથોને—મનની અભિલાષાને કરનારા, અહીં મનોરથ શબ્દ પુંલિંગે છતાં પણ પ્રાકૃત હોવાથી નપુંસકલિંગે લખ્યો છે. કોના મનોરથોને? એવી આકાંક્ષા રહેવાથી ધર્મ શબ્દ લખ્યો છે, તેથી કરીને ધર્મના મનોરથો એવો સંબંધ છે. તે મનોરથો કેવા છે? નિર્વાણના—મોક્ષના માર્ગમાં રથ સમાન, જેમ રથ ઉપર આરૂઢ થયેલો પુરૂષ સુખે કરીને માર્ગને ઓળંગી અરણ્યના પારને પામે છે, તેજ પ્રમાણે શુભ મનોરથોએ કરીને સંસારનો પાર પમાય છે, તે મનોરથો કરવાનું શું ફળ? તે કહે છે—સુશ્રાવકોને અથવા સાધુઓને તેથી પુણ્ય ઉપાર્જન (પ્રાપ્તિ) થાય છે. તે બન્ને કેવા છે? જીવાજીવાદિક તત્ત્વને વિષે પ્રાજ્ઞ—ડાહ્યા (નિપુણ). અહીં મનોરથ ઉપર **સિદ્ધનું** દૃષ્ટાંત છે. તેમાં સિદ્ધના મોટાભાઇ **સેને શીલચંદ્ર** સૂરિ પાસે ધર્મદેશના સાંભળી વૈરાગ્યથી દીક્ષા લીધી, અને વૃદ્ધ માતાપિતાની સેવા કરતા ગૃહવાસમાં જ રહેલા સિદ્ધે શુદ્ધ મતિથી આપ્રમાણે મનોરથો કર્યા કે—' ગૃહવાસરૂપ પાશનો ત્યાગ કરી, વિષયોનું ઉન્મૂલન કરી તથા અસંયમને દૂરથી છોડી ક્યારે હું સંયમને ગ્રહણ કરીશ? મિત્રાદિકના સંગનો ત્યાગ કરી કાચબાની જેમ દૃઢ રીતે અંગોપાંગને

ગોપવી શુભ ધ્યાનરૂપી ઉજ્વળ જળમાં હું ક્યારે સ્થિર થઇને રહીશ? ગુરૂસેવામાં રસિક થયેલો હું સદ્ગુરૂના ચરણકમળમાં ભ્રમરની તુલનાને ધારણ કરતો તેમના વિનયને ક્યારે કરીશ? સંયમરૂપી ઉદ્યાનમાં ક્રીડા કરતો હું ક્યારે સદ્ગુરૂની સાથે ભિન્ન ભિન્ન દેશોમાં અપ્રતિબંધપણે વિચરીશ? દુઃખે કરીને ત્યાગ કરી શકાય એવા સમગ્ર ગૃહવ્યાપારને તજીને મોક્ષપુરીના માર્ગરૂપ પ્રવ્રજ્યાને હું ક્યારે અંગીકાર કરીશ? દુર્જનોએ દુષ્ટ વાણીવડે મને કોપ પમાડ્યા છતાં પણ હું ઉપશમ રસમાં નિમગ્ન થઇ ક્રોધકષાયનો ક્યારે ત્યાગ કરીશ? એવો દિવસ મને ક્યારે પ્રાપ્ત થશે? વળી પુણ્યરૂપી રત્નોના નિધિ સમાન ઉપધાન ( યોગ ) નું વહન કરીને અંગ, ઉપાંગ આદિ સૂત્રોનું હું ક્યારે પઠન કરીશ? હું પોતાના શરીર ઉપર પણ નિરીહભાવને ધારણ કરી ધીર મનવાળો થઇ ઉત્સાહપૂર્વક ( અકાયરપણે ) ક્યારે અસહ્ય ઉપસર્ગના સમૂહને સહન કરીશ? પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પાંચ મહાવ્રત અને અઢાર હજાર શીલાંગને હું કયારે વહન કરીશ? ચારિત્ર અંગીકાર કરી સદ્ગુરૂના ચરણકમળની સેવા કરતો હું ગ્રામ, આકર અને નગરાદિકને વિષે અપ્રતિબંધપણે કયારે વિહાર કરીશ? વ્રતના અતિચારાદિક દોષનો ત્યાગ કરી, સર્વ પ્રાણીઓનો નાથ થઇ, સુપાત્રને વિષે રેખાને પ્રાપ્ત કરી, દેહ તથા ઉપકરણને વિષે મૂર્છા રહિત થઇ, વૈરાગ્ય રંગવડે ચિત્તને વાસિત કરી તથા પ્રાણીઓ પર ઉપકાર કરવામાં રસીક બની કયારે હું મુક્તિરૂપી સ્ત્રીની સાથે ક્રીડા કરવા ઉત્કંઠિત થઇશ?' ઇત્યાદિક શુભ મનોરથોની શ્રેણીનું અવલંબન કરી તે સિદ્ધ કાળ નિર્ગમન કરવા લાગ્યો. એકદા સેનમુનિ પોતાના ભાઈ સિદ્ધને મળવા માટે આવ્યો, તે બન્ને ભાઇઓ એક સ્થાને બેઠા બેઠા ધર્મગોષ્ઠી કરતા હતા, તેવામાં અકસ્માત્ વિદ્યુત્-

પાત થવાથી તે બન્ને મરણ પામ્યા. તેના પિતાએ કોઈ જ્ઞાની મુનિને તેની ગતિ પૂછી, ત્યારે મુનિએ કહ્યું કે–“ સિદ્ધ સૌધર્મ દેવલોકને અને સેન વ્યંતર ગતિને પામ્યો છે. ” તેમ વિપરીત થવાનું કારણ પૂછતાં ગુરૂએ કહ્યું કે સિદ્ધ શુદ્ધ સ્વભાવવાળો હોવાથી ગૃહવાસને વિષે રહીને પણ યતિધર્મમાં તથા સિદ્ધાંતમાં રસિક હોવાથી શુભ ગતિને પામ્યો છે અને સેન મુનિ થયા છતાં પણ ચારિત્રમાં પ્રમાદી હતો તેથી તે વ્યંતર થયો છે. વિગેરે. ૧૮

હવે ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાથી મહા દોષ લાગે છે, તે કહે છે—

**हवंति जे सुत्तविरुद्धभासगा, न ते वरं सुट्ठु वि कट्ठकारगा ।**
**सच्छंदचारी समए परूविया, तद्दंसणिच्छाऽवि अईव पाविया॥ १९**

**મૂળાર્થ**—જેઓ સૂત્રની વિરૂદ્ધ બોલનારા હોય છે, તેઓ અત્યંત કષ્ટ કરનારા છતાં પણ સારા નથી. તેઓને સિદ્ધાંતમાં સ્વચ્છંદચારી કહેલા છે, તથા તેમના દર્શનની ઇચ્છા પણ અત્યંત પાપકારી કહી છે. ૧૯

**ટીકાર્થ**—જેઓ સૂત્ર એટલે સિદ્ધાંત, તેનાથી વિરૂદ્ધ એટલે વિપરીત ભાષણ કરનારા એટલે ઉત્સૂત્રને બોલનારા–પ્રરૂપણા કરનારા હોય છે, તે માણસો સારા નથી. તેઓ કેવા હોય? અત્યંત કષ્ટને સહન કરનારા એટલે શીત, આતપ, વાયુ, ક્ષુધા તથા પિપાસા વિગેરે ઘણા શરીરના કલેશને સહન કરતા હોય, છતાં પણ તેઓ સારા નથી. તેઓને કેવા જાણવા? સૂત્રમાં તેમને સ્વચ્છંદાચારી–સ્વેચ્છાવિહારી કહેલા છે, તથા તેના દર્શનની ઇચ્છા પણ–તેના મુખને જોવાની ઇચ્છા કરી હોય તોપણ તે અત્યંત પાપકારી–દુષ્કૃતને ઉત્પન્ન કરનારી કહી છે. તે વિષે શ્રી બૃહત્કલ્પસૂત્રને વિષે કહ્યું છે કે—

" उस्सुत्तभासगा जे ते, दुक्करकारगाऽवि सच्छंदा ।
ताणं न दंसणं पि हु, कप्पइ कप्पे जओ भणियं ॥
जे जिणवयणुत्तिन्नं, वयणं भासंति अहव मन्नंति ।
सम्मद्दिट्ठीणं तद्दंसणं पि संसारवुड्ढिकरं ॥ "

"જેઓ ઉત્સૂત્રભાષી છે તેઓને દુષ્કર કાર્ય કરનાર છતાં પણ સ્વચ્છંદી જાણવા, તેમનું દર્શન કરવું પણ યોગ્ય નથી એમ સૂત્રમાં કહ્યું છે. જેઓ જિનેશ્વરના વચનથી વિરૂદ્ધ વચન બોલે છે અથવા માને છે, તેમનું દર્શન પણ સમ્યગ્દૃષ્ટિને સંસારની વૃદ્ધિ કરનારૂં છે." ૧૯

જેઓ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરનારા હોય તથા ઉત્સૂત્રની પ્રરૂપણા કરનારા હોય, તેઓ કષ્ટકારી ક્રિયાને કરતા હોય તોપણ તેઓએ કરેલું વ્રત નિયમાદિક સર્વ અનુષ્ઠાન નિષ્ફળ જ છે તે ઉપર કહે છે—

अइक्कमित्ता जिणरायआणं, तवंति तिव्वं तवमप्पमाणं ।
पढंति नाणं तह दिंति दाणं, सव्वं पि तेसिं कयमप्पमाणं ॥२

**મૂળાર્થ**—જેઓ જિનરાજની આજ્ઞાને ઉલ્લંઘન કરી ઘણું તીવ્ર તપ તપે છે, જ્ઞાન ભણે છે તથા દાન આપે છે, તેઓનું કરેલું સર્વ કૃત્ય અપ્રમાણ–નિષ્ફળ છે. ૨૦

**ટીકાર્થ**—જિનેશ્વરની આજ્ઞાને ઉલ્લંઘન કરી તીવ્ર અને અપ્રમાણ એટલે ઘણું છઠ્ઠ અઠ્ઠમાદિક તપ કરે છે, આગમરૂપ જ્ઞાનને ભણે છે, તથા અભયદાનાદિક દાનને આપે છે ઇત્યાદિક સર્વ મિથ્યા આગ્રહે કરીને જેમની બુદ્ધિ ગ્રસ્ત થયેલી છે એવા મનુષ્યોનું કરેલું નિષ્ફળ છે. તેમનું સર્વ અનુષ્ઠાન અપ્રમાણ જ છે–પ્રમાણપણાને

પ્રામતું જ નથી. જિનેશ્વરની આજ્ઞાથી બહિર્મુખ થઇને જે મનુષ્ય પોતાની બુદ્ધિથી સદાચરણ પણ કરે છે, છતાં તે સર્વ નિષ્ફળ જાય છે. આ હકીકત ઉપર જમાલિની કથા છે. ૨૦

જેઓ જિનેશ્વરની આજ્ઞાના આરાધક છે, તેઓ સુખે કરીને સિદ્ધિ સમૃદ્ધિને સાધનારા થાય છે, તે ઉપર કહે છેઃ—

**जिणाण जे आणरया सयाऽवि, न लग्गई पावमई कयाऽवि ।**
**तेसिं तवेणांऽपि विणा विसुद्धी, कम्मक्खएणं च हविज्ज सिद्धी ।२१।**

**મૂળાર્થ**—જેઓ નિરંતર જિનેશ્વરની આજ્ઞામાં રક્ત છે તેઓને કદાપિ પાપબુદ્ધિ થતી નથી, તેમજ તેમની તપ વિના પણ શુદ્ધિ થાય છે અને કર્મના ક્ષયવડે સિદ્ધિ થાય છે. ૨૧.

**ટીકાર્થ**—જે માણસો જિનેશ્વરની–સર્વજ્ઞની આજ્ઞાનું આરાધન કરવામાં સર્વદા રક્ત–રાગી હોય છે, તેઓના ચિત્તમાં કદાપિ પાપબુદ્ધિ ઉત્પન્ન થતી નથી, તેમને તપસ્યા કર્યા વિના પણ વિશુદ્ધિ–પાપરૂપી પંકનું પ્રક્ષાલન થાય છે, તથા કર્મના ક્ષયવડે કરીને સિદ્ધિ–મોક્ષ પ્રાપ્ત થાય છે. જે રાગાદિકને જીતે તે જિન કહેવાય છે, તેથી ગૃહવાસમાં વસતાં છતાં પણ જેઓનું મન રાગરહિત હોય છે, તેઓને તપશ્ચર્યા કર્યા વિના પણ શુદ્ધિ તથા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ વિષય ઉપર શ્રી પૃથ્વીચંદ્રનું ઉદાહરણ આપેલું છે. ૨૧.

પૂર્વે જિનેશ્વરની આજ્ઞાનું આરાધન પ્રતિપાદન કર્યું. હવે તે જિનાજ્ઞાની આરાધના બહુશ્રુત ગુરૂની સેવા કર્યા વિના સારી રીતે બની શકતી નથી તેથી ક્રમે આવેલો બહુશ્રુત સેવાનો ઉપદેશ કહે છેઃ-

**बहुस्सुयाणं सरणं गुरूणं, आगम्म निच्चं गुणसागराणं ।**
**पुच्छिज्ज अत्थं तह मुक्खमग्गं, धम्मं वियाणित्तु चरिज्ज जुग्गं ॥२२॥**

**મૂળાર્થ**—ઘણા શ્રુતને જાણનાર તથા ગુણના સાગરરૂપ ગુરૂનું નિરંતર શરણ પામીને, પરમાર્થને પૂછીને, તથા મોક્ષમાર્ગ અને ધર્મને જાણીને યોગ્ય આચરણ કરવું જોઇએ. ૨૨.

**ટીકાર્થ**—ઘણું શ્રુત–સૂત્ર જેને વિષે તે બહુશ્રુત કહેવાય. એવા બહુશ્રુત ગુરૂનું એટલે બહુશ્રુત હોવાથી તત્ત્વનો ઉપદેશ કરનારનું શરણ નિરંતર પામીને, તે ગુરૂ કેવા છે? જ્ઞાનાદિક ગુણોના સમુદ્ર–ભંડાર સમાન એવા ગુરૂને અર્થ–પરમાર્થ પૂછવો, તથા મોક્ષમાર્ગને–કર્મબંધથી મુક્ત થવાના માર્ગને પૂછવો, કારણ કે ગુરૂની સેવા કર્યા વિના જીવને તત્ત્વમાર્ગની પ્રાપ્તિ થવી દુર્લભજ છે, તેથી બહુશ્રુત ગુરૂને પૂછવા વડે ધર્મના સ્વરૂપને જાણીને શ્રાવકે જે આત્માને યોગ્ય–હિતકારક હોય તેનું આચરણ કરવું. તે વિષે ભગવતી સૂત્રમાં ગૌતમ સ્વામીના પ્રશ્ન અને શ્રીવીરભગવાનના જવાબ આ પ્રમાણે છે:— “હે ભગવન્! તેવા (બહુશ્રુત) સાધુ અથવા માહણની પર્યુપાસના કરનારને તે સેવાથી શું ફળ પ્રાપ્ત થાય? હે ગૌતમ! (ધર્મ) શ્રવણ કરવા રૂપ ફળ થાય. હે ભગવન્! (ધર્મ) શ્રવણ કરવાનું શું ફળ? હે ગૌતમ! જ્ઞાનરૂપ ફળ. હે ભગવન્! જ્ઞાનનું શું ફળ? હે ગૌતમ! વિજ્ઞાન થાય તે ફળ. હે ભગવન્! વિજ્ઞાનનું શું ફળ? પચ્ચખ્ખાણ રૂપ ફળ. હે ભગવન્! પચ્ચખ્ખાણનું શું ફળ? સંયમ ફળ. હે ભગવન્! સંયમનું શું ફળ? અનાશ્રવ–આશ્રવ રહિતપણું પ્રાપ્ત થાય તે ફળ. એજ પ્રમાણે અનાશ્રવનું ફળ તપ, તપનું ફળ નિર્જરા, નિર્જરાનું ફળ ક્રિયા રહિતપણું અને છેવટે હે ભગવન્! ક્રિયા રહિતપણાનું શું ફળ? હે ગૌતમ! ક્રિયા રહિતપણાનું મોક્ષ ફળ છે.” અહીં ગુરૂસેવા ઉપર જયંતી શ્રાવિકાની કથા આપેલી છે. ૨૨

ઉપરના શ્લોકમાં બહુશ્રુતની સેવા કલ્યાણકારી છે એમ કહ્યું,

હવે તેના પ્રતિપક્ષી અગીતાર્થની સેવા અકલ્યાણકારી હોવાથી તેનો નિષેધ કરે છે:—

**तुमं अगीयत्थनिसेवणेणं, मा जीव भद्दं मुण निच्छएणं ।**
**संसारमाहिंडसि घोरदुक्खं, कयावि पावेसि न मोक्खसुक्खं ॥२३॥**

**મૂળાર્થ**—હે જીવ ! તું અગીતાર્થની સેવાએ કરીને કલ્યાણ થશે એમ નિશ્ચે ન જાણ; તેથી તો ઘોર દુઃખવાળા સંસારમાં ભ્રમણ કરીશ અને કદાપિ મોક્ષસુખને પામીશ નહીં. ૨૩.

**ટીકાર્થ**—હે જીવ ! તું અગીતાર્થને સેવવાવડે કરીને નિશ્ચે ભદ્ર એટલે કુશળને ન જાણ. ઉત્તરાર્ધે કરીને તે અગીતાર્થની સેવાનું ફળ બતાવે છે. સૂત્ર અને તેના અર્થને નહીં જાણનારા ગુરૂની સેવા કરવાથી હું કલ્યાણનો ભાગી થઇશ એમ તું સમજીશ નહીં. પરંતુ તેથી તો ઉલટો ભયંકર દુઃખદાયક સંસારમાં ભ્રમણ કરીશ અને તેની સેવાથી કદાપિ મોક્ષના સુખને પામીશ નહીં. અહીં અગીતાર્થની સેવા ઉપર શ્રી મહાનીશીથ સૂત્રમાં કહેલું સુમતિ નાગીલનું દૃષ્ટાંત આપેલું છે. ૨૩

હવે કુમાર્ગના સંસર્ગમાં પડેલા મનુષ્યોને આ લોક તથા પરલોકના લાભની અત્યંત હાનિ થાય છે તે દેખાડે છે:—

**कुमग्गसंसग्गविलग्गबुद्धी, जो बुज्झई मुद्धमई न धिद्धी ।**
**तस्सेव एसो परमो अलाहो, अंगीकओ जेण जणप्पवाहो ॥२४॥**

**મૂળાર્થ**—કુમાર્ગના સંસર્ગમાં જેની બુદ્ધિ મગ્ન થઈ ગઇ હોય છે તે મુગ્ધ બુદ્ધિવાળો મનુષ્ય ( કોઇ રીતે ) પ્રતિબોધ પામતો

નથી, તેને ધિક્કાર છે. ( કારણ કે ) જેણે લોકપ્રવાહ અંગીકાર કર્યો છે, તેને જ આ મોટો અલાભ છે. ૨૪.

**ટીકાર્થ**—કુત્સિત–ખરાબ માર્ગના સંસર્ગમાં જેની બુદ્ધિ મગ્ન થઇ ગઇ હોય છે એવો જે મંદમતિવાળો પુરૂષ અન્યાય માર્ગમાં પ્રવર્ત્તતો હોવાથી બીજાએ કહેલો ઉપદેશ સાંભળ્યા છતાં પણ તત્ત્વને –હિતવાર્તાને સમજતો નથી, તેવા દુષ્ટ બુદ્ધિવાળાને ધિક્કાર છે. તેવો માણસ કોઇ પણ ઠેકાણે પ્રશંસાપાત્ર નથી, તેથી તેના જન્મને પણ ધિક્કાર છે. તેને જ આ મોટો અલાભ છે. એટલે મહત્ત્વ અને રાજ્યાદિક લાભની પણ તેને હાનિ થાય છે. જેણે લોકપ્રવાહ એટલે લોકને અનુકૂળ એવો અન્યાય માર્ગ સ્વીકાર્યો હોય તેને એવો અલાભ થવો જ જોઇએ. પ્રતિશ્રોત માર્ગનો સ્વીકાર તો અત્યંત દુષ્કર જ છે. ( નદીને સામે પૂરે જેમ મત્સ્ય ચાલે છે તેમ લોકપ્રવાહને સામે પૂરે એટલે સાંસારિક સુખાભિલાષથી ઉલટે માર્ગે ચાલવું એ પ્રતિશ્રોતમાર્ગ કહેવાય છે; અર્થાત્ સંસારના સુખની ઇચ્છા રાખ્યા વિના મોક્ષના સુખની ઇચ્છાથી ઉપસર્ગ–પરિષહાદિક દુઃખની સામે થવું તે પ્રતિશ્રોતમાર્ગ કહેવાય છે. ) આ વિષય ઉપર સૂર અને ચંદ્રની કથા કહેલી છે. ૨૪.

કષાયના ઉદયમાં વર્ત્તતા અને મહા દુઃખી અવસ્થાએ પહોંચાડનારા એવા ગૃહસ્થાવાસમાં વસનારા સંસારી જીવોને કાંઇ પણ સુખ નથી. જો કદાચ મહા દુઃખના ભંડારરૂપ આ સંસારરૂપી કારાગૃહમાં કાંઇ પણ સુખ હોય તો તે સાધુઓને જ છે, તે વાત દેખાડે છે.—

**छज्जीवकाए परिरक्खिऊणं, सम्मं च मिच्छं सुपरिक्खिऊणं ।**
**सिद्धंतअत्थं पुण सिक्खिऊणं, सुही जइ होइ जयम्मि नूणं ॥ २५ ॥**

**મૂળાર્થ**—છ જીવ નિકાયની રક્ષા કરીને, સમકિત તથા મિથ્યાત્વની પરીક્ષા ( વિવેચન ) કરીને અને સિદ્ધાંતના અર્થને શીખીને મુનિ આ જગતમાં ખરેખર સુખી થાય છે. ૨૫.

**ટીકાર્થ**—પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય રૂપ છ જીવનિકાયનું સારી રીતે રક્ષણ કરીને—પાળીને, તથા સમ્યક્ત્વ—સમ્યક્ તત્ત્વની અને તેથી વિપરીત એવા મિથ્યાત્વની બહુ સારી રીતે પરીક્ષા કરીને—સારી રીતે વિવેચન કરીને, તથા આપ્તકથિત એટલે જિનેશ્વરે કહેલા સિદ્ધાંતના વ્યાખ્યાન રૂપ અર્થને એટલે ટીકા, ભાષ્ય, નિર્યુક્તિ અને ચૂર્ણિમાં પ્રતિપાદન કરેલા અર્થને બરાબર શીખીને—સારી રીતે જાણીને મુનિ જ ગુરૂએ કહેલા પ્રકારે વર્ત્તવાથી આ જગતમાં ખરેખર સુખી થાયછે. તે વિના બીજો કોઇ આ સંસારમાં વાસ્તવિક સુખી નથી. આ વિષયને સ્પષ્ટ કરવા માટે શાલ નામના ક્ષત્રિયનું દૃષ્ટાંત આપેલું છે. ૨૫.

હવે સામાન્ય પ્રકારે કષાયનો ત્યાગ કરવા ઉપદેશ આપે છે—

**इमे चइज्जंति जया कसाया, तया गया चित्तगया विसाया ।**
**पसंतभावं खु लहिज्ज चित्तं, तत्तो भवे धम्मपहे थिरत्तं ॥२६॥**

**મૂળાર્થ**—જ્યારે આ કષાયો તજાય છે, ત્યારેજ ચિત્તમાં રહેલા વિષાદ ( ખેદ )નો નાશ થાય છે, અને જ્યારે ચિત્ત પ્રશાંતભાવને પામે છે, ત્યારેજ ધર્મમાર્ગમાં સ્થિરતા થાય છે. ૨૬

**ટીકાર્થ**—કષ એટલે કર્મ અથવા સંસાર, તેનો આય એટલે લાભ છે જેનાથી તે કષાયો કહેવાય છે, તે ક્રોધાદિક છે. આ એટલે પ્રત્યક્ષ દેખાતા ( એવા કષાયો ) જ્યારે તજાય છે એટલે આત્માની સાથે રહેલા તે કષાયો અગ્નિમાં ધમેલા ગોળાના ન્યાયવડે દૂર કરાય

છે, ત્યારેજ ચિત્તમાં રહેલા પશ્ચાત્તાપાદિક વિષાદો નાંશ પામે છે. જેનાથી પ્રાણીઓ ખેદ પામે તે વિષાદ કહેવાય છે. કષાયને પામેલો પ્રાણી પ્રાયે કરીને વિષાદને પામેલો જ હોય છે; માટે જ્યારે તે કષાયો તજાય છે, ત્યારે આત્મા સમાધિ પામેલો થાય છે, કેમકે "બીજના અભાવે અંકુરની ઉત્પત્તિનો પણ અભાવ જ હોય છે." એ ન્યાયે કારણને અભાવે કાર્યનો પણ અભાવ હોય જ છે. તેથી ક્રોધાદિક કષાયને અભાવે ચિત્ત પ્રશાંત ભાવને પામે છે, અને ચિત્ત શાંતતાને પામવાથી આત્મા ધર્મમાર્ગમાં સ્થિરતાને પામે છે. આ ઉપર સેચનક હસ્તીનું દૃષ્ટાંત આપેલું છે. ૨૬

હવે યૌવન, ધન, ધાન્ય અને કુટુંબ વિગેરેની અનિત્યતાને પ્રગટ કરતા સતા કહે છે—

**धणं च धन्नं च बहुप्पयारं, कुडुंबमेयं पि धुवं असारं ।**
**जाणित्तु धम्मं कुरु सव्ववारं, जओ लहिज्जा लहु दुरकपारं ॥२७॥**

**મૂલાર્થ**—ઘણા પ્રકારનું ધન અને ધાન્ય તથા આ કુટુંબ પણ નિશ્ચે અસાર છે એમ જાણીને સર્વદા તું ધર્મ કર, કે જેથી શીઘ્રપણે દુઃખનો પાર પામી શકાય. ૨૭.

**ટીકાર્થ**—રૂપું, સુવર્ણ અને નાણું વિગેરે ધન અને ઘઉં, જવ, શાલિ વિગેરે ચોવીશ પ્રકારનું ધાન્ય તથા આ સમીપે રહેલું બંધુ, પુત્ર, ભાર્યા, પુત્રી વિગેરે કુટુંબ પણ અવશ્ય અસાર-નિઃસાર છે. જો તત્ત્વબુદ્ધિથી વિચાર કરાય તો પ્રાયે કરીને સર્વ પરિવાર સ્વાર્થના વશથીજ એકત્ર મળેલ છે એમ ચિંતવન કરીને-આ પ્રમાણે જાણીને હે જીવ! સર્વદા જૈનધર્મને અંગીકાર કર. ( અહીં હે જીવ! એવું સંબોધન મૂળ શ્લોકમાં કહ્યું નથી તો પણ ઉપરથી

લેવું.) જૈનધર્મને આદરવાથી શીઘ્રપણે દુઃખનો પાર પમાય છે. અહીં શ્રી જ્ઞાતાધર્મકથા નામના સૂત્રમાં કહેલું થાવચ્ચાપુત્રનું ચરિત્ર આપેલું છે. ૨૭

હવે વિષયોની અનિત્યતાને તથા તેમને વિષે આસક્તિના નિષેધને કહે છે—

**असासएसुं विसएसु सज्जो, जो मुज्झई मिच्छपहे अणज्जो ।**
**सो चंदणं रक्खकए दहिज्जा, चिंतामणिं कायकए गमिज्जा ॥२८॥**

**મૂળાર્થ**—અશાશ્વતા વિષયોમાં આસક્ત થયેલો જે અનાર્ય મનુષ્ય મિથ્યાત્વ માર્ગને વિષે મોહ પામે છે, તે મનુષ્ય રાખને માટે ચંદનને બાળે છે, અને કાચને માટે ચિંતામણિ રત્નને ગુમાવી દે છે–ફેંકી દે છે. ૨૮.

**ટીકાર્થ**—અશાશ્વતા એટલે સ્વલ્પ કાળ રહેનારા શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ નામના વિષયોમાં સજ્જ–સાવધાન થયો છતો જે અનાર્ય–મૂર્ખ માણસ મિથ્યા માર્ગમાં–અતાત્ત્વિક માર્ગમાં મોહ પામે છે, (શીઘ્રપણે હેય ધર્મથી–પાપથી જે દૂર થાય તે આર્ય કહેવાય છે, તેનાથી જે વિપરીત તે અનાર્ય કહેવાય છે.) અર્થાત્ જે પુરૂષ દીક્ષા લઈને પણ પાછો વિષયોને વિષે આસક્ત થાય છે તેને કેવો જાણવો? તે ઉપર કહે છે કે—તે પુરૂષ રક્ષા ભસ્મને માટે ચંદનના કાષ્ટને બાળી નાંખે છે, તથા કાગડાને ઉડાડવા માટે અથવા કાચનો સંગ્રહ કરવા માટે ચિંતામણિ રત્નને ગુમાવી દે છે. આ અર્થને પ્રગટ કરવા માટે અનેક શ્રાવકોને પ્રસન્ન કરનાર શ્રી ઈલાપુત્રનું ચરિત્ર આપેલું છે. ૨૮

હવે શ્રાવકનો વિશુદ્ધ આચાર પ્રગટ કરવા માટે કહે છે.—

२ १ ३ ४ ५ ६ ७
पूया जिणाणं सुगुरूण सेवणं, धम्मक्खराणं सवणं वियारणं।
८ ९ १० ११ १२
तवोविहाणं तह दानदापणं, सुसावयाणं बहुपुन्नभायणं ॥२९॥

**મૂળાર્થ**—જિનેશ્વરની પૂજા, સદ્ગુરૂની સેવા, ધર્મશાસ્ત્રનું શ્રવણ, તેનો વિચાર, તપસ્યા કરવી તથા દાન આપવું અને અપાવવું એ સર્વ સુશ્રાવકોને ઘણા પુણ્યનું પાત્ર–સ્થાન–કારણ છે. ૨૯.

**ટીકાર્થ**—રાગદ્વેષને જીતનારા શ્રી જિનેશ્વરોની અષ્ટ પ્રકારે, સત્તર પ્રકારે તથા એકવીશ પ્રકારે સિદ્ધાંતમાં વર્ણવેલી પૂજા અથવા દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે પૂજા કરવી.[1] તથા જે સારી રીતે તત્ત્વ–માર્ગનો ઉપદેશ આપે તે ગુરૂ કહેવાય છે, તેમની સેવા–પર્યુપાસના કરવી. તે વિષે શ્રી ઉત્તરાધ્યયનને વિષે કહ્યું છે કે—

" अब्भुट्ठाणं अंजलिकरणं तहेवासणदापणं ।
गुरुभत्तिभावसुस्सूसा विणओ एस वियाहिओ ॥ "

"ગુરૂને આવતા દેખીને ઉઠીને ઉભા થવું, હાથ જોડવા, તેમજ આસન આપવું એ ગુરૂભક્તિ કહેવાય છે, અને તેમનો વિનય કરવો એ ભાવ શુશ્રૂષા કહેવાય છે." આ પ્રમાણે ગુરૂની સેવાનો ક્રમ અંગીકાર કરવો. તથા ધર્મમય અક્ષરોનું નિરંતર શ્રવણ કરવું. સદ્ગુરૂની સેવાનું એજ ફળ છે. આ રીતે કરવાથી શ્રાવકપણું યથાર્થ ઘટી શકે છે. ત્યારપછી તેનો વિચાર કરવો. શાસ્ત્રશ્રવણનું ફળ એજ છે કે તત્ત્વનો વિચાર કરવો; કેમકે વિચાર કરવાથી જ બુદ્ધિના ગુણો પ્રગટ થાય છે. બુદ્ધિના ગુણો આ પ્રમાણે છે:—

" शुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा ।
ऊहापोहोऽर्थविज्ञानं, तत्त्वज्ञानं च धीगुणाः ॥ "

---

૧ ઉપર જણાવેલા ભેદોનો તે બેમાં સમાવેશ થઇ જાય છે.

"શ્રવણ કરવાની ઈચ્છા ૧, શ્રવણ ૨, ગ્રહણ ૩, ધારણા ૪, ઉહા ને અપોહ–તર્ક વિતર્ક ને નિર્ણય ૫–૬, અર્થનું વિજ્ઞાન ૭ તથા તત્ત્વજ્ઞાન ૮ એ બુદ્ધિના આઠ ગુણો છે."

તથા બાર પ્રકારનો તપ કરવો અને જે અપાય તેને દાન કહીએ એટલે પોતે દાન આપવું અને બીજા પાસે દાન અપાવવું, આ સાત કૃત્યો કરવાથી પ્રાણી સાતે નરકની પીડાનો સર્વથા નાશ કરે છે, અને આ સુકૃત્યો સુશ્રાવકોને ઘણાં પુણ્યસમૂહનાં ભાજનરૂપ થાય છે.

આ પ્રમાણે શ્લોકનો સંક્ષિપ્ત અર્થ થયો. વિસ્તરાર્થને માટે ટીકાકારે દૃષ્ટાંતો આપેલાં છે, તેમાં પ્રથમ જિનપૂજા ઉપર **ધનદની** કથા છે. ત્યાર પછી સદ્ગુરૂની સેવાનું ફળ કહેલું છે. તેમાં સદ્ગુરૂની સેવા આ લોક તથા પરલોકાદિકના સર્વ અર્થને સાધનારી થાય છે, તે ઉપર **નમિ** અને **વિનમિની** કથા છે. ત્યાર પછી કાવ્યના બીજા પદમાં કહેલા ધર્મના અક્ષરોનું શ્રવણ તથા તેનો વિચાર એ બે પ્રકારને એકજ દૃષ્ટાંતમાં બતાવેલા છે. પ્રથમ તો ધર્મના અક્ષરોનું શ્રવણ કરવું એજ અતિ દુર્લભ છે, અને ત્યાર પછી તેના અર્થનો વિચાર કરવો તે તો અત્યંત દુર્લભ છે. સમ્યક્ અર્થનો વિચાર તો પુણ્યવંતોથીજ થઈ શકે છે. આ વિષય ઉપર **ચિલાતી પુત્રનું** કથાનક આપેલું છે. ત્યાર પછી તપસ્યા કરવા ઉપર **સ્કંદક આચાર્યની** કથા આપી છે. ત્યાર પછી સુપાત્ર દાન ઉપર શ્રીવિપાકસૂત્રમાં કહેલું **શ્રીભદ્રનંદીનું** ચરિત્ર વિસ્તારથી આપેલું છે. ૨૯

હવે સર્વ કષાયોનો ત્યાગ કરવા સંબંધી ઉપદેશ તેના કટુફળ બતલાવવા પૂર્વક આપે છે.

**कोहाइया सोलस जे कसाया, पच्चक्खरूवा नणु ते पिसाया ।**
**छलंति ते लोयमिमं समग्गं, दुक्खं समप्पंति तहा उदग्गं ॥३०॥**

**મૂલાર્થ**—જે ક્રોધાદિક સોળ કષાયો છે, તે ખરેખર પ્રત્યક્ષ રૂપ વાળા પિશાચોજ છે, તેઓ આ સમગ્ર લોકને છળે છે, અને ઉગ્ર દુ:ખને આપે છે-કરે છે. ૩૦

**ટીકાર્થ**—ક્રોધ છે આદિમાં જેના તે ક્રોધાદિક કહેવાય છે તે છ અને દશ એટલે સોળ કષાયો પ્રસિદ્ધ છે. કષાયોમાં ક્રોધજ મુખ્ય છે. ( લોકો કષાય શબ્દે ક્રોધનેજ ઓળખે છે. ) માન તો ક્રોધને અનુસરનારો છે. વળી એ બન્નેનો અવિનાભાવ છે, એટલે કે તેઓ એક બીજા વિના રહી શકતા નથી, અર્થાત્ જ્યાં ક્રોધ હોય ત્યાં અવશ્ય માન હોયજ છે. અને જ્યાં માયા હોય ત્યાં લોભ પણ હોય છે, એ બન્ને પણ એક સાથેજ રહે છે, એટલે કે જે પુરૂષ માયાવી હોય તે અવશ્ય લોભી હોય જ છે, અને જે કોઇ માયા રહિત હોય તે લોભ રહિત હોય છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર પ્રકારના કષાયો છે. તે દરેકના સંજ્વલન, પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન અને અનંતાનુબંધિ એવા ચાર ચાર ભેદો હોવાથી સોળ પ્રકાર થાય છે. તેમાં ચારિત્રી-સાધુને પણ કાંઇક જાજ્વલ્યમાન કરવાથી સંજ્વલન કહેવાય છે, સર્વવિરતિનો નિષેધ કરવાથી પ્રત્યાખ્યાનાવરણ નામનો બીજો ભેદ છે, દેશ વિરતિ અને સર્વ વિરતિ એ બન્નેના પ્રત્યાખ્યાનનો નિષેધક હોવાથી ત્રીજો ભેદ અપ્રત્યાખ્યાન નામનો છે અને અનંત ભવ સુધી અનુબંધ કરાવનાર-અનુસરનાર હોવાથી ચોથો કષાય અનંતાનુબંધી નામનો કહેવાય છે. જો કે આ અનંતાનુબંધી કષાયનો ઉદય બીજા ત્રણ પ્રકારના કષાયોના ઉદય વિના હોતો નથી, તો પણ અવશ્ય અનંત સંસારના મૂળ કારણરૂપ મિથ્યાત્વના ઉદયનો આક્ષેપક ( આકર્ષણ કરનાર ) હોવાથી તેનેજ અનંતાનુબંધી એવું નામ આપેલું છે. કહ્યું છે કે—

" जाजीव वरिस चउमास पक्खगा निरयतिरिनराअमरा ।
सम्माणु सव्वविरई अहक्खाय चरित्त घायकरा ॥ "

" અનંતાનુબંધી કષાયો જાવજીવ પર્યંત રહેનારા, નરકગતિ આપનારા અને સમ્યકત્વનો ઘાત કરનારા છે. ૧. અપ્રત્યાખ્યાની કષાયો એક વર્ષની સ્થિતિવાળા, તિર્યંચ ગતિ આપનારા અને દેશવિરતિનો ઘાત કરનારા છે. ૨. પ્રત્યાખ્યાની કષાયો ચાર માસની સ્થિતિવાળા, મનુષ્યગતિ આપનારા અને સર્વવિરતિનો ઘાત કરનારા છે. ૩. અને સંજ્વલન કષાયો એક પખવાડીયા સુધી રહેનારા, દેવગતિને આપનારા અને યથાખ્યાત ચારિત્રનો ઘાત કરનારા છે. ૪. આ સર્વ વ્યવસ્થા વ્યવહારથી કહી છે; કારણ કે બાહુબલિ વિગેરેને સંજ્વલન કષાય છતાં તેની સ્થિતિ પક્ષાદિકથી વધારે (વર્ષ પર્યંતની) સંભળાય છે. તથા કેટલાક મુનિઓને અનંતાનુબંધ્યાદિક કષાયનો ઉદય માત્ર અંતર્મુહૂર્તાદિક કાળ સુધીજ રહેલો સંભળાય છે. ગાથામાં કારણને વિષે કાર્યનો ઉપચાર કરવાથી અનંતાનુબંધ્યાદિક કષાયો પણ નરકાદિક ગતિરૂપ છે એમ કહ્યું છે. ( બાકી વાસ્તવિક તો તે નરકાદિકના કારણરૂપ છે.) આ વ્યવસ્થા પણ વ્યવહારનો આશ્રય કરીનેજ કહી છે, અન્યથા અનંતાનુબંધીના ઉદયવાળા પણ કેટલાએક મિથ્યાદૃષ્ટિઓની ( અભવ્ય સુધાંતની ) ઉપરના ગ્રૈવેયકોને વિષે ( નવ ગ્રૈવેયક સુધી ) ઉત્પત્તિ સંભળાય છે, પ્રત્યાખ્યાનાવરણના ઉદયવાળા દેશવિરતિઓની દેવગતિ સંભળાય છે, તથા અપ્રત્યાખ્યાનના ઉદયવાળા જીવોની અને મિથ્યાદૃષ્ટિ દેવોની મનુષ્યગતિ સંભળાય છે. તેથી આ સોળ ભેદોમાંથી ચોસઠ ભેદો પણ સંભવી શકે છે. તે આ પ્રમાણે:—સંજ્વલન સંજ્વલન ક્રોધ ૧, સંજ્વલન પ્રત્યાખ્યાન ક્રોધ ૨,

સંજ્વલન અપ્રત્યાખ્યાન ક્રોધ ૩, સંજ્વલન અનંતાનુબંધી ક્રોધ ૪. એજ પ્રમાણે પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની અને અનંતાનુબંધી ક્રોધના પણ ચાર ચાર ભેદ કરવાથી સોળ પ્રકારનો ક્રોધ થાય છે. એજ પ્રમાણે માન, માયા અને લોભના પણ સોળ સોળ ભેદ થવાથી કુલ ચોસઠ ભેદ થાય છે. જો આ કષાયોના ચોસઠ પ્રકાર ન હોય તો કૃષ્ણ, શ્રેણિક અને સત્યકિ વિગેરે કે જેઓ ક્ષાયિક સમકિતવાળા હતા, તેઓ પણ નરકગતિગામી કેમ હોય? માટે તેમાં સંજ્વલન અનંતાનુબંધીનોજ ઉદય કારણરૂપે છે એમ સિદ્ધ થાય છે. "

જે ક્રોધાદિક સોળ કષાયો છે, તે પ્રત્યક્ષ સ્વરૂપવાળા પિશાચો જ છે એમ જાણવું. તે કષાયોનું કર્ત્તવ્ય-કાર્ય કહે છે. તે કષાયો આ પ્રત્યક્ષ દેખાતા સમગ્ર લોકને છળે છે, તથા શરીર અને મન સંબંધી ઉગ્ર દુ:ખને આપે છે. જેઓ કષાયરૂપી પિશાચોથી ઠગાયા નથી તેઓજ ધીર કહેવાય છે, બીજાઓ ધીર કહેવાતા નથી. તે ઉપર **શ્રીદમદંત રાજર્ષિની** કથા આપેલી છે. ૩૦.

હવે અન્યનો ઉપહાસ ( હાંસી ) કરવો તે ઉત્તમ પુરૂષોને અત્યંત અનુચિત છે તે વિષે ઉપદેશ આપે છે:—

**परोपहासं न कहिंपि कुज्जा, लहुत्तणं जेण जणो लहिज्जा ।**
**परस्स दोसेसु मणं न दिज्जा, धीमं नरो धम्मधुरं धरिज्जा ॥३१॥**

**મૂળાર્થ**:—જે કરવાથી માણસ લઘુપણાને પામે છે એવું પરનું ઉપહાસ કદાપિ કરવું નહીં; તથા પરના દોષોને વિષે મન દેવું નહીં. એમ કરવાથી બુદ્ધિમાન મનુષ્ય ધર્મની ધુરાને ધારણ કરી શકે છે. ૩૧.

**ટીકાર્થ**:—પરનો એટલે પોતાથી બીજાનો ઉપહાસ એટલે

દોષનું ઉદ્‍ઘાટન કદાપિ એટલે સારી અથવા માઠી દશામાં પણ કરવું નહીં એ શિષ્ટજનોનો આચાર છે, ઉપહાસ કરવાથી મનુષ્ય લઘુતાને પામે છે. તથા પરના દોષને વિષે મનને ધારણ કરવું નહીં, ( પરના દોષ જોવા નહીં. ) એમ કરવાથી બુદ્ધિમાન્ માણસ ધર્મધુરાને ધારણ કરે છે. અહીં પરના ઉપહાસ ઉપર **સાધારણ શ્રેષ્ઠિની** કથા આપી છે; તથા પરના છતા દોષોને પણ પ્રગટ કરવા નહીં એ ઉપર **શ્રાવકના પુત્રનું** દષ્ટાંત આપેલું છે. ૩૧.

હવે દશ પ્રકારના વિનયને પ્રગટ કરતા સતા કહે છે:—

**जिणिंदसिद्धारियचेइयाणं, संघस्स धम्मस्स तहा गुरूणं ।**
**सुयस्सुवज्झायसुदंसणेसु, दसण्हमेसिं विणयं करेसु ॥ ३२ ॥**

**મૂળાર્થ**—જિનેંદ્ર, સિદ્ધ, આચાર્ય, ચૈત્ય, સંઘ, ધર્મ, ગુરૂ, શ્રુત, ઉપાધ્યાય તથા સમકિતધારી–આ દશનો વિનય કરવો. ૩૨

**ટીકાર્થ**—જિન એટલે સામાન્ય કેવળી, તેમના જે ઇંદ્રો તે જિનેંદ્ર કહેવાય છે. તથા કર્મનો ક્ષય કરીને જેઓ સિદ્ધિને પામ્યા હોય તે સિદ્ધો પંદર [૧]પ્રકારના છે. પાંચ પ્રકારના આચાર પાળવામાં સાવધાન હોય તે આચાર્ય કહેવાય છે. ચિત્તની સમાધિને ઉત્પન્ન કરનારાં ચૈત્યો તે જિનપ્રતિમા કહેવાય છે. ગાથામાં જિનેંદ્ર, સિદ્ધ, આચાર્ય અને ચૈત્ય એ ચાર શબ્દનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. તથા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચાર પ્રકારનો **સંઘ**, દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરે તે **ધર્મ**, તથા ધર્મના માર્ગને બતાવે તે **ગુરૂ**–ધર્મોપદેષ્ટા, જે કર્ણવડે સંભળાય તે **શ્રુત**–દ્વાદશાંગીરૂપ,

૧ આ પંદર પ્રકાર છેલ્લા મનુષ્યભવને લઇને ઔપચારિક છે સિદ્ધપણામાં તો સર્વ જીવ એક સરખા જ છે, ત્યાં બીલકુલ ભેદ નથી.

અને જેની સમીપે આવીને ભણીએ તે ઉપાધ્યાય–તેઓ બાર અંગને ભણાવનારા હોય છે; તથા સારૂં એવું દર્શન તે સુદર્શન–ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક વિગેરે ભેદવાળું સમ્યકત્વ. અહીં ઉપાધ્યાય અને સદ્દર્શન એ બે શબ્દનો દ્વન્દ્વ સમાસ કરેલો છે. આ ઉપર કહેલા સર્વનો (દશેનો) હે ભવ્ય! તું વિનય કર. આ દશનો વિનય કરનાર પુરૂષ સમ્યકત્વની શુદ્ધિને પામે છે; કારણકે તીર્થંકરોએ વિનયનેજ ધર્મનું મૂળ કહેલો છે. જિનધર્મને વિષે આ દશને જ વિનયને યોગ્ય કહેલા છે, બીજાને કહ્યા નથી.[1] આ દશનો વિનય કરનારા પ્રાણીઓ સ્વર્ગ તથા મુક્તિપુરીના ઐશ્વર્યને ભોગવનારા થાય છે. આ લોકમાં પણ રાજા, પ્રધાન તથા માતાપિતાની ભક્તિમાં તત્પર થયેલા મનુષ્યો ખેદ પામતા નથી, તોપછી અર્હન્ વિગેરેનો વિનય કરવાથી તો ખેદ પામેજ શેના? એવા ખેદરહિતપણે વિનય કરનારને આલોક તથા પરલોકમાં અવશ્ય ઉત્તમ પદવી પ્રાપ્ત થાય છે. આ દશ પ્રકારના વિનય ઉપર શ્રી ભુવનતિલકની કથા આપેલી છે. ૩૨

પ્રથમ સામાન્ય રીતે કષાયોનું સ્વરૂપ વિસ્તારથી કહ્યું છે, હવે પૃથક્ પૃથક્ ચાર શ્લોકોવડે ઉપદેશ આપે છે:—

**मणे मणागं पिहु तिव्वरोसो, न धारियव्वो कयपावपोसो ।**
**जओ भवे पुन्नजलस्स सोसो, संपज्जए कस्स वि नेव तोसो ॥३३॥**

**મૂળાર્થ**—પાપને પુષ્ટ કરનાર તીવ્ર ક્રોધ મનમાં લગાર માત્ર પણ ધારણ કરવો નહીં; કારણકે તેથી પુણ્યરૂપી જળનું શોષણ થાય છે અને કોઇને પણ તોષ–સંતોષ થતો નથી. ૩૩

---

૧ આ દશમાં વિનય કરવા યોગ્ય સર્વનો સમાવેશ થઇ જાય છે–કોઇ બાકી રહેતુ નથી.

**ટીકાર્થ**—મનમાં થોડો પણ તીવ્ર રોષ-ક્રોધ ધારણ કરવો નહીં. તે રોષ કેવો છે ? કર્યો છે પાપનો પોષ-પુષ્ટતા જેણે એવો છે. જે કોપથી પુણ્યરૂપી જળનો શોષ-શુષ્કતા થાય છે. તેમજ કોઇને પણ તોષ-સંતોષ ઉત્પન્ન થતો નથી. ક્રોધની ઉત્પત્તિ થવાથી પાપની જ પુષ્ટિ થાય છે, ધર્મની પુષ્ટિ થતી નથી. કહ્યું છે કે—

**"क्रोधाद्भवति विरोधः, सुदृढप्रेमाऽपि याति दूरेण ।**
**क्रोधान्निश्चितधर्मः, शर्म न चित्ते न चाङ्गेऽपि ॥**
**सामान्येनापि जनेन, नात्र भाव्यं सुदीर्घरोषेण ।**
**पुनरिह तपस्विनां किं, कथनं निश्छद्मधर्मभृताम् ॥"**

"ક્રોધથી વિરોધ થાય છે, દૃઢ પ્રીતિ પણ દૂર જાય છે, ક્રોધથી અવશ્ય ધર્મનો નાશ થાય છે, તથા ચિત્તમાં અને શરીરમાં પણ સુખ ઉત્પન્ન થતું નથી. આ જગતમાં સામાન્ય માણસો પણ અત્યંત ક્રોધવાળા થવું નહીં, તોપછી નિષ્કપટ ધર્મને ધારણ કરનાર તપસ્વિઓને તો ક્રોધ કરવો નજ જોઇએ તેમાં શું કહેવું ? તેમણે તો કોપનો સર્વથા નાશ કરવો એજ કલ્યાણકારક છે. ક્રોધને ધારણ કરવામાં તથા તેનો ત્યાગ કરવામાં **મંડૂકી સાધુનું** દૃષ્ટાંત આપેલું છે. ૩૩

હવે માનનો ત્યાગ કરવા વિષે ઉપદેશ આપે છે—

**महारिसीणं अरिणा समाणो, न आणियव्वो हिययम्मि माणो ।**
**धम्मं अहम्मं च वियाणमाणो, हुज्जा जणो जेण जडोवमाणो ॥३४॥**

**મૂળાર્થ**—મહા ઋષિઓને શત્રુ સમાન માન ચિત્તમાં લાવવું નહીં; કારણકે ધર્મ અધર્મને જાણતો એવો મનુષ્ય પણ માન-વડે જડ તુલ્ય થઇ જાય છે. ૩૪

**ટીકાર્થ**—મોટા ઋષિઓને પણ વૈરી સમાન એવું માન ( અહંકાર ) હૃદયમાં આણવું નહીં. કારણકે ધર્મને તથા અધર્મને વિશેષે કરીને જાણનાર મનુષ્ય પણ માનવડે કરીને જડની જેવો-મૂર્ખની જેવો થઇ જાય છે. મનમાં માન આવે તો જ્ઞાની પણ અ-વિનયને લીધે અજ્ઞાની થઇ જાય છે. આ ઉપર **શ્રીદશાર્ણભદ્રની** કથા આપેલી છે. ૩૪

હવે માયાને તજવા વિષે કહે છે—

**सुसाहुवग्गस्स मणे अमाया, निसेहियव्वा सययं पि माया ।**
**समग्गलायोण वि जा विमाया-समा समुप्पाइयसुप्पमाया ॥३५॥**

**મૂળાર્થ**—સુસાધુ જનોના મનમાં સ્થાનને નહીં પામેલી (નહીં સમાયેલી) માયા નિરંતર નિષેધ કરવા લાયક છે, કે જે માયા સમગ્ર લોકને પણ અત્યંત દુ:ખ ઉત્પન્ન કરનારી અને ઓરમાન માતા સમાન છે. ૩૫

**ટીકાર્થ**—સારા એવા સાધુઓ તે સુસાધુ કહેવાય છે, તેમના મનમાં નહીં સમાયેલી-સ્થિતિને નહીં પામેલી અર્થાત્ તેઓએ મન-માં નહીં ધારણ કરેલી એવી માયા સદાકાળ નિષેધ કરવા લાયક-ત્યાગ કરવા લાયક છે. જે માયા સમગ્ર લોકોને પણ ઓરમાન માતા તુલ્ય છે; કારણ કે તે અત્યંત પ્રમાદને-દુ:ખને ઉત્પન્ન કરનારી છે. અહીં સાધુએ તો માયા કરવી જ નહીં એ રહસ્ય છે; તથા કપટ રહિત ધર્મમાં પ્રવર્તવું એવો ઉપદેશ છે. ૩૫

હવે લોભનો નાશ કરવા માટે કહે છે:—

**जेणं भवे बंधुजणे विरोहो, विवड्ढए रज्जधणम्मि मोहो ।**
**जो जंपिओ पावतरुप्परोहो, न सेवियव्वो विसमो स लोहो ।३६।**

**મૂળાર્થ**—જે લોભવડે બંધુજનમાં વિરોધ થાય, રાજ્ય અને ધન ઉપર મોહ વધે, તથા જેને પાપવૃક્ષના અંકુર સમાન કહ્યો છે, તે વિષમ લોભ સેવવા લાયક નથી. ૩૬

**ટીકાર્થ**—જેનાથી બંધુજનમાં-સગાસંબંધી વર્ગમાં વિરોધ-વૈર ઉત્પન્ન થાય છે, તથા જેનાથી રાજ્ય અને ધન ઉપર મોહ વધે છે, તથા જેને તીર્થંકરોએ પાપરૂપી વૃક્ષના અંકુરા સમાન કહ્યો છે, એવો વિષમ લોભ સેવવા લાયક નથી. સાધુઓને તો વિશેષે કરીને નિર્લોભતા જ શ્રેયસ્કર છે એ અહીં તાત્પર્ય છે. ક્રોધ અને માન ઉપર બે દૃષ્ટાંતો પ્રથમ કહ્યા છે. હવે અહીં ચારે કષાયો ઉપર એકજ બલિરાજાના ચરિત્રમાં આપેલું **ભુવનભાનુનું** દૃષ્ટાંત આપેલું છે. ૩૬

હવે કઠોર વચનનો ત્યાગ કરવા માટે ઉપદેશ આપે છે.—

**जणो सुणित्ता नणु जाइ दुक्खं, तं जंपियव्वं वयणं न तिक्खं ।**
**इहं परत्थावि य जं विरुद्धं, न किज्जए तं पि कया निसिद्धं ॥३७॥**

**મૂળાર્થ**—અહો જે વચનને સાંભળીને માણસ દુઃખ પામે તેવું તીક્ષ્ણ-કઠોર વચન બોલવું નહીં, તેમજ જે આલોક તથા પરલોકને વિષે વિરૂદ્ધ હોય, તેવું નિષેધ કરેલું કાર્ય કદાપિ કરવું નહીં.

**ટીકાર્થ**—અહો ! લોકો જે વચનને સાંભળીને દુઃખ પામે તેવું તીક્ષ્ણ-મર્મસ્થાનને વીંધનારૂં કઠોર વચન કદાપિ બોલવું નહીં; તથા આલોકમાં અને પરલોકમાં જે વિરૂદ્ધ-નિંદિત હોય તેવું સર્વ લોકોએ નિષેધ કરેલું કાર્ય કદાપિ કરવું નહીં. આ ઉપર વૃદ્ધ માતા તથા તેણીના પુત્રનું દૃષ્ટાંત આપેલું છે. ૩૭

હવે શ્રાવકે પોતાના કુળને અયોગ્ય લાગે તેવો વેષ પહેરવો નહીં, ઇત્યાદિ ઉપદેશ આપે છે:—

**दव्वाणुरूवं विरइज्ज वेसं, कुज्जा न अन्नस्स घरे पवेसं ।**
**साहूणऽसाहूण तहा विसेसं, जाणिज्ज जंपिज्ज न दोसलेसं ॥३८॥**

**મૂળાર્થ**—ધનને યોગ્ય વેષ પહેરવો, (કારણ સિવાય) અન્યના ઘરમાં પ્રવેશ કરવો નહીં, સાધુ તથા અસાધુનો વિશેષ (આંતરો) જાણવો-સમજવો અને કોઇના દોષનો લેશ પણ બોલવો નહીં. ૩૮

**ટીકાર્થ**—દ્રવ્યને અનુકૂળ એટલે જેટલું પોતાની પાસે દ્રવ્ય હોય તેને અનુસારે વેષ પહેરવો, તથા બીજાના ઘરમાં કારણ વિના પ્રવેશ કરવો નહીં-જવું આવવું નહીં. સાધુ-સજ્જન અને અસાધુ-અસજ્જન (દુર્જન) તેનો વિશેષ-અંતર જાણવો, એટલે સાધુ પુરૂષ આવા હોય અને અસાધુજન આવા હોય એમ તેમનું આંતરૂં જાણવું -સમજવું. અને અસાધુ પુરૂષનો પણ લગાર માત્ર દોષ કોઇને કહેવો નહીં. અહીં વેષ ઉપર **મમ્મણશ્રેષ્ઠીનું** દૃષ્ટાંત છે, તથા બીજાના ઘરમાં પ્રવેશ નહીં કરવા ઉપર **કુળપુત્રનું** દૃષ્ટાંત આપેલું છે. ૩૮

હવે જ્ઞાનનો અભ્યાસ કરવા માટે ઉપદેશ કહે છે.—

**भत्ति गुरूणं हियए धरित्ता, सिक्खिज्ज नाणं विणयं करित्ता ।**
**अत्थं वियारिज्ज मईइ सम्मं, मुणी मुणिज्जा दसभेयधम्मं ॥३९॥**

**મૂળાર્થ**—મુનિએ હૃદયમાં ગુરૂમહારાજની ભક્તિ ધારણ કરીને તથા વિનય કરીને જ્ઞાન શીખવું જોઇએ, અને પોતાની બુદ્ધિથી સારી રીતે અર્થનો વિચાર કરવો જોઇએ, તથા દશ પ્રકારનો ધર્મ જાણવો જોઇએ. ૩૯

**ટીકાર્થ**—મુનિએ એટલે તત્ત્વને જાણનાર એવા યતિએ પોતાના હૃદયમાં જ્ઞાન ભણાવનાર ગુરૂની ભક્તિ-બહુમાનને ધારણ

કરીને તથા દશ પ્રકારના વિનયને કરીને શાસ્ત્રના સમૂહરૂપ જ્ઞાનને શીખવું જોઇએ; તથા પોતાની બુદ્ધિવડે સારી રીતે અર્થનો વિચાર કરવો જોઇએ; તથા ક્ષાંતિ વિગેરે દશ પ્રકારવાળો યતિધર્મ જાણવો જોઇએ. આ ઉપર સુબુદ્ધિ તથા દુર્બુદ્ધિની કથા આપેલી છે. ૩૯.

હવે છ હાસ્યાદિક ( નોકષાય ) નો ત્યાગ, છ વ્રતોનું પાલન, પાંચ પ્રમાદનો પરિહાર અને પાંચ અંતરાયનું નિવારણ કરવાનો ઉપદેશ કહે છે.—

**हासाइछक्कं परिवज्जियव्वं,छक्कं वयाणं तह सज्जियव्वं ।**
**पंचप्पमाया न हु सेवियव्वा, पंचंतरायावि निवारियव्वा ॥४०॥**

મૂળાર્થ—છ હાસ્યાદિકનો ત્યાગ કરવો, તથા છ વ્રતોને સજ્જ કરવા, પાંચ પ્રમાદોને ન સેવવા અને પાંચ અંતરાયોને નિવારવા—તજવા. ૪૦

ટીકાર્થ—આ શ્લોક (હાસ્યાદિક તથા વ્રત વિગેરેનો) સંગ્રહ કરનાર છે. એનો મોટો વિસ્તાર છે. પરંતુ દૃષ્ટાંત દ્વારે કરીને કેટલોક અર્થ પ્રગટ કરીએ છીએ.—હાસ્ય છે આદિ—પ્રથમ જેને તે હાસ્યાદિ કહેવાય છે. તે હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા એ છ છે. મૂળ શ્લોકમાં એકવદ્ભાવ કરવાથી **षट्क** શબ્દ એક વચનમાં લખેલો છે. તે હાસ્યાદિકને માટે શ્રી સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે— "ચાર સ્થાનો ( કારણો ) એ કરીને હાસ્યની ઉત્પત્તિ થાય છે, તે ચાર સ્થાનો આ છે—જોઇને, બોલીને, સાંભળીને તથા સંભારીને." હાસ્ય મોહનીય કર્મના ઉદયે કરીને હાસ્યની ઉત્પત્તિ થાય છે. તે હાસ્ય કાંઈ નિમિત્તને લઇને અથવા નિમિત્ત વિના એમ બે પ્રકારે થાય છે. ઘણું હાસ્ય કરવાથી તે કર્મના બંધન માટે થાય છે; તથા

રતિ અને અરતિ પણ કરવા યોગ્ય નથી. તેમાં હું સુખી છું એમ જે ધારવું તે રતિ કહેવાય છે, અને હું દુઃખી છું એમ જે ધારવું તે અરતિ કહેવાય છે. તે બન્ને સાધુએ કરવા યોગ્ય નથી. કોઇ પણ વસ્તુનો શોચ કરવો તે શોક કહેવાય છે, મનને પ્રિય એવી વસ્તુનો નાશ થાય ત્યારે તેનો શોક કરવો યોગ્ય નથી. તથા ભય સાત પ્રકારનો છે, તેનાં નામ આ પ્રમાણે છે.—આલોક ભય, પરલોક ભય, આદાન ભય, અકસ્માત્ ભય, આજીવિકા ભય, મરણ ભય અને અકીર્તિ ભય. આ સાતે પ્રકારનો ભય મનમાં ધારણ કરવા યોગ્ય નથી. તથા જુગુપ્સા-દુગંચ્છા પણ કરવા યોગ્ય નથી. તેમજ પ્રાણિઘાત, અસત્ય વચન, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજન આ છના નિષેધરૂપ છ વ્રતોને સજ્જ કરવા—આત્માને વિષે ધારણ કરવા. તથા મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા નામના પાંચ પ્રમાદો સેવવા યોગ્ય નથી. તથા દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય નામના પાંચ અંતરાયો નિવારણ—નિષેધ કરવા યોગ્ય છે. એટલે કે આત્માથકી તેમને દૂર કરવા યોગ્ય છે, તેમનો પ્રવેશ આત્માને વિષે થવા દેવો નહીં. આ પ્રમાણે આ શ્લોકનો સંક્ષેપથી અર્થ કહ્યો. આની ઉપર મોટો વિસ્તાર છે, તેમાંથી કાંઇક દૃષ્ટાંતમાં સૂચવ્યો છે. હાસ્ય ઉપર હરિકેશિનું દૃષ્ટાંત છે, રતિ અરતિ ઉપર કંડરીક અને પુંડરીકનું ચરિત્ર છે, શોક ઉપર સગરચક્રીનું ચરિત્ર છે, ભય ઉપર કામદેવની કથા છે, અને દુગંચ્છા ઉપર સુનંદની કથા છે.

હવે સાધુને યોગ્ય એવા છ વ્રતોનો ઉપદેશ શ્લોકના બીજા પાદમાં આપેલો છે તે કહે છે. તેમાં પ્રથમ પ્રાણાતિપાત વિરમણ નામનું વ્રત ત્રણ પ્રકારે મન, વચન અને કાયાએ કરીને પાળવું. બીજું મૃષા વચન વિરતિ વ્રત ત્રણ પ્રકારે મન, વચન અને કાયાએ

કરીને પાળવું. ત્રીજું અદત્તાદાન વિરમણ વ્રત તેજ રીતે ત્રણ પ્રકારે ધારણ કરવું. ચોથું મૈથુન વિરમણ વ્રત પણ ત્રણ પ્રકારે પાળવું. પાંચમું મૂર્છારૂપ પરિગ્રહનો ત્યાગ કરવો તે તથા રાત્રિભોજન વિરમણરૂપ છઠું વ્રત પણ તેજ રીતે ધારણ કરવું. શ્રી પાક્ષિક સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે "સર્વ પ્રાણાતિપાતથી વિરમવું–નિવર્તવું, સર્વ મૃષાવાદથી વિરમણ કરવું, સર્વ અદત્તાદાનની વિરતિ કરવી, સર્વ મૈથુનથી નિવૃત્તિ કરવી, સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો, તથા સર્વ રાત્રિભોજનથી વિરમવું." આ મૂળ સૂત્રમાં **તદ્યથા** એ શબ્દ લખેલો છે, તેથી સર્વથી એટલે ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ અને બાદર ભેદવાળા સર્વ જીવોની રક્ષા કરવી તથા કરવું, કરાવવું અને અનુમોદવું એમ સમગ્ર પ્રકારના પ્રાણાતિપાતાદિકથી વિરતિ કરવી એમ જાણવું; અથવા સર્વથી એટલે દ્રવ્યથી સર્વ જીવનિકાયના વિષયથી, ક્ષેત્રથી ત્રણ લોકમાં ઉત્પન્ન થયેલા જીવોથી, કાળથી અતીત, અનાગત અને વર્તમાન અથવા દિવસ રાત્રિ રૂપ કાળને વિષે રહેલા જીવોથી અને ભાવથી રાગ દ્વેષના વિષયવાળા સર્વ જીવોથી (તેમના વધથી) નિવર્તન કરવું. ઇંદ્રિય, ઉચ્છ્વાસ, આયુષ્ય વિગેરે દશ પ્રાણોનો પ્રાણીથકી અતિપાત એટલે વિયોગ કરાવવો તે પ્રાણાતિપાત કહેવાય છે, અર્થાત્ પ્રાણીના પ્રાણોનો વિયોગ કરાવવો તે પ્રાણાતિપાત, તેનાથી વિરમવું એટલે સમ્યક્ પ્રકારના જ્ઞાન અને શ્રદ્ધા પૂર્વક નિવર્તન કરવું ૧. તથા સર્વ એટલે સદ્ભાવનો (સત્ય પદાર્થનો) નિષેધ, અસદ્ભાવ (અસત્ય પદાર્થ) ની ઉદ્ભાવના (પ્રગટ કરવું તે), જૂદાજ અર્થનું કહેવું અને ગર્હા–નિંદા કરવી–એ ચાર ભેદવાળા મૃષાવાદનો ત્યાગ કરવો અથવા કરવું કરાવવું વિગેરે ભેદવાળા, અથવા દ્રવ્યથી સર્વ ધર્માસ્તિકાયાદિક દ્રવ્યના વિષયવાળા, ક્ષેત્રથી સર્વ લોકાલોકના વિષયવાળા, કાળથી અતીતાદિક કાળવાળા અથવા રાત્રિ આદિક

કાળમાં વર્તતા અને ભાવથી કષાય તથા નોકષાયાદિકથી ઉત્પન્ન થયેલા મૃષાવાદથી—અસત્ય વચન બોલવાથી વિરમણ—નિવૃત્તિ કરવી. ૨. તથા સર્વ એટલે કરવું કરાવવું વિગેરે ભેદવાળું અથવા દ્રવ્યથી સચિત્ત દ્રવ્યના વિષયવાળું, ક્ષેત્રથી ગ્રામ, નગર, અરણ્ય વિગેરેમાં રહેલું, કાળથી અતીત વિગેરે કાળે અથવા રાત્રિ વિગેરે કાળે રહેલું, અને ભાવથી રાગ, દ્વેષ કે મોહથી પ્રાપ્ત થયેલું એવું જે અદત્ત એટલે માલીકે નહીં આપેલું ધન, તેનું જે ગ્રહણ કરવું તે અદત્તાદાન કહેવાય છે, તેનાથી વિરમણ કરવું. ૩. તથા સર્વ એટલે કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ ભેદવાળું અથવા દ્રવ્યથી દેવ, મનુષ્ય અને તિર્યંચના ભેદવાળું અથવા રૂપ[1] અને તે રૂપની સાથે રહેલું બીજું રૂપ એવા ભેદવાળું, ક્ષેત્રથી ત્રણ લોકમાં ઉત્પન્ન થયેલું, કાળથી અતીતાદિક અથવા રાત્રિ આદિક કાળને વિષે રહેલું, અને ભાવથી રાગ દ્વેષને લીધે ઉત્પન્ન થયેલું એવું મિથુન એટલે સ્ત્રી પુરૂષનું જોડલું, તેનું જે કર્મ તે મૈથુન કહેવાય છે, તેનાથી નિવૃત્તિ કરવી. ૪ તથા સર્વ એટલે કરવું કરાવવું વિગેરે ભેદવાળા અથવા દ્રવ્યથી સર્વ વસ્તુના વિષયવાળા, ક્ષેત્રથી ત્રણ લોકમાં ઉત્પન્ન થયેલી વસ્તુના વિષયવાળા, કાળથી અતીતાદિક અથવા રાત્ર્યાદિકમાં ઉત્પન્ન થયેલી વસ્તુના વિષયવાળા અને ભાવથી રાગદ્વેષના વિષયવાળા પરિગ્રહથી નિવર્તન કરવું. જે વસ્તુ મૂર્છાથી ગ્રહણ કરવી તે પરિગ્રહ કહેવાય છે. ૫. તથા સર્વ એટલે કરવું કરાવવું વિગેરે ભેદવાળાં, અને દિવસે ગ્રહણ કરેલું બીજે દિવસે ખાવું, દિવસે ગ્રહણ કરેલું રાત્રે ખાવું, રાત્રિએ ગ્રહણ કરેલું દિવસે ખાવું તથા રાત્રિએ ગ્રહણ કરેલું રાત્રિએ ખાવું

---

૧ રૂપ એટલે એકની સંખ્યા એટલે કે એક કોઇ વસ્તુ અને તેની સાથે રહેલી બીજી વસ્તુ એ બંને મળીને મિથુન યુગ્મ કહેવાય છે.

એ પ્રકારે ચાર ભેદવાળા, અથવા દ્રવ્યથી ચાર પ્રકારના આહારના વિષયવાળા, ક્ષેત્રથી અઢીદ્વીપમાં ઉત્પન્ન થયેલા, કાળથી અતીતાદિક અથવા રાત્ર્યાદિક કાળે ઉત્પન્ન થયેલા અને ભાવથી રાગદ્વેષને લીધે ઉત્પન્ન થયેલા રાત્રિભોજનથકી નિવૃત્તિ કરવી. ૬. આ પ્રમાણે સામાન્યથી છ વ્રતો કહ્યાં. આ છ વ્રતો સાધુએ અવશ્ય પાળવાનાં છે; તેથી તેના પાલનમાં સજ્જ થવું.

મૂળ શ્લોકના ત્રીજા પાદમાં પાંચ પ્રમાદોનો ત્યાગ કરવાનું કહ્યું છે, તેમાં પ્રથમ મદ્યપાન ઉપર યાદવ કુમારોની કથા આપી છે, પછી વિષય ઉપર સત્યકિની, કષાય ઉપર સુભૂમચક્રીની, નિદ્રા ઉપર પુંડરીક મુનિની અને ચાર વિકથા ઉપર રોહિણીની કથા આપેલી છે.

મૂળ શ્લોકના ચોથા પાદમાં પાંચ અંતરાયોને નિવારવાનું કહ્યું છે. એટલે દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચ અંતરાયોને વિશેષે કરીને નિષેધવા યોગ્ય છે, તેમનો પ્રસાર થવા દેવો યોગ્ય નથી. તેમાં પ્રથમ દાનાંતરાય ઉપર ધનસારની કથા આપી છે. તે ધનસાર છાસઠ કરોડ ધનનો સ્વામી હતો, છતાં તે એટલો બધો કંજુસ હતો કે બળી ગયેલી રોટલીનો કકડો પણ કોઇને આપતો નહીં, બારણાં પાસે કોઇ યાચક આવ્યો હોય તો તેને જોઇને ક્રોધથી અગ્નિની જેમ જાજ્વલ્યમાન થતો, પોતાની તો શી વાત ? પરંતુ કોઇ અન્ય દાતારને ધર્મકાર્યમાં વ્યય કરતો જુએ તો તેના શરીરમાં સાતે મોઢે–એકદમ તાવ ચડી આવતો હતો, માર્ગમાં કોઇ યાચકને સામે આવતો જુએ તો બીજે આડે રસ્તે થઇને નાશી જવાનો તે ઉપાય શોધતો હતો, અને ભય પામ્યો હોય તેમ તેનું આખું શરીર ધ્રુજતું હતું. કોઇ યાચક તેની પાસે આવીને યાચના કરે તો તે કદરી

શેઠ નિર્દય બનીને તેને મારવાની ઇચ્છા કરતો. કોઈ વખત દાતારોએ મળીને કોઇ ધર્માદાની ટીપ વિગેરેના કાર્ય માટે સપડાવ્યો હોય તો તે વખત છુટવાનો બીજો કોઇ ઉપાય નહીં સૂઝવાથી દાંતને સજ્જડ કરી કપટ મૂર્છાથી કાષ્ઠની જેમ ચેષ્ટા રહિત થઇને પડી જતો હતો. ટુંકામાં કહીએ તો તે કદરીનો રાજા ઘરમાંથી બહાર જતો ત્યારે જ બીજા ઘરના મનુષ્યો નીરાંતે જમતા હતા અને દાસ દાસીને ભોજન આપતા હતા. આ પ્રમાણેના અતિ લોભનું પરિણામ એ આવ્યું કે અકસ્માત્ દૈવયોગે એકી વખતે તેનું સર્વ ધન નષ્ટ થયું, અને તેથી તે પારાવાર દુઃખસાગરમાં ડુબી ગયો. છેવટ ગુરૂ મહારાજના ઉપદેશથી ધર્મમાર્ગમાં પ્રવૃત્ત થઈ દાનાદિક કરવાનો અભિગ્રહ ધારણ કર્યો ત્યારે પુનઃ સારી સ્થિતિ પામી સુખભોગ ભોગવીને સદ્ગતિ પામ્યો. ૧.

લાભાંતરાય ઉપર ઢંઢણકુમારની કથા આપી છે. તેમાં તે ઢંઢણકુમાર પૂર્વ ભવમાં પારાશર નામનો બ્રાહ્મણ હતો. તે રાજાનો અધિકારી હતો; તેથી તે ખેડુતો પાસે ક્ષેત્રો ખેડાવતો હતો. તેમાં મધ્યાન્હ સમયે ક્ષુધાથી પીડાયેલા અને થાકી ગયેલા તે ખેડુતો માટે તેમની સ્ત્રીઓ ભોજન ( ભાત ) લઇને આવતી, અને બળદો પણ થાકીને લોથપોથ થઈ જવાથી ચારા તથા જળને માટે તલપી રહેતા તે વખતે તે દુષ્ટ દ્વિજ ક્રોધથી ખેડુતોનો તિરસ્કાર કરીને બોલતો કે “અરે ખેડુતો ! પ્રથમ મારા ક્ષેત્રમાં તમે સર્વે એક એક ચાસ ખેડીને પછી જમવા બેસો, હમણાં જમાશે નહીં.” આ રીતે તેમના ભક્ત પાનમાં અંતરાય કરવાથી તે બ્રાહ્મણે લાભાંતરાય કર્મ એવું નિકાચિત બાંધ્યું કે પરભવે તે ઢંઢણકુમાર થયો ત્યારે દીક્ષા લીધા પછી તે કર્મ ઉદયમાં આવવાથી શ્રીકૃષ્ણ વાસુદેવનો પુત્ર છતાં, નેમિનાથ સ્વામીનો શિષ્ય છતાં, પોતે પણ ગુણનું નિધાન છતાં, સમૃદ્ધિવાળી

દ્વારકા પુરી દાન દેવામાં પ્રીતિવાળી છતાં અને મધ્યાન્હ સમયે દાતારોના ઘર ઘર પ્રત્યે અટન કરતાં છતાં લેશ માત્ર પણ ભિક્ષા પામતા નહીં. છેવટ પોતાની લબ્ધિથી આહાર મળે તોજ લેવો—એવો અભિગ્રહ ધારણ કરી અંતરાય કર્મને ખપાવી તે મુનિ મોક્ષપદને પામ્યા. ૨.

ભોગાંતરાય ઉપર સુદત્તની કથા આપી છે. તેમાં તે સુદત્ત કુટુંબિકને ( કણબીને ) એક ચાકર હતો. તે ભોજન કરવા બેસે ત્યારે તેની થાળીમાં જેવું તેવું અન્ન આવતું, તે પણ જ્યારે ખાતો હતો ત્યારે તેનો સ્વામી સુદત્ત તેના માથા પર આવીને તરફોડા નાંખતો કે —" અરે ! થાળી પડી મૂક, એકદમ ઉઠ; તારા જમવાના સુખમાં તો મારૂં કામ બધું વિનાશ પામે છે. " આ શબ્દો પણ તે એવી રીતે કહેતો કે જેથી તે બિચારો જમરાજના કિંકરની જેવા તે સુદત્તથી ભયભીત થઇને ખાતો ખાતો જ ઉઠી જઇ ક્ષેત્રનું કામકાજ કરવા લાગતો. કોઇ વખતે ઘણો થાકી જવાથી જરા વીસામો લેતો ત્યારે તે સુદત્ત તેને એવી તર્જના કરતો કે જેથી તે બિચારો ભૂખ્યો તરશ્યો છતાં પણ પાછો કામ કરવા મંડતો હતો. કામ કરતાં છતાં પણ જો કદાચ તેમાં વખત વધારે લાગતો તો તેની ઊપર દયાનો લેશ પણ સુદત્તને ઉત્પન્ન થતો નહિ. આવી કઠોર પ્રવૃત્તિથી બાંધેલા અંતરાય કર્મને લીધે તે સુદત્ત મરીને કોઇ ભીખારી કુળમાં જન્મ્યો. જન્મ થતાંજ તેના માબાપ મરણ પામ્યા, તેથી મહા કષ્ટે કરીને તે વૃદ્ધિ પામ્યો. ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરતાં છતાં પણ પેટ પૂરણ ખાવાનું તે કદાપિ પામતો નહીં. જે દાતારોને ઘેર હમેશાં ઘણા ભિક્ષુકો ભિક્ષાને પામતા હતા, તેવા ઘરોથી પણ તેને ભિક્ષાને બદલે ગળહસ્તકજ મળતો હતો; એટલે કે તેને ગળે ઝાલીને કાઢી

મૂકવામાંજ આવતો. છેવટ ચિરકાળ દુ:ખી થયેલા તેણે સદગુરૂના ઉપદેશથી પોતાનો પૂર્વ ભવ જાણીને દીક્ષા લીધી અને દીક્ષા પાળવાવડે અંતરાય કર્મ ત્રોડયું તેથી બીજા ભવમાં તે સુખી થયો. ૩

ઉપભોગાંતરાય ઉપર એક ધનાઢય શ્રેષ્ટીની કથા આપેલી છે. તેમાં તે શેઠ અન્યને અપવાદ આપવામાં રસિક હોવાથી દીઠા સાંભળ્યા વિનાજ જેમ આવે તેમ પારકા અપવાદ બોલતો હતો. ધનાઢય હોવાથી તેના વચનને સર્વ કોઇ માનતા હતા. જ્યારે કોઈ વિવાહાદિક કાર્યમાં ઘણા માણસો એકત્ર મળતા અને તેને કાંઇ પૂછતા ત્યારે તે બોલતો કે–" એ વર તો ચોર છે, જુગારી છે, અને કાંઈ પણ ધંધો રોજગાર કરી શકે તેવો નથી. એવાને પોતાની કન્યા કોણ આપે ?" વળી કોઇના છોકરાને કોઈ પોતાની કન્યા આપવાનો હોય તે વખત વરના મા બાપ કન્યાના ગુણને માટે તે શેઠને પૂછે ત્યારે તે કહેતો કે–" એ કન્યા તો કેવળ લક્ષણ રહિત છે, લાજ મર્યાદા વિનાની છે. તેમજ બુદ્ધયાદિક ગુણથી રહિત છે. એવી કન્યાને કોણ પોતાને ઘેર લાવે ?" એમ કહીને તેમના મનને ભંગ કરતો. આ પ્રમાણે માત્ર લીલાથીજ જેમ તેમ પ્રલાપ કરતો હતો. વળી તે મિત્રગોષ્ટી કરતાં મિત્રોને પણ એવું કહેતો કે–" તારી સ્ત્રી અન્ય પુરૂષની સાથે પ્રીતિવાળી છે અને તું કેમ તેણીના પર આટલો બધો રાગી છે." વળી તેની સ્ત્રીને એમ કહેતો કે–" તારો પતિ અન્ય સ્ત્રી ઉપર આસક્ત છે, અને તું કેમ તેને આટલી બધી વશ થઇ ગઇ છે ?" આ રીતે તે શેઠ એક બીજાને એવું એવું કહેતો કે જેથી તે બન્ને દંપતીના સ્નેહનો ભગ થાય. આ પ્રમાણે અન્ય જનોના ઉપભોગમાં અંતરાય કરીને તથા બીજું પણ પાપકર્મ કરીને તે શેઠ અનુક્રમે મરણ પામી કોઇ દરિદ્ર કુળમાં પુત્રપણે ઉત્પન્ન

થયો. તે યુવાન થયો ત્યારે તેના માતપિતા જ્યાં જ્યાં તેના વિવાહને માટે કન્યાનું માગું કરતાં ત્યાં ત્યાં બીજા માણસો તે કાર્ય ભાંગી નાખતા હતા. એટલે પ્રથમ કન્યા આપવાની ઇચ્છા બતાવી હોય તો પણ પાછળથી તેઓ ના પાડતા હતા. આમ થવાથી તે દરિદ્ર પુત્ર મનમાં ઘણો દુ:ખી થવા લાગ્યો. પોતાની સમાન વયવાળા બીજાઓનાં લગ્ન થતાં જોઇને તે અત્યંત દુ:ખ પામતો હતો. ત્યાર પછી તે પરદેશમાં ભ્રમણ કરવા લાગ્યો. ત્યાં વખતસર ભોજન પણ પામતો નહોતો. એક વખત કોઇ સદ્ગુરૂનો યોગ થઇ જતાં તેના ઉપદેશથી પૂર્વ જન્મમાં બાંધેલું દૃઢ અંતરાય કર્મ જાણી વૈરાગ્યથી દીક્ષા ગ્રહણ કરી, છટ્ઠ, અટ્ઠમ વિગેરે ઉગ્ર તપસ્યા કરી, કાળધર્મ પામી કોઇ મોટા ઇભ્ય કુળમાં ઉત્પન્ન થઇ ઉપભોગની સર્વ સામગ્રી પામ્યો અને સુખી થયો. ૪

વીર્યાંતરાય ઉપર અનેક દૃષ્ટાંતો છે. તે પોતાની મેળે જાણી લેવા. જે માણસ અતિ બળવાન્ બળદ, ઊંટ, ગર્દભ, પાડા, હસ્તી, અશ્વ વિગેરેને દૃઢ બંધનથી બાંધે, તર્જનાકારક વચનોવડે તિરસ્કાર કરે, પરોણાની આરવડે વીંધે, તથા દૃઢ દોરડાથી ચારે પગ બાંધે, તેમ જ જે પુરૂષ અથવા સ્ત્રી વિવિધ પ્રકારના કાર્મણ, ઔષધ, મંત્ર, તંત્ર વિગેરેવડે અન્ય જનને વીર્ય રહિત-સત્ત્વ રહિત કરે, તે પરભવમાં વીર્યાંતરાયનો ઉદય થવાથી ધાતુક્ષય, પ્રમેહ, વલ્ગુલી વિગેરે વ્યાધિઓવડે અત્યંત પીડા પામે છે, અને એ સર્વે વ્યાધિઓ તેના શરીરને સત્ત્વરહિત કરી નાંખે છે. ૫.

હવે સાધર્મિક વાત્સલ્ય ઉપર કહે છે—

**साहम्मियाणं बहुमाणदाणं, भत्तीइ अप्पिज्ज तहऽन्नपाणं ।**
**वज्जिज्ज रिद्धीइ तहा नियाणं, एयं चरित्तं सुकयस्स ठाणं ॥४१॥**

**મૂળાર્થ**—સાધર્મિક બંધુઓને બહુ માન આપવું, તથા તેમને ભક્તિથી અન્નપાન આપવું, તથા ઋદ્ધિની પ્રાપ્તિ માટે નિયાણું કરવું નહીં. આવા પ્રકારનું ચરિત્ર-આચરણ તે સુકૃતનું સ્થાન છે. ૪૧.

**ટીકાર્થ**—જે સમાન ધર્મમાં વર્તે અથવા સમાન ધર્મ આચરે તે સાધર્મિક કહેવાય છે. તે બે પ્રકારના છે-સાધુ અને શ્રાવક. તેમાં સાધુઓ અન્ય સાધુઓના સાધર્મિક છે, અને શ્રાવકો શ્રાવકના સાધર્મિક છે. તે સાધર્મિકોને બહુમાન આપવું એટલે તેમની પૂજા સત્કાર વિગેરે કરવું; તથા ભક્તિથી અન્ન-ભોજન અને શર્કરાનું જળ વિગેરે આપવું. કારણકે કેવળ શબ્દાદિવડે બહુ માન કરવાથી કાર્યસિદ્ધિ થતી નથી, તેથી અન્નપાન આપવાનું કહ્યું છે. વાસ્તવિક સાધર્મિક વાત્સલ્ય તો એજ કહેવાય છે કે જે સમયને પામીને-યોગ્ય અવસરે સાધુ અથવા શ્રાવકને મધુર અન્નપાન આપીને એટલે કે પોતાના સાધર્મિકને આવેલ જાણીને તેને નમસ્કાર કરી ઘૃત સહિત ઘણું ભોજન તથા વસ્ત્ર વિગેરે આપીને ભક્તિથી તેનો સત્કાર કરે. વિશેષે કરીને તો કોઈ નવીન સાધુ હોય, બાળ, વૃદ્ધ કે ગ્લાન સાધુ હોય તથા માર્ગમાં ચાલવાથી શ્રમિત થયેલ સાધુ હોય તેને પારણાને વખતે કે ઉત્તરપારણાને વખતે આપેલું દાન અત્યંત પુણ્યસમૂહને ઉત્પન્ન કરે છે. તે વિષે કહ્યું છે કે—

" पहसंतगिलाणेसु य, आगमगाहीसु तह य कयलोयं ।
उत्तरपारणगम्मी, दिन्नं सुबहुफलं होइ ॥ १ ॥

जइ वयरसामिपमुहा, साहम्मीवच्छलत्तमकारिंसु ।
सुस्समणा वि य होउं, ता सेसा किमिह सीयंति ॥ २ ॥
ताणं च ऊसवाइसु, सरणं दिट्ठाण पुव्वमालवणं ।
तह वत्थपाणभोयण-सक्कारा सव्वभत्तीए ॥ ३ ॥
परिभूयाणं ताणं, नरिंदमाईहिं बंदिगहियाणं ।
मोयावणं कुणंति य, धन्ना धणजीविएणावि ॥ ४ ॥
सुहिसयणमाइयाणं, उवयरणं भवपबंधवुड्ढिकरं ।
जिणधम्मपवन्नाणं, तं चिय भवभंगमुवणेइ ॥ ५ ॥
आसंसारविरहिऊ, संसारिय भावविगमओ चेव ।
वच्छल्लममोल्लं कि-त्तियं च साहम्मि लोगम्मि ॥ ६ ॥ "

" જે સાધુ માર્ગથી શ્રમિત થયેલ હોય, વ્યાધિગ્રસ્ત હોય, આગમનો અભ્યાસ કરતા હોય, લોચ કરાવેલા હોય, તેવા સાધુને તથા ઉત્તરપારણામાં દીધેલું દાન બહુ ફળવાળું થાય છે. ૧. જો વજ્રસ્વામી વિગેરે સુસાધુઓએ પણ સાધર્મિક વાત્સલ્ય કર્યું હતું, તો બીજા સાધુઓની શી વાત કરવી ? ૨. ઉત્સવાદિકમાં સાધર્મિઓનું સ્મરણ કરવું તેમને નિમંત્રણ કરવું, તેઓ દૃષ્ટિએ પડતા માનપૂર્વક આદરથી બોલાવવા, તથા પોતાની સર્વ શક્તિથી વસ્ત્ર, પાણી અને ભોજન આપી તેમનો સત્કાર કરવો. ૩. કોઈ સાધર્મિકોને રાજાદિકે પરાભવ પમાડીને બંધીખાને નાંખ્યા હોય તો તેમને પુણ્યશાળી પુરૂષો પોતાના ધનવડે અને જીવિતવડે પણ મુક્ત કરાવે છે—છોડાવે છે. ૪. સુખી અવસ્થાવાળા સ્વજનાદિકના ઉપર જે ઉપકાર કરવો તે સંસારની શ્રેણીને વૃદ્ધિ કરનાર થાય છે, અને જિનધર્મને

પામનારાઓ ઉપર ઉપકાર કર્યો હોય તો તે સંસારનો નાશ કરનાર થાય છે. ૫. સંસારમાં રહ્યા છતાં સંસારનો વિરહ કરાવનાર અને સાંસારિક ભાવનો નાશ કરનાર હોવાથી સાધર્મિકજનનું વાત્સલ્ય અમૂલ્ય કહ્યું છે. ૬. ”

તથા ઋદ્ધિ–સમૃદ્ધિની પ્રાપ્તિ માટે નિયાણું વર્જવું એટલે કરવું નહીં. અર્થાત્ દાન દેવું તે નિયાણા રહિત–ફળની ઇચ્છા રાખ્યા વિના દેવું. નિયાણાના નવ પ્રકાર છે. તે આ પ્રમાણે છે:—

**“ निव १ धणि २ नारी ३ नर ४ सुर ५, अप्पप्पवियार ६
अप्पवियारत्तं ७ ।
सड्ढत्त ८ दरिद्दत्तं ९, चइज्जह नव नियाणाइं ॥ ”**

“ રાજા થવું ૧, ધનિક થવું ૨, સ્ત્રી થવું ૩, પુરૂષ થવું ૪, દેવ થવું ૫, અત્યલ્પ ભોગવાળા થવું ૬, અલ્પ ભોગવાળા થવું ૭, શ્રાવક થવું ૮ અને દરિદ્રી થવું ૯. આ નવ પ્રકારના નિયાણા તજવા યોગ્ય છે. ”

આ ઉપર કહ્યા પ્રમાણેનું ચરિત્ર–આચરણ સુકૃતનું સ્થાન છે–સુકૃત ઉપાર્જન કરવાનો હેતુ છે. અહીં સાધર્મિક વાત્સલ્ય ઉપર વિશાખદત્તની કથા આપેલી છે. ૪૧.

હવે શ્રાવકને પાળવાના બાર વ્રતોનો અધિકાર કહેતાં પ્રથમ પહેલા અણુવ્રત ને માટે કહે છે—

**अहिंसणं सव्वजियाण धम्मो, तेसिं विणासो परमो अहम्मो ।
मुणित्तु एवं बहुपाणिघाओ, पवज्जियव्वो कयपावघाओ ॥४२॥**

મૂળાર્થ—સર્વ પ્રકારના જીવની અહિંસા ( દયા ) એજ

ધર્મ છે, અને તે જીવનો જે વિનાશ કરવો એજ પરમ અધર્મ છે; એમ જાણીને ( સદ્દગતિમાં ) વિઘ્ન કરનાર એવો ઘણા પ્રાણીઓનો ઘાત વર્જવો. ૪૨.

**ટીકાર્થ**—હિંસા ન કરવી તે અહિંસન કહેવાય છે. કોની હિંસા ન કરવી ? એ શંકાના ઉત્તરમાં કહે છે કે—સર્વ જીવોની હિંસા ન કરવી, એટલે એકેંદ્રિયથી પંચેંદ્રિય પર્યંત સર્વ જીવોની હિંસાનો નિષેધ કરેલો છે. તે સર્વ જીવોનો વિનાશ કરવો એટલે તેમને પ્રાણોથી જૂદા પાડવા તેજ ઉત્કૃષ્ટ અધર્મ કહેલો છે, એમ જાણીને કર્યા છે અનેક વિઘ્નો જેણે એવો ઘણા પ્રાણીઓનો ઘાત વર્જવા યોગ્ય છે. અહીં શ્રાવકનું જીવદયાનું સ્વરૂપ આગમમાં આ પ્રમાણે કહ્યું છે—

" जीवा सुहुमा थूला, संकप्पारंभऊ य ते दुविहा ।
सावराहनिरवराहा, साविक्खा चेव निरविक्खा ॥ "

" સૂક્ષ્મ અને સ્થૂળ એ બે પ્રકારના જીવો છે, તે દરેકની સંકલ્પથી અને આરંભથી એમ બે પ્રકારે હિંસા થાય છે, તે જીવોના સાપરાધી અને નિરપરાધી એમ બે પ્રકાર છે તેમજ સાપેક્ષ અને નિરપેક્ષ એવા પણ તે હિંસાના બે પ્રકાર છે. "

આ ગાંથાએ કરીને દયાગુણને વિષે સાધુ અને શ્રાવક વચ્ચે મેરૂ અને સરસવ જેટલું અંતર છે એમ જણાવ્યું છે. જ્યારે શ્રાવકને બીજી રીતે નિર્વાહ થતો નહોય ત્યારે તે ક્ષેત્રાદિકની ખેતીના કાર્યમાં પણ પ્રવર્તે છે. ત્યારે સ્થૂળ પ્રાણીનો પણ વધ થાય છે, તેથી પૃથ્વીકાયાદિક એકેંદ્રિયોનો તથા બીજા દ્વીદ્રિંયાદિકનો પણ વધ થાય છે અને સાધુઓને તો તે બન્નેની હિંસાનો નિષેધ છે. તેથી સાધુઓને વીશ વસા દયા હોય છે અને શ્રાવક તો કેવળ સ્થૂળ જીવોની હિં-

સાનોજ નિયમ કરી શકે છે, સૂક્ષ્મજીવની હિંસાનો નિયમ કરી શકે તો નથી, તેથી તેને દશ વસા દયા રહી. તે સ્થૂળ જીવોની હિંસાના ત્યાગમાં પણ સંકલ્પથી એટલે જાણી જોઇને ઈરાદાપૂર્વક સ્થૂળ જીવની હિંસા કરવાનો તેને નિયમ છે, પરંતુ આરંભમાં અજાણતાં મરી જાય તેનો નિયમ નથી, મુનિને બંનેનો નિયમ છે. તેથી શ્રાવકને દશ વસામાંથી અર્ધ જવાથી પાંચ વસા દયા રહી. હવે કોઇ પુરૂષે પોતાના ઘરમાં કોઇ પ્રકારનો અન્યાય-અનાચાર કર્યો, તે વખતે તેનું પંચેંદ્રિયાદિક સ્થૂળપણું છે એમ જાણતાં છતાં પણ છળથી તેને હણે છે, તેથી તે વિષેનો શ્રાવક આગાર રાખે છે કે-હું નિરપરાધી જીવને મારીશ નહીં, પણ અપરાધીને માટે મારે નિયમ નથી. આથી કરીને પાંચ વસા દયામાંથી પણ અર્ધી ગઇ તેથી અઢી વસા દયા રહી. હવે જ્યારે બળદ વિગેરેને ખેતી વિગેરેના કાર્યમાં હાંકે છે, ત્યારે તેનું પંચેંદ્રિયપણું તથા નિરપરાધીપણું જાણતા છતાં પણ તેને પરોણા વિગેરેવડે મારે છે, તેથી તે બાબતનો શ્રાવક આગાર રાખે છે કે જ્યારે હું અન્ય જીવોને મારૂં ત્યારે નિર્દયપણાથી નિરપેક્ષપણે નહીં મારૂં, પરંતુ સાપેક્ષપણે-વિચાર કરીને મારવાનો મારે નિયમ નથી. આ રીતે અઢી વસા દયામાંથી અર્ધ ગઇ એટલે સવા વસો દયા શ્રાવકને હોઇ શકે છે. આ પ્રમાણે શ્રાવકે પ્રાણી-વધનો નિષેધ કરવો એમ સિદ્ધ થાય છે. શ્રી આવશ્યકસૂત્રમાં પણ કહ્યું છે કે—" શ્રાવકે સ્થૂળ પ્રાણાતિપાતનો નિષેધ કરવો. તે પ્રાણાતિપાત બે પ્રકારે છે,—સંકલ્પથી અને આરંભથી. તેમાં શ્રાવકે સંકલ્પથી પ્રાણાતિપાતનો નિષેધ જાવજીવ કરવો, પણ આરંભથી નિષેધ કરવો નહીં. " આ પહેલા વ્રતના પાંચ અતિચારો છે તે જાણવા, પણ આદરવા નહીં. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે.—વધ, બંધ, છવિચ્છેદ, અતિભાર અને

ખાવાપીવાનો વિરહ-વિલંબ-નિષેધ." આ પ્રથમ અણુવ્રત ઉપર ક્ષેમાદિત્યની કથા કહી છે. ૪૨.

હવે બીજું અણુવ્રત કહે છે—

**कोहेणं लोहेणं तहा भयेणं, हासेणं रागेणं य मच्छरेणं**
**मोसं मुसं नेव उदाहरिज्जा, जो पच्चयं लोयगयं हरिज्जा ॥४३॥**

**મૂળાર્થ**—ક્રોધવડે, લોભવડે, ભયવડે, હાસ્યવડે, રાગવડે અને મત્સર ( દ્વેષ ) વડે બોલાતી મૃષા ભાષા શ્રાવકે ન બોલવી, કે જે ( મૃષા ભાષા ) લોકમાં રહેલા પોતાની ઉપરના વિશ્વાસનો નાશ કરે છે. ૪૩.

**ટીકાર્થ**—ક્રોધવડે એટલે દ્વેષવડે, લોભવડે એટલે દ્રવ્ય ઉપાર્જન કરવાની ઇચ્છાથી, ભયવડે એટલે રાજદંડાદિકના ભયથી, હાસ્યવડે એટલે મશ્કરીથી, રાગે કરીને-પોતાના સંબંધને લઇને અથવા મૈત્રીપણાને લઇને, તથા પરસ્પરના વિરોધરૂપ મત્સરવડે મૃષા ભાષા-અસત્ય વચન નજ બોલવું; કે જે મૃષા ભાષા બોલવાથી તે લોકમાં વ્યાપી ગયેલા પોતાની પરના વિશ્વાસનો નાશ કરનારી થાય છે. એટલે કે મૃષા ભાષણ કરનાર કોઇનો વિશ્વાસપાત્ર થતો નથી-તેની ઉપર કોઇ વિશ્વાસ રાખતું નથી.

શાસ્ત્રમાં કહ્યું છે કે-" શ્રાવકે સ્થૂળ મૃષાવાદનો ત્યાગ કરવો. તે મૃષાવાદ પાંચ પ્રકારનું કહ્યું છે તે આ પ્રમાણે—કન્યા સંબંધી અસત્ય, ગાય ( પશુ ) સંબંધી અસત્ય, પૃથ્વી સંબંધી અસત્ય. થાપણ ઓળવવા સંબંધી અસત્ય તથા ખોટી સાક્ષીરૂપ અસત્ય. શ્રાવકે સ્થૂળ મૃષાવાદના પાંચ અતિચાર જાણવા પણ આદરવા નહીં. તે આ પ્રમાણે—સહસા ( વિના વિચારે ) કોઇના પર આળ દેવું,

રહસ્ય ( ગુપ્ત વાત ) પ્રગટ કરવી, પોતાની સ્ત્રી વિગેરેની કહેલી ગુપ્ત વાતનો ભેદ કરવો, ખોટો ઉપદેશ આપવો અને ખોટો લેખ બનાવવો. આ વ્રત ઉપર અશ્વના સ્વામીના પુત્રની કથા છે. ૪૩.

હવે ત્રીજું અણુવ્રત કહે છે—

**असाहुलोएण यं जं पवन्नं, बुहो न गिण्हिज्ज धणं अदिन्नं ।**
**अंगीकए जम्मि इहेव दुक्खं, लहइ लहुं नेव कयाइ सुक्खं ॥४४॥**

**મૂળાર્થ**—જેને દુર્જન લોકે અંગીકાર કર્યું છે, એવું અદત્ત ધન ડાહ્યા પુરૂષે લેવું નહીં; કારણકે જે અદત્તાદાન અંગીકાર કરવાથી આ ભવમાં જ શીઘ્રપણે દુઃખ પ્રાપ્ત થાય છે, અને કદાપિ સુખ તો પ્રાપ્ત થતુંજ નથી. ૪૪

**ટીકાર્થ**—જે દુર્જન લોકે એટલે નીચ માણસે સ્વીકાર્યું—આદર્યું છે, તે અદત્ત–સ્વામીએ નહીં આપેલું ધન પંડિત પુરૂષે ગ્રહણ કરવું નહીં. કેમકે જે ( અદત્ત ) સ્વીકારવાથી આ જન્મમાંજ ચોરની જેમ તાડન, બંધન વિગેરે દુઃખ શીઘ્રપણે પમાય છે, અને કદાચિત્ પણ શરીરની સમાધિ વિગેરે કોઇપણ જાતનું સુખ પ્રાપ્ત થતું નથી. કહ્યું છે કે—“ શ્રાવકે સ્થૂળ અદત્તાદાનનો નિષેધ કરવો. તે અદત્તાદાન બે પ્રકારનું કહ્યું છે, તે આ પ્રમાણે—સચિત્ત અદત્તાદાન અને અચિત્ત અદત્તાદાન. શ્રાવકે અદત્તાદાનના પાંચ અતિચારો જાણવા પણ આદરવા નહીં. તે આ પ્રમાણે—“ ચોરે આણી આપેલું ગ્રહણ કરવું ૧, ચોરને સહાય આપવી ૨, વિરોધી રાજ્યાદિકમાં જવું ૩, ખોટાં તોલાં માપાં કરવાં ૪, અને કૃત્રિમ વસ્તુ બનાવી તેનો ભેળસેળ કરીને વેપાર કરવો ૫. ” અદત્તાદાનનો ત્યાગ કરવામાં શું ગુણ છે અને શું અવગુણ છે ? તે ઉપર એક શ્રાવકની કથા આપેલી છે. ૪૪.

હવે ચોથું અણુવ્રત કહે છે—

**समायरं वा अवरस्स जायं, मन्निज छिंदिअ जणाववायं ।**
**जे अन्नकंतासु नरा पसत्ता, ते झत्ति दुक्खाइ इहेव पत्ता ॥४५॥**

**મૂળાર્થ**—જે અન્યની સ્ત્રીને પોતાની માતા તુલ્ય માને છે, તે લોકાપવાદને છેદે છે. ( તેનો કદાપિ લોકમાં અપવાદ થતો નથી.) અને જે માણસો અન્યની કાંતા ઉપર આસક્ત થયા છે, તેઓ શીઘ્રપણે આ જન્મમાંજ દુઃખો પામ્યા છે. ૪૫.

**ટીકાર્થ**—બીજાની ભાર્યાને પોતાની માતા સમાન માનવી જોઇએ. એમ કરવાથી માણસ લોકાપવાદને છેદે છે, એટલે એમ કરનાર પુરૂષોનો કદાપિ લોકાપવાદ થતો નથી. તેમ નહીં કરનારને શું ફળ પ્રાપ્ત થાય છે તે બતાવે છે—જે માણસો પરસ્ત્રીને વિષે આસક્ત થયા છે તેઓ લંકાના રાજા રાવણની જેમ શીઘ્રપણે આ ભવમાંજ દુઃખો પામ્યા છે. કહ્યું છે કે–" શ્રાવકે સ્થૂળ મૈથુનનો ત્યાગ કરવો. તે પરસ્ત્રીગમન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે–ઔદારિક શરીરવાળી[1] પરસ્ત્રી પ્રત્યે ગમન કરવું, અને વૈક્રિય શરીરવાળી[2] પરસ્ત્રી પ્રત્યે ગમન કરવું. સ્વદારાસંતોષ વ્રતના પાંચ અતિચારો જાણવા પણ આદરવા નહીં. તે આ પ્રમાણે–થોડા કાળ માટે કોઈએ સ્વીકાર કરેલી સ્ત્રી પ્રત્યે ગમન કરવું ૧, કોઇએ નહીં સ્વીકારેલી ( કન્યા, વિધવા કે વેશ્યા ) સ્ત્રી પ્રત્યે ગમન કરવું ૨, કામચેષ્ટા કરવી ૩, બીજાઓના વિવાહ જોડી દેવા ૪, અને કામભોગને વિષે તીવ્ર અભિલાષ કરવો ૫.

આ વ્રત ઉપર વીર નામના રાજકુમારની કથા ટીકામાં વિસ્તા-

૧ મનુષ્યણી ને તિર્યંચણી. ૨ દેવાંગના.

રથી આપી છે. તેમાં તે વીરકુમાર પરદેશમાં જઇ રાજકન્યાને પરણ્યો છે. ત્યાં શ્વશુરે આપેલા મહેલમાં પોતાની સ્ત્રી સાથે વિષયસુખ ભોગવતાં કેટલોક કાળ ગયા પછી એકાંતમાં તેને એક દૂતીએ આવીને કહ્યું કે-“ આ ગામના પ્રતિહારની, શેઠની, મંત્રીની અને રાજાની સ્ત્રીઓ તમારા સમાગમને ઇચ્છે છે, માટે તેમની પ્રાર્થના સ્વીકારો.” તે સાંભળી કુમારે કાંઇક વિચાર કરીને તે ચારે સ્ત્રીઓને પોતાની પાસે આવવા માટે રાત્રીના ચાર પહોર અનુક્રમે આપ્યા. પહેલા પહોરે પ્રતિહારની સ્ત્રી આવી. તેના આવ્યા પહેલાં કુમારે સંકેત કરીને રાજાને પોતાના મહેલમાં આ વૃત્તાંત જોવા ગુપ્ત રીતે બોલાવી રાખ્યો હતો. કુમારે તે પ્રતિહારની સ્ત્રીને ઉપદેશ આપ્યો કે-“ હે ભદ્રે ! વિષની જેવા વિષયો આ જન્મમાં દુઃખને તથા તીવ્ર આપત્તિને આપનારા છે, અને પરભવમાં નરકગતિને આપનારા છે. ભોગનું સેવન કરવાથી આ ભવમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે અને પરભવમાં દુર્ભાગ્ય તથા વહાલાનો વિયોગ કરનાર થાય છે. જેમ જળવડે લવણ સમુદ્ર તૃપ્ત થતો નથી અને કાષ્ટોવડે અગ્નિ તૃપ્ત થતો નથી, તેમ જીવ પણ વિષયના સુખથી તૃપ્ત થતો નથી. આ જીવે સ્વર્ગમાં અનેકવાર અત્યંત વિષયો ભોગવ્યા છે, તોપણ તે તૃપ્ત થયો નથી, તો આ મનુષ્ય જન્મના તુચ્છ ભોગોથી તે શી રીતે તૃપ્ત થશે ? પ્રાણીઓને આ વિષયો બાહ્ય વૃત્તિથી અતિ મનોહર લાગે છે, પરંતુ પરિણામે તો તે કિંપાકના ફળની જેવા કટુજ નિવડે છે; તેથી કરીને ત્યાગ કરવા લાયક આ ભોગો પંડિતોને આદરવા યોગ્ય નથી, પરંતુ ઇંદ્રિયોને નિયમમાં રાખવી તેજ યોગ્ય છે. ” આ રીતે ઉપદેશ આપીને કુમારે પ્રતિહારીને બોધ પમાડ્યો. બીજે પહોરે શેઠની સ્ત્રી આવી, ત્યારે કુમારે પ્રતિહારીને જવનિકાની અંદર ગુપ્ત કરીને

શેઠની સ્રીને પણ વૈરાગ્યના વચનોવડે પ્રતિબોધ કર્યો કે—" હે ભદ્રે ! આવી અનાચારની ઇચ્છાથી આપણા બન્નેના નિર્મળ કુળને તું કેમ મલિન કરે છે ? આ જગતમાં પ્રાણીઓ જે સેંકડો અનાચારોને સેવે છે, તેમનો હાથ ઝાલીને તેમને કોણ અટકાવે છે ? પરંતુ ઉન્મત્ત પુરૂષો યુવાવસ્થામાં જે દુષ્કૃત્યો કરે છે, તે વૃદ્ધાવસ્થામાં શલ્યની જેમ તેના હૃદયમાં અત્યંત સાલે છે." આ રીતે કહીને તેણીને પણ પ્રતિબોધ પમાડ્યો. ત્યારપછી મંત્રીની સ્ત્રી આવી, તેણીને પણ કુમારે ઉપદેશ આપીને પ્રતિબોધ પમાડી જવનિકામાં રાખી. છેવટે ચોથે પહોરે રાજાની રાણી આવી. તેણીને જોતાંજ કુમારે શય્યા પરથી નીચે ઉતરીને તેણીને નમસ્કાર કર્યો. ત્યારે તે બોલી કે—" હે પ્રાણનાથ ! આ વિચિત્ર દેખાવ શું કરો છો ? હે સ્વામિન્ ! ઉભા થવાનો કે પ્રણામ કરવાનો આ સમય નથી. અત્યારે તો તમારા અંગના સંગરૂપી અમૃતવડે મારા અંગનો તાપ દૂર કરો. પાણી વિના દેડકાની જેમ, ચંદ્ર વિના ચાંદનીની જેમ અને માનસ સરોવર વિના હંસલીની જેમ તમારા વિના હું દુઃખી છું." આ પ્રમાણે તે રાણી લજ્જા અને ભય રહિત જેમ આવે તેમ બોલવા લાગી; પરંતુ કુમારે તેણીની સન્મુખ લગારમાત્ર પણ જોયું નહીં, અને વિચાર કર્યો કે " આ રાણી કામજ્વરના આવેશમાં છે, તેથી તેણીને ઉપદેશરૂપી જળનું પાન કરાવવું ઉચિત નથી." એમ ધારીને તેણીની ઉપેક્ષા કરી—કાંઇપણ પ્રત્યુત્તર દીધો નહીં. તે વખતે પોતાની અવજ્ઞા થયેલી જાણીને તેણી ફરીથી બોલી કે—" તમારી જેવા મહા દક્ષ પુરૂષો કદાપિ પોતાની પ્રતિજ્ઞાનો લોપ કરે નહીં, તોપણ જેમ મેઘ જવાસાને માટે અગ્નિ જેવી વૃષ્ટિ કરે છે, તેમ તમે દાક્ષિણ્ય ગુણના નિધિ છતાં મારે માટે અત્યંત નિષ્ઠુર થયા જણાઓ છો." ત્યારે કુમાર બોલ્યો કે—" ખરી વાત છે કે મેં દૂતીનું વચન અંગીકાર કરીને તમને અહીં

બોલાવ્યા છે; પરંતુ દુઃશીળરૂપ કાદવથી લીંપાયેલ અને કામજ્વરની ગરમીથી તપી ગયેલા તમને હું ધર્મોપદેશરૂપ જળવડે શાંતિ આપવા ઈચ્છું છું." રાણી બોલી કે-"હે સુંદર! તમે એકજવાર પોતાના અંગના સંગથી મારા હૃદયની ઇચ્છા પૂર્ણ કરીને મને સંતુષ્ટ કરો." ત્યારે કુમાર બોલ્યો કે-"તમે પૃથ્વીપતિની પ્રિયા થઈને બીજાના અંગસંગમાં કેમ પ્રીતિને ધારણ કરોછો ? હંસી કદાપિ કાદવવાળા જળનું સેવન કરેજ નહીં. જે ચોરની જેમ એકાંતમાં ગુપ્ત રીતે મૈથુનનું સુખ સેવાય છે, તે પરિણામે દુઃખજ આપે છે, અને તેનું પરિણામ અત્યંત દારૂણ આવે છે." આ રીતે કુમારે કહ્યા છતાં પણ તેણીએ પોતાનો કદાગ્રહ છોડ્યો નહીં, અને એટલુંજ બોલી કે—"દૂતીની પાસે જે તમે અંગીકાર કર્યું છે, તેનું પાલન કરો." ત્યારે કુમાર બોલ્યો કે-"આ જન્મમાં કદાપિ એ પ્રમાણે બનવાનું નથી, ઘણું કહેવાથી શું ફળ છે ? જો રંભા, રતી કે પાર્વતી પોતે આવે તોપણ હું અન્ય સ્ત્રીને સ્વપ્નમાં પણ ઈચ્છતો નથી." આ પ્રમાણેના કુમારના અત્યંત મધુર ઉપદેશથી છેવટ તે રાણી પણ પ્રતિબોધ પામી અને સર્વે ધર્મમાર્ગને અવલંબી સદ્‌ગતિના ભાજન થયા. આ ચરિત્ર ટીકામાં ઘણું વિસ્તારથી આપેલું છે. ૪૫.

હવે પાંચમું પરિગ્રહ પરિમાણવ્રત કહે છે.—

**[૧]जे [૨]पावकारीणि [૪]परिग्गहाणि, [૫]मेलंति [૩]अच्चंतदुहावहाणि ।**
**[૬]तेसिं [૯]कहं [૧૦]हुंति [૭]जए [૮]सुहाणि, [૧૧]सया [૧૩]भविस्संति [૧૨]महादुहाणि ॥४६॥**

**મૂળાર્થ**—જે મનુષ્યો પાપને ઉત્પન્ન કરનારા અને અત્યંત દુઃખને વહન કરનારા પરિગ્રહોને મેળવે છે–તેનો સંચય કરે છે, તેઓને જગતમાં સુખ કેમ થાય ? તેમને તો નિરંતર ઘણાં દુઃખોજ પ્રાપ્ત થાય છે. ૪૬.

**ટીકાર્થ**—જે મનુષ્યો પાપનો બંધ કરાવનારા–દુષ્કૃતને ઉત્પન્ન કરનારા પરિગ્રહને મેળવે છે એટલે તેનો સંગ્રહ કરે છે, તે પરિગ્રહો કેવા છે ? અત્યંત–અધિકાધિક દુઃખોને વહન કરનારા છે. તેથી તેનો સંચય કરનારા પુરૂષોને જગતમાં સુખ ક્યાંથી હોય ? અર્થાત્ કોઈપણ પ્રકારે સુખ નજ હોય. તે પરિગ્રહધારીઓને કેવળ મહા-દુઃખજ હોય છે. કહ્યું છે કે—

**" संसारमूलमारम्भास्तेषां हेतुः परिग्रहः ।**
**तस्मादुपासकः कुर्यादल्पमल्पं परिग्रहम् ॥ "**

" સંસારનું મૂળ આરંભો છે, અને તે આરંભોનો હેતુ–કારણ પરિગ્રહ છે તેથી શ્રાવકે જેમ બને તેમ અલ્પ અલ્પ પરિગ્રહ કરવો જોઇએ. "

તે પરિગ્રહ નવ પ્રકારનો છે. શ્રાદ્ધ પ્રતિક્રમણસૂત્રમાં કહ્યું છે કે—

**" धण १ धन्न २ खित्त ३ वत्थु ४ रुप्प ५ सुवन्ने ६ य कुविय ७ परिमाणे;**
**दुपए ८ चउप्पयंमी ९ पडिक्कमे देसियं सव्वं ॥ "**

" ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ ( ઘર ને ઘરવકરી વિગેરે ), રૂપું, સુવર્ણ, કુપ્ય ( તાંબું પીતળ વિગેરે ), દ્વિપદ ( દાસદાસી ) અને ચતુષ્પદ ( ગાય ભેંસ વિગેરે )–એ નવ પ્રકારના પરિગ્રહના પરિમાણને વિષે મને જે કાંઇ અતિચાર લાગ્યો હોય તે સર્વને હું પડિક્કમું છું. "

" પાંચમા અણુવ્રતના પાંચ અતિચારો છે તે જાણવા, પણ

આદરવા નહીં. તે આ પ્રમાણે—ધન ધાન્યના પ્રમાણનું અતિક્રમ ૧, ક્ષેત્ર અને વસ્તુના પ્રમાણનું અતિક્રમ ૨, રૂપાં સોનાંના પ્રમાણનો અતિક્રમ ૩, કુપદ તે અન્ય ધાતુઓ તેના પરિમાણનો અતિક્રમ ૪, અને દ્વિપદ ચતુષ્પદના પરિમાણનો અતિક્રમ ૫. અતિક્રમ એટલે કરેલા પ્રમાણનું ઉલ્લંઘન કરવું–વધારે રાખવું તે. અહીં પરિગ્રહ ઉપર તિલકશ્રેષ્ઠીનું દૃષ્ટાંત આપ્યું છે. ૪૬.

હવે પાંચ ઇંદ્રિયોના વિષયો ઉપર જૂદા જૂદા પાંચ કાવ્યો દૃષ્ટાંત સહિત વિસ્તારથી કહે છે. તેમાં પ્રથમ શબ્દ સંબંધી વિષય ઉપર કહે છે.—

**सद्दं सुणित्ता महुरं अणिट्ठं, करिज्ज चित्तं न हु तुट्ठरुट्ठं ।**
**रसम्मि गीयस्स सया सरंगो, अकालमच्चुं लहई कुरंगो ॥४७॥**

**મૂળાર્થ**—ઇષ્ટ કે અનિષ્ટ શબ્દ સાંભળીને મનને તુષ્ટ કે રૂષ્ટ નજ કરવું. કેમકે ગીતના રસમાં નિરંતર રસિક થયેલો કુરંગ–મૃગ અકાળ મૃત્યુને પામે છે. ૪૭.

**ટીકાર્થ**—મધુર એટલે મિષ્ટ અને અનિષ્ટ એટલે કર્ણ કટુક એવા શબ્દ સાંભળીને બુદ્ધિમાન પુરૂષે મનને તુષ્ટ કે રૂષ્ટ કરવુંજ નહીં; અર્થાત્ મધુર અથવા કટુક શબ્દ સાંભળીને મનને તુષ્ટમાન કે રૂષ્ટમાન ન કરતાં સમભાવે રહેવું; કેમકે રાગ અને દ્વેષ એ સંસારના કારણ છે, માટે તેમને વર્જવા. પાછળના બે પાદવડે દૃષ્ટાંત કહે છે— ગીતના રસમાં સર્વદા રંગવાળો–રાગવાળો કુરંગ–મૃગ બિચારો અકાળે–સમય વિનાજ મૃત્યુને પામે છે. જો તે મૃગને તેવા પ્રકારનો શબ્દ શ્રવણ કરવાનો રસ ન હોય તો તે અકાળ મૃત્યુને કેમ પામે? પરંતુ તેની શ્રોત્ર ઇંદ્રિયનો પ્રચાર દુર્નિવાર છે. અહીં શ્રોત્ર ઇંદ્રિય ઉપર સુભદ્રાની કથા કહેલી છે. ૪૭.

**पासितु रूवं रमणीण रम्मं, मणम्मि कुज्जा न कयाऽवि पिम्मं ।**
**पईवमज्झे पडई पयंगो, रूवाणुरत्तो हवई अणंगो ॥ ४८ ॥**

**મૂળાર્થ**—સ્ત્રીઓનું મનોહર રૂપ જોઇને મનમાં કદાપિ પ્રેમ-રાગ કરવો નહીં; કારણ કે રૂપમાં રાગી થયેલ પતંગ ( પતંગીયું ) દીવામાં પડે છે, અને અંગ રહિત ( ભસ્મસાત્ ) થઇ જાય છે. ૪૮.

**ટીકાર્થ**—સ્ત્રીઓનું રમણીક રૂપ જોઇને મનમાં કદાપિ તેના-પર પ્રેમ-રાગ કરવો નહીં. તે ઉપર દૃષ્ટાંત આપે છે કે—રૂપ ઉપર આસક્ત થયેલું પતંગીયું દીવામાં પડે છે, અને દૃષ્ટિના દોષને લીધે તે અંગ રહિત થઇ જાય છે. જેમ તે પતંગીયું પોતાના શરીરને અગ્નિમાં હોમે છે, તેજ રીતે ચક્ષુના રાગવાળો કામી પણ પોતાના પ્રાણોને તૃણ સમાન તુચ્છ કરી નાખે છે. અહીં ચક્ષુના દોષ ઉપર લોલાક્ષની કથા આપેલી છે. ૪૮.

**जलम्मि मीणो रसणारसेणं, विमोहिऊ नो गहिऊ भएणं ।**
**पावाउ पाविइ स तालुवेहं, रसाणुराऊ इय दुक्खगेहं ॥ ४९ ॥**

**મૂળાર્થ**—જળમાં જિહ્વા ઇંદ્રિયના રસે કરીને મોહ પામેલો મત્સ્ય ભયને પામતો નથી, તેથી તે મત્સ્ય તાળવાના વેધને-વિંધાવાપણાને પામે છે. આથી કરીને રસની લોલુપતા દુઃખનું ઘર છે એમ જાણવું. ૪૯.

**ટીકાર્થ**—જળમાં રહેલો મત્સ્ય રસનેંદ્રિયના-જિહ્વાના રસે કરીને મોહ પામ્યો સતો મૃત્યુના ભયને સમજી શકતો નથી, એટલે નિર્ભય રહે છે. તેવા જિહ્વાના દોષથી ઉત્પન્ન થયેલા પાપથી તે તાળવાના વેધને પામે છે, અને મૃત્યુવશ થાય છે. આ પ્રકારે રસને વિષે કરેલો રાગ દુઃખનું ઘર એટલે અશાતાનો હેતુ થાય છે; તેથી જિહ્વા

ઇંદ્રિયને રસમાં લોલુપ કરવી નહીં. આ ઉપર રસલોલની કથા આપેલી છે. ૪૯.

ચોથા ઘ્રાણ વિષયની સેવાનો નિષેધ કરવા માટે કહે છે—

**गइंदकुंभत्थलगंधलुद्धो, इंदिंदिरो घाणरसेण गिद्धो ।**
**हहा मुहा मच्चुमुहं उवेई, को गंधगिद्धिं हियए वेहेई ॥ ५० ॥**

**મૂળાર્થ**—ગજેંદ્રના કુંભસ્થળમાં રહેલા મદના ગંધમાં લુબ્ધ થયેલો ભ્રમર નાસિકાના રસે કરીને આસક્ત થયો સતો ફોગટજ મૃત્યુના મુખમાં જઈ પડે છે એ અતિ ખેદની વાત છે. આમ હોવાથી કયો બુદ્ધિમાન હૃદયમાં ગંધની લોલુપતાને ધારણ કરે ? ૫૦.

**ટીકાર્થ**—ગજેંદ્રના કુંભસ્થળના ગંધમાં લુબ્ધ થયેલો ભ્રમર ઘ્રાણના રસે કરીને—નાસિકાવડે ગંધને સુંઘવાના રસે કરીને ગૃદ્ધ—આસક્ત થયો સતો હાહા એટલે ખેદની વાત છે કે ફોગટજ તે મૃત્યુના મુખને પામે છે. તે હાથીના મદને સુંઘવા માટે બેસી રહે છે, તેથી હાથીના કાનનો ઝપાટો આવતાં તેનાં પ્રાણ જાય છે. આ પ્રમાણે સાંભળીને કયો પંડિત પુરૂષ ગંધની ગૃદ્ધિને એટલે સુગંધ સુંઘવાની આસક્તિને હૃદયમાં ધારણ કરે ? કોઇ ન કરે. આ વિષય ઉપર નરવર્મ રાજાની કથા કહેલી છે. ૫૦.

હવે પાંચમા સ્પર્શ ઇંદ્રિયના વિષયનો દોષ પ્રગટ કરે છે.—

**फासिंदियं जो न हु निग्गहेई, सो बंधणं मुद्गमई लहेई ।**
**दप्पुद्धुरंगो जह सो करिंदो खिवेइ अप्पं वसणम्मि मंदो ५१॥**

**મૂળાર્થ**—જે સ્પર્શ ઇંદ્રિયનો નિગ્રહ કરતો નથી તે મુગ્ધ-

**મતિવાળો પુરૂષ બંધનને પામે છે. અને તે મંદ ( મૂઢ ) માણુસ કામાંધ—મદોન્મત્ત થયેલા હાથીની જેમ પોતાના આત્માને કષ્ટમાં નાંખે છે. ૫૧.**

**ટીકાર્થ**—સ્પર્શવડે ઓળખાતી જે ઇંદ્રિય તે સ્પર્શેંદ્રિય કહેવાય છે; એટલે કે પોતાનું શરીર, તેનો જે પુરૂષ નિગ્રહ કરતો નથી—તેને નિયમમાં રાખતો નથી તે મૂઢબુદ્ધિવાળો પુરૂષ બંધનને પામે છે. તે ઉપર દૃષ્ટાંત કહે છે.—દર્પવડે ઉદ્ધત છે શરીર જેનું એવો કરીંદ્ર–મદોન્મત્ત હસ્તી મંદ–જ્ઞાન રહિત–મૂર્ખ હોવાથી પોતાના આત્માને મહા સંકટમાં નાંખે છે.[1] તેજ રીતે જે માણુસ સ્પર્શ ઇંદ્રિયનો નિગ્રહ કરતો નથી, તે પણ પોતાના આત્માને વધ અને બંધન વિગેરે દુ:ખમાં નાંખે છે. આ ઉપર સુકુમાલિકાની કથા છે. ૫૧.

હવે તે પાંચે વિષયનો ભેળો વિપાક કહે છે.—

**इक्कोऽवि इक्को विसंऊ उदिन्नो, दुरकं असंखं दलई पवन्नो ।**
**जे सव्वहा पंचसु तेसु लुद्धा, मुद्धाण तेसिं सुगई निसिद्धा ॥५२॥**

**મૂળાર્થ**—એક એક પણ વિષય ઉદયમાં આવ્યો છતો આત્માને અસંખ્ય દુ:ખોને આપે છે. તો જેઓ સર્વથા પ્રકારે તે પાંચે ઇંદ્રિયોના વિષયોમાં લુબ્ધ થયા હોય, તેવા મૂઢોની સદ્ગતિજ નિષેધી છે. ૫૨.

---

૧ હાથીને પકડવા ઇચ્છનારા મોટા ખાડામાં કૃત્રિમ હાથણી રાખે છે. ખાડાના થોડા ભાગ ઉપર ઘાસ ઢાંકે છે. હાથી પેલી હાથણી પાસે આવવા જતાં તે ખાડામાં પડી જાય છે. પછી તેને પકડનારાઓ તેને ભૂખ્યો રાખી બહુજ નબળો બનાવી ખાડામાંથી બહાર કાઢી પોતાને કબજે કરે છે.

**ટીકાર્થ**—શબ્દાદિક એક એક વિષય પણ ઉદય પામ્યો સતો તેના આશ્રિત થયેલા આત્માને અસંખ્ય દુઃખને આપે છે; તો જેઓ સર્વથા પ્રકારે તે શબ્દાદિક પાંચે વિષયોમાં લુબ્ધ–લંપટ થયા હોય એવા મૂઢ મનુષ્યોનું શું કહેવું ? તેની સદ્‌ગતિ તો સર્વ શાસ્ત્રોમાં નિષેધીજ છે. ૫૨.

હવે તે ઇંદ્રિયોનું દુર્જયપણું કહે છે—

**अईव दुट्ठा विसया विसाऊ, पच्छा भवे जेहि महाविसाऊ ।**
**जेहिं पया हुंति परव्वसाऊ, न सेवणिज्जा खलु ते रसाऊ ॥५३॥**

**મૂળાર્થ**—વિષયો વિષથી પણ અતિ દુષ્ટ છે, જે વિષયો સેવવા વડે પાછળથી મહા વિષાદ–ખેદ પ્રાપ્ત થાય છે. તથા જે વિષયો વડે પ્રજાઓ–લોકો પરવશ બની જાય છે તેથી તે વિષયો રસથી–આસક્તિથી નજ સેવવા. ૫૩.

**ટીકાર્થ**—વિષયો વિષ થકી પણ અત્યંત દુષ્ટ–દુઃખ આપનારા છે, કે જે સેવ્યા થકા પ્રથમ તો અત્યંત સુખ આપનારા લાગે છે, પરંતુ સેવન કર્યા પછી તે મહા વિષાદ–ખેદને આપનારા થાય છે. તથા જે વિષયો સેવવાથી પ્રજા–લોકો પરવશ બની જાય છે, તેવા વિષયો રસથી–મનના રસિકપણાથી ઉત્તમ મનુષ્યોએ નિશ્ચે નજ સેવવા તે યોગ્ય છે. ૫૩.

હવે જે સર્વજ્ઞના વચનને માને છે, તેનેજ ધન્ય છે, એ કહે છે.—

**तित्थंकराणं निउणा पमाणं, कुणंति जे उज्झिय चित्तमाणं ।**

**सव्वं पि तेसिं किरियाविहाणं, संजोयई दुक्खसहस्सताणं ॥५४॥**

**મૂળાર્થ**—જે નિપુણ પુરૂષો ચિત્તના માનને મૂકીને તીર્થંકરની આજ્ઞાને પ્રમાણ કરે છે, તેઓનો સર્વ ક્રિયાવિધિ હજારો દુઃખથી રક્ષણ કરનારો થાય છે. ૫૪.

**ટીકાર્થ**—તીર્થંકરોની જે આજ્ઞા-નિર્દેશ તે તીર્થંકરાજ્ઞા કહેવાય છે. વિષયની સેવાના ત્યાગરૂપ તે આજ્ઞાને જે નિપુણ-પંડિત પુરૂષો પ્રમાણ કરે છે, એટલે તીર્થંકરની આજ્ઞા સત્ય છે એમ માને છે, શું કરીને ? તે કહે છે—ચિત્તના અહંકારનો ત્યાગ કરીને તેમને શું ફળ થાય ? તે કહે છે—તેઓનું સર્વ ક્રિયાવિધાન-કષ્ટાનુષ્ઠાન હજારો દુઃખથી રક્ષણ કરનારૂં થાય છે. એટલે કે તેમણે કરેલી સર્વ ક્રિયાઓ સફળ થાય છે. ૫૪.

જેઓ આ સંસારથી ભય પામે છે, તેઓજ આ સંસારસાગરને સુખેથી તરી શકે છે. તે વિષે કહે છે.—

**अच्चंतपावोदयसंभवाऊ, जे भीरुणो भव्वगणा भवाऊ ।**
**तेसिं सुहाणं सुलहो उवाऊ, नो संभविज्जा भवसंनिवाऊ ॥५५॥**

**મૂળાર્થ**—જે ભવ્ય પ્રાણીઓ જેનાથી અત્યંત પાપના ઉદયનો સંભવ છે એવા-સંસાર થકી ભય પામેલા હોય છે, તેઓને સુખ મેળવવાનો ઉપાય સુલભ છે, અને તેઓનો સંસારમાં પાત થતો નથી. ૫૫.

**ટીકાર્થ**—અત્યંત અધિક પાપના ઉદયનો સંભવ-જન્મ જેનાથી થાય છે એવા ભવથકી-સંસારથકી જે ભવ્ય જીવો ભીરૂ-ભય-

વાળા હોય છે એટલે કે પાપના ઉદયના કારણરૂપ એવા સંસારથી જેઓ ભય પામે છે, તે ભવ્યોને સુખ મેળવવાનો ઉપાય સુલભ જ છે, અને તેમને સંસારને વિષે પતન સંભવતું નથી એટલે કે પાપ. ભીરૂ પુરૂષ સંસારરૂપી કૂવાની અંદર પડતો જ નથી. આ ઉપર વિમલ શ્રાવકનું દૃષ્ટાંત આપેલું છે. ૫૫.

હવે સંસારનું અસ્થિરપણું કહે છે.—

**धणं च धन्नं रयणं सुवन्नं, तारुण्णरूवाइ जमित्थ अन्नं ।**
**विज्जु व्व सव्वं चवलं खु एयं, धरेह भव्वा हियए विवेयं ॥५६॥**
**पुत्ता कलत्ताणि य बंधुमित्ता, कुडुंबिणो चेवं इहेगचित्ता ।**
**आउक्खए पावचसा समेए, न रक्खणत्थं पभवंति एए ॥५७॥**

**મૂળાર્થ**—આ સંસારમાં ધન, ધાન્ય, રત્ન, સુવર્ણ, તારૂણ્ય (યુવાવસ્થા) તથા રૂપ વિગેરે જે બીજું કાંઇપણ છે, તે સર્વ ખરેખર વિદ્યુત્‌ના ચમકારા જેવું ચંચળ છે, એમ જાણીને હે ભવ્યો ! હૃદયમાં વિવેકને ધારણ કરો. આ જગતમાં પુત્રો, સ્ત્રીઓ, બંધુઓ, મિત્રો અને કુટુંબીઓ કે જે સર્વે એકચિત્તવાળાની જેવા હોય તેઓ પણ પાપના (કર્મના) વશથી આયુષ્યનો ક્ષય થયે સતે રક્ષણ કરવાને સમર્થ થતા નથી. ૫૬-૫૭.

**ટીકાર્થ**—ધન, च એટલે અને ધાન્ય, રત્ન, સુવર્ણ—આ શબ્દો જાતિવાચક હોવાથી એકવચનમાં મૂક્યા છે, તથા તારૂણ્ય-યુવાવસ્થા અને રૂપ વિગેરે જે બીજું પણ અહીં-સંસારમાં છે, તે સર્વ વીજળીના ઝબકારાની જેવું નિશ્ચે ચપળ છે, એમ જાણીને હે ભવ્ય જીવો ! હૃદયમાં હેય-તજવા લાયક અને ઉપાદેય-ગ્રહણ કરવા લા-

ચક એવા વિવેકને ધારણુ કરો. ૫૬. પુત્રો, સ્ત્રીઓ, બંધુઓ ભાઇઓ, મિત્રો અને કુટુંબીઓ આ સર્વે કદિ એકચિત્તવાળા-એક વિચારવાળા હોય તો પણ પાપના વશથી આયુષ્યનો પર્યંત-અંત આવે ત્યારે તે આ જીવનું રક્ષણુ કરવા સમર્થ થતા નથી. આ વિષય ઉપર મહાનિગ્રંથનું દૃષ્ટાંત આપેલું છે. ૫૭.

હવે પાપકર્મ સંબંધી ઉપદેશ આપે છે.—

**जेसिं मणे पावमई निविट्ठा, निव्वाहवित्ती पुणो संकिलिट्ठा ।**
**कयाऽवि ते हुंति न हिट्ठतुट्ठा, सव्वत्थ पावंति दुहाइ दुट्ठा ॥५८॥**

**મૂળાર્થ**—જેઓના મનમાં પાપબુદ્ધિ રહેલી છે, તથા નિર્વાહની વૃત્તિ જેમની સંકિલષ્ટ છે, તેઓ કદાપિ હર્ષતોષવાળા થતા નથી, ( પરંતુ ) તે દુષ્ટો સર્વત્ર દુઃખને જ પામે છે. ૫૮.

**ટીકાર્થ**—જે જીવોના મનમાં પાપની મતિ-બુદ્ધિ પેઠી હોય, અને નિર્વાહની વૃત્તિ-આજીવિકા સંકલેશવાળી-પાપવાળી-કષ્ટવાળી હોય એટલે ભાડાં કરવાં, ભાર વહન કરવા એ વિગેરે કલેશવાળા કર્મ કરવાથી થતી હોય, તે પ્રાણીઓ કદાપિ હર્ષ કે સંતોષને ધારણુ કરનારા થતા નથી, પરંતુ તે દુષ્ટો સર્વત્ર દુઃખને જ પામે છે. આ ઉપર મૃગાપુત્રની કથા આપેલી છે. ૫૮.

જિનેશ્વરના ગુણો ગાવાથી બોધિ-સમકિતની પ્રાપ્તિ થાય છે, અને તેનાથી વિપરીતપણે વર્તવાથી અબોધિ-મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. એ અર્થને જણાવનાર કાવ્ય કહે છે.—

**वन्नं वयंता जिणचेइयाणं, संघस्स धम्मायरियाइयाणं ।**
**कुणंति भव्वा सुलहं सुबोहिं, अवन्नवाएण पुणो अबोहिं ॥५९॥**

**મૂળાર્થ**—જિનચૈત્યો ( પ્રતિમા ) ની, સંઘની તથા ધર્માચાર્યાદિકની કીર્તિને બોલનારા ભવ્ય જીવો સદ્બોધિને સુલભ કરે છે, અને તેમના અવર્ણવાદ બોલવાવડે કુબોધિ–દુર્લભબોધિને સુલભ કરે છે. ૫૯.

**ટીકાર્થ**—વર્ણ એટલે કીર્ત્તિરૂપ વર્ણવાદને બોલતા ભવ્ય જીવો સમ્યગ્દર્શનરૂપ સદ્બોધિને સુલભ કરે છે, અર્થાત્ તેને ભવાંતરમાં ધર્મની પ્રાપ્તિ સહેજે થાય છે. કોના વર્ણવાદને બોલનારને ધર્મની પ્રાપ્તિ સુલભ થાય છે ? એ શંકા ઉપર કહે છે કે—જિનેશ્વરના ચૈત્યો એટલે ચિત્તની પ્રસન્નતાને ઉત્પન્ન કરનારી જિનેશ્વરની પ્રતિમાઓ, તથા સંઘ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સમૂહ, તથા ધર્માચાર્યાદિકની પ્રશંસા કરનારા જીવો સુલભબોધિ થાય છે અને તેઓના અવર્ણવાદને બોલનારા પ્રાણીઓ પરભવમાં દુર્લભબોધિપણાને પામે છે. શ્રીસ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે–“ જીવો પાંચ સ્થાને કરીને સુલભબોધિ થાય તેવા કર્મને બાંધે છે, તે આ પ્રમાણે–અરિહંતની પ્રશંસા કરવાથી, અરિહંત ભાષિત ધર્મની પ્રશંસા કરવાથી, આચાર્ય ઉપાધ્યાયની શ્લાઘા કરવાથી, ચતુર્વિધ સંઘની કીર્તિ ગાવાથી તથા વિવિક્ત[1] તપ અને બ્રહ્મચર્યવાળા જીવોની શ્લાઘા કરવાથી. વળી પાંચ સ્થાને કરીને જીવો દુર્લભબોધિપણાની પ્રાપ્તિ થાય તેવું કર્મ બાંધે છે. તે આ પ્રમાણે—અરિહંતના અવર્ણવાદ બોલવાથી, અરિહંતે પ્રરૂપેલા ધર્મના અવર્ણવાદ બોલવાથી, આચાર્ય ઉપાધ્યાયના અવર્ણવાદ બોલવાથી, સંઘના અવર્ણવાદ બોલવાથી તથા વિવિક્ત તપ અને બ્રહ્મચર્યવાળા દેવોના અવર્ણવાદ બોલવાથી. ” આ વિષય ઉપર શ્રીસુબુદ્ધિ પ્રધાનની તથા કો-

૧ અમુક પ્રકારે તપ ને બ્રહ્મચર્ય.

શિક વણિકની કથા આપેલી છે. ૫૯.

હવે જે દુષ્ટમતિવાળાઓ ધર્મતત્ત્વના અર્થને જાણતા નથી, તેઓ દુઃખી થઈને આ સંસારમાં પર્યટન કરે છે, તે કહે છે.—

**अन्नाणयादोसवसाणुभावा, मुणंति तत्तं न हु किंपि पावा ।**
**भवंति ते दुक्खदरिद्दीणा, परम्मि लोए सुहविप्पहीणा ॥६०॥**

**મૂળાર્થ**—પાપી જીવો અજ્ઞાનતારૂપી દોષને વશ થવાના કારણથી કાંઇપણ તત્ત્વને જાણતા જ નથી. તેઓ આ ભવમાં દુઃખ અને દારિદ્રવડે દીન થાય છે, તથા પરલોકમાં સુખથી રહિત થાય છે. ૬૦

**ટીકાર્થ**—અજ્ઞાનતાના દોષને આધિન રહેવાના પ્રભાવથી–માહાત્મ્યથી પાપી–પાપકર્મને કરનારા જીવો તત્ત્વને–પરમાર્થને કાંઈ પણ જાણતા નથી. તેઓને શું ફળ પ્રાપ્ત થાય ? એવી શંકાના સમાધાનમાં કહે છે કે–અજ્ઞાનને આધીન થયેલા અને તેથી કરીને અધર્મી બનેલા એવા તેઓ આ ભવમાં દુઃખ અને દારિદ્રવડે દીન થાય છે, તથા પરલોકમાં સુખથી રહિત થાય છે. આ સર્વ અજ્ઞાનનો જ વિલાસ છે. આ વિષય ઉપર ચાર વહુઓનું દૃષ્ટાંત આપેલું છે. ૬૦.

પુણ્યના ઉદય વિના ધર્મમાર્ગ પામવો દુર્લભ છે, તે ઉપર કહે છે.—

**पुन्नोदएणं नणु कोई जीवो, भिसं समुज्जोइयनाणदीवो ।**
**मोहंधयारप्पसरं दलित्ता, पिच्छेइ निव्वाणपहं पइत्ता ॥ ६१ ॥**

**મૂળાર્થ**—પુણ્યના ઉદયથી જેણે જ્ઞાનરૂપી દીવો અત્યંત પ્રદીપ્ત કર્યો છે એવો કોઈપણ જીવ નિશ્ચે મોહરૂપી અંધકારના પ્રચારને દળી નાંખીને પ્રયત્નથી નિર્વાણમાર્ગને જુએ છે. ૬૧.

**ટીકાર્થ**—પુણ્ય એટલે ધર્મ તેના ઉદયવડે કરીને અત્યંત ઉદ્યોતિત કર્યો છે-સારી રીતે પ્રદીપ્ત કર્યો છે જ્ઞાનરૂપ-પ્રબોધરૂપ દીવો જેણે એવો કોઇપણ જીવ-પાંચ ઇંદ્રિયોની લબ્ધિવાળો ભવ્ય પ્રાણી, મોહ પમાડે અર્થાત્ મતિના ભ્રમને જે ઉત્પન્ન કરે તે મોહ કહેવાય છે, એટલે કે સીત્તેર કોટાકોટી સાગરોપમની સ્થિતિવાળું મોહનીય કર્મ, સર્વ કર્મોમાં મોહનીય કર્મનું પ્રધાનપણું જણાવવા માટે શ્લોકમાં મોહ શબ્દનું ગ્રહણ કર્યું છે, તેવા મોહરૂપી અંધકારના પ્રચારને દળીને-કાપીને પ્રયત્નથી નિર્વાણપથને-મોક્ષમાર્ગને જુએ છે. ૬૧.

**इत्थंतराया बहवे पसिद्धा, कोहाइणो वेरिगणा समिद्धा ।**
**हरंति ते धम्मधणं छलेणं, को निज्जिणेई नणु ते बलेणं ॥६२॥**

**મૂળાર્થ**—આ મોક્ષમાર્ગમાં પણ અંતરાય-વિઘ્ન કરનારા બળવાન ક્રોધાદિક ઘણા શત્રુવર્ગો પ્રસિદ્ધ છે, તેઓ છળે કરીને ધર્મ-રૂપી ધનને હરી લે છે, પણ કોઇક જ બળે કરીને તે શત્રુઓને જીતી શકે છે. ૬૨.

**ટીકાર્થ**—તેમાં પણ સમ્યક્ જ્ઞાનરૂપ ઉદ્યોતના બળથી મોહરૂપી મહા અંધકારના સમૂહને દૂર કરીને કોઇક જ પ્રાણી મોક્ષમાર્ગને જુએ છે, મોક્ષના માર્ગમાં વચ્ચે ઘણા શત્રુઓ વિઘ્નના સમૂહને કરનારા રહેલા છે, તે બાબતને જ સ્પષ્ટ કરતાં કહે છે કે-તે મોક્ષમાર્ગમાં ચાલેલા ભવ્ય પ્રાણીઓને અંતરાય કરનારા ઘણા (શત્રુઓ) પ્રસિદ્ધ છે. તે કોણ છે ? ક્રોધાદિક વૈરીના સમૂહો છે. ક્રોધ છે આદિ જેમનામાં તે ક્રોધાદિ-એટલે ક્રોધ, માન, માયા અને લોભ તે દરેક સંજ્વલન, પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન અને અનંતાનુબંધી

ચાર ચાર ભેદવાળા છે, તે જીવની અંદર જ રહેવાવાળા શત્રુઓ છે. વળી તે કેવા છે? સમૃદ્ધ એટલે બળવાન્ છે, તે શત્રુઓ ધર્મરૂપી ધનને એટલે પુણ્યરૂપી પાથેય–ભાતાંને છળવડે અને બળવડે પણ હરી લે છે. ઘણા જીવો સિદ્ધિમાર્ગમાં ચાલેલા હોય છે, પરંતુ તેઓને તે શત્રુઓ છળીને ભુવનભાનુ વિગેરેની જેમ પાછા વાળે છે, કોઇક જ ભવ્ય જીવ તે અંતરંગ શત્રુઓને મનોબળના પ્રબળ માહાત્મ્યથી–ઉંચા પ્રકારના સ્વચિત્તના પ્રગલ્ભપણાથી જીતી શકે છે. ૬૨.

**पावाइँ पावा परिसेवमाणा, धम्मं जिणुद्दिट्ठमयाणमाणा ।**
**अन्नाणकट्ठेहि कयाभिमाणा, खिवंति अप्पं नरए अयाणा ॥६३॥**

**મૂળાર્થ**—પાપકર્મને સેવનારા, જિનેશ્વરે કહેલા ધર્મને નહીં જાણનારા અને અજ્ઞાનકષ્ટે કરીને અભિમાન કરનારા પાપી જીવો અજ્ઞાનને લીધે પોતાના આત્માને નરકમાં નાંખે છે. ૬૩.

**ટીકાર્થ**—મહા આરંભથી ઉત્પન્ન થયેલા એટલે કે પ્રાણીઓના ઘાતથી પ્રાપ્ત થયેલા પાપને–પાપના ફળને ભોગવતા, તથા દુર્ગતિરૂપ ગર્તામાં પડતા જંતુઓને ઉત્તમસ્થાનને વિષે ધારણ કરનાર જિનેશ્વરે કહેલા ધર્મને નહીં જાણનારા, તથા અજ્ઞાનકષ્ટે કરીને એટલે પંચાગ્નિ સેવન, પૃથ્વીપર શયન, નીરસ ભોજન, પરિજન ( સગાં ) નો ત્યાગ, ગામમાં વસવાનો ત્યાગ, શીયાળામાં પણ શીતળ જળવડે સ્નાન, ટાઢ, તડકો અને વાયુ વિગેરેનું સહન કરવું, નગ્નપણું અને મૌનપણું ધારણ કરવું, ઈત્યાદિ અનેક પ્રકારના શરીરના કષ્ટો સહન કરવા વડે કરીને " અમે મહા તપસ્યાને કરનારા છીએ " એ પ્રમાણેનું અભિમાન કરનારા–અત્યંત અહંકારથી પરાભવ પામેલા પાપીઓ અજ્ઞાનને લીધે પોતાના આત્માને નરકગતિમાં

નાંખે છે. આ વિષય ઉપર પાંચમા અંગમાં કહેલું પૂરણુતાપસનું દૃષ્ટાંત આપેલું છે. ૬૩.

હવે આઠ મદનો ત્યાગ કરવા ઉપર બે કાવ્યો કહે છે.—

**न जाइगव्वं हिययम्मि कुज्जा, कुलाभिमाणं पुण नो वहिज्जा ।**
**रूवं नवं इस्सरियं अउव्वं, लध्धुं सुबुद्धी न धरिज्ज गव्वं ॥६४॥**
**अहं खु लोए बलवं तवस्सी, सुयाहिओ वा अहयं जसंसी ।**
**लाभेऽवि संते मुइऊ न हुज्जा, तहऽप्पणो उक्करिसं न कुज्जा ॥६५॥**

**મૂળાર્થ**—બુદ્ધિમાન માણસે જાતિનો ગર્વ મનમાં કરવો નહીં, તેમજ કુળનું અભિમાન કરવું નહીં, શ્રેષ્ટ રૂપ અને અપૂર્વ ઐશ્વર્ય પામીને તેનો ગર્વ કરવો નહીં, હું જ લોકમાં બળવાન, તપસ્વી અથવા અધિક શ્રુત જાણનાર છું એવો અથવા હું યશસ્વી છું એવો ગર્વ કરવો નહીં, અને ( પુષ્કળ ) લાભ થયા છતાં પણ હર્ષિત થવું નહીં, તથા પોતાનો ઉત્કર્ષ કરવો નહીં. ૬૪-૬૫.

**ટીકાર્થ**—અહીં ન શબ્દનો અર્થ નિષેધમાં છે. જાતિના ગર્વને એટલે માતૃપક્ષ ( મોસાળ ) ના ગર્વને હૃદયમાં ધારણ કરવો નહીં, કુળાભિમાન એટલે પિતૃપક્ષનો અહંકાર પણ કરવો નહીં, નવીન રૂપ અને અપૂર્વ ઐશ્વર્ય-સ્વામીપણું પામીને પણ બુદ્ધિમાન પુરૂષે ગર્વને ધારણ કરવો નહીં, આવો ગર્વ કરવાથી પરભવમાં નીચ જાતિ, નીચ કુળ અને અનિષ્ટ રૂપ વિગેરેને મનુષ્ય પામે છે, તેથી સત્પુરૂષોએ ગર્વ ત્યાગ કરવા લાયક છે-આદરવા લાયક નથી. ૬૪. હવે બીજા મદોને કહે છે.—હું નિશ્ચે જગતમાં બળવાન્ છું-મારાથી બીજો કોઇ બળવાન્ નથી, અથવા હું તપસ્વી-તપની શક્તિવાળો છું,

અથવા હું અધિક શ્રુત જાણનાર–વિદ્વાન છું, અથવા હું યશસ્વી–કીર્તિમાન છું, એવો ગર્વ પણ કરવો નહીં, તેમજ રાજ્ય અને સમૃદ્ધિ વિગેરેનો લાભ થયા છતાં પણ હર્ષિત થવું નહીં, તથા પોતાનો ઉત્કર્ષ પણ કરવો નહીં. અહીં જાતિમદ ઉપર બ્રાહ્મણની કથા છે, કુળમદ ઉપર મહાવીરનું દૃષ્ટાંત છે, રૂપમદ ઉપર સનત્કુમારનું, બળમદ ઉપર વસુભૂતિનું, શ્રુતમદ ઉપર સાગરચંદ્રનું, તપમદ ઉપર દ્રૌપદીના પૂર્વભવની સુકુમાલિકાનું, લાભમદ ઉપર આષાઢભૂતિનું અને ઐશ્વર્યમદ ઉપર રાવણનું–એ સર્વના દૃષ્ટાંતો આપેલાં છે. તેમાં કેટલાકનાં સંક્ષેપ કરવા માટે નામ માત્ર આપ્યા છે. ૬૫.

**वालग्गमित्तोऽवि न सो पएसो, जत्थोववन्नो भुवणम्मि नेसो ।**
**जीवो समावज्जियपावलेसो, न पाविऊ कत्थ य सुक्खलेसो ॥६६॥**

**મૂળાર્થ**—જગતમાં ( ચૌદ રાજલોકમાં ) વાળના અગ્રભાગ જેટલો પણ કોઇ પ્રદેશ નથી કે જ્યાં પાપલેશ્યાએ કરીને સહિત આ જીવ ઉત્પન્ન થયો ન હોય, પરંતુ તેમાંના કોઇપણ ઠેકાણે તે સુખનો લેશ પણ પામ્યો નથી. ૬૬.

**ટીકાર્થ**—ભુવનને વિષે એટલે ચૌદ રાજપ્રમાણ જીવલોકને વિષે એક વાળના અગ્રભાગ જેટલો પણ પ્રદેશ નથી કે જ્યાં આ જીવ અવતર્યો ન હોય. કેવો જીવ ? તે કહે છે–સારી રીતે વૃદ્ધિ પમાડી છે છએ પ્રકારની પાપલેશ્યા જેણે એવો જીવ, તેમાંના કોઇપણ ઠેકાણે સુખનો લેશ પણ પામ્યો નહીં. ચૌદ રાજલોકમાં એવું કોઇપણ સ્થાન નથી કે જ્યાં તે ( આ જીવ ) ઉત્પન્ન થયો ન હોય. કહ્યું છે કે—

" न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥ १ ॥
लोए असंखजोयण-माणे पइजोयणंगुला संखा ।
पइ तं असंख अंसा, पइअंसमसंखया गोला ॥ २ ॥
गोले असंख निगोऊ, सोऽणंतजिऊ जियं पइ पएसो ।
अस्संख पइपएसं, कम्माणं वग्गणाऽणंता ॥ ३ ॥
पइवग्गणं अणंता, अणू य पइअणु अणंतपज्जाया ।
एयं लोगसरूवं, भाविज्ज तहत्ति जिणवुत्तं ॥ ४ ॥ "

" તેવી કોઇ જાતિ નથી, તેવી કોઇ યોનિ નથી, તેવું કોઇ સ્થાન નથી, અને તેવું કોઇ કુળ નથી કે જે જાત્યાદિકમાં સર્વે જીવો અનંતવાર ઉત્પન્ન થયા ન હોય કે મરણ પામ્યા ન હોય. ૧. આ લોક અસંખ્ય જોજનના પ્રમાણુ-વિસ્તારવાળો છે, તેમાં દરેક જોજન સંખ્યાતા અંગુલવાળો છે, દરેક અંગુલના અસંખ્ય અંશ-ભાગ (પ્રદેશ) છે, દરેક અંશે અસંખ્ય ગોળા છે, ૨ દરેક ગોળે અસંખ્ય નિગોદો છે, દરેક નિગોદમાં અનંત જીવો છે, દરેક જીવના અસંખ્ય પ્રદેશો છે, દરેક પ્રદેશે અનન્તી કર્મવર્ગણાઓ છે, ૩ દરેક વર્ગણામાં અનંત પરમાણુઓ છે, દરેક પરમાણુના અનંતા પર્યાયો છે, આ પ્રમાણે જિનેશ્વરે કહેલું લોકનું સ્વરૂપ ભાવવું ૪. "

લેશ્યાઓનુ સ્વરૂપ આ પ્રમાણે છે.—

"मूलं१ साह२ पसाहा३ गुच्छ४ फले५ भूमिपडिय६ भक्खणया ।
सव्वं१ माणस२ पुरिसे३ साउह४ जुज्झंत५ धणहरणं६ ॥ "

" કોઇ છ મનુષ્યો જૂદી જૂદી લેશ્યાવાળા હતા. તેઓ જાંબુ ખાવા માટે જાંબુના વૃક્ષ નીચે ગયા. તેમાં પહેલા પુરૂષે કહ્યું કે–આ વૃક્ષને મૂળસહિત ઉખેડી નાખીને આપણે જાંબુ ખાઇએ ૧; બીજો બોલ્યો–આખું વૃક્ષ પાડી નાંખવાથી શું ફળ છે ? મોટી મોટી શાખાઓજ છેદીએ ૨, ત્રીજો બોલ્યો–તેથી પણ શું ફળ ? માત્ર નાની ડાળીઓ જ કાપીએ ૩, ચોથાએ કહ્યું–તેમ કરવાથી પણ શું ફળ ? માત્ર ફળના ગુચ્છા–લુરખા જ તોડી લઇએ ૪, પાંચમો બોલ્યો—આખા ગુચ્છામાંથી માત્ર પાકાં ફળો જ પાડીએ ૫, છઠ્ઠો બોલ્યો કે–કાંઇપણ કરવાની જરૂર નથી, ભૂમિપર પુષ્કળ જાંબુ પડેલાં છે તેમાંથી ખાઇએ ૬. આમાં ઉત્તરોત્તર શુભ લેશ્યાવાળા જાણવા.

બીજું દૃષ્ટાંત એ રીતે છે કે–છ ચોરો ગામ લુંટવા ચાલ્યા. તેમાં પહેલાએ કહ્યું કે–ગામમાં પેસતાં આપણને જે કોઇ મનુષ્ય કે પશુ સામા મળે તે સર્વને ખડ્ગ વડે મારી નાંખવા ૧, બીજો બોલ્યો કે–પશુને મારવાથી શું ફળ ? મનુષ્યોને જ મારવા ૨, ત્રીજો બોલ્યો–મનુષ્યમાં પણ સ્ત્રીઓને શામાટે મારવી ? પુરૂષોને જ મારવા ૩, ચોથો બોલ્યો–સર્વ પુરૂષોને મારવાનું શું કામ ? જેના હાથમાં શસ્ત્ર હોય તેમને જ મારવા ૪, પાંચમો બોલ્યો–સર્વ શસ્ત્રધારીઓને મારવાનું શું કામ ? જેઓ આપણી સાથે યુદ્ધ કરે તેને જ મારવા ૫, છઠ્ઠો બોલ્યો કે–કોઇને પણ મારવાની શી જરૂર છે ? આપણે તો ધનનું કામ છે, માટે ફક્ત ધનનુંજ હરણ કરવું ૬. અહીં પણ ઉત્તરોત્તર શુભ લેશ્યાવાળા જાણવા. " ૬૬.

હવે મનુષ્ય ભવની દુર્લભતા કહે છે.—

[1]सुदुल्लहं [1]पाविय [2]माणुसत्तं, [3]कुलं [4]पवित्तं [5]तह [6]अज्जखित्तं ।

**તંત્તં સુણિત્તા સુગુરૂહિ વુત્તં, તુજ્ઝ પમાયાયરણં ન જુત્તં ॥૬૭॥**

**મૂળાર્થ**—અત્યંત દુર્લભ મનુષ્યપણું, પવિત્ર કુળ, તથા આર્યક્ષેત્રને પામીને અને સદ્‌ગુરૂએ કહેલું તત્ત્વ સાંભળીને તારે પ્રમાદ સેવવો તે યોગ્ય નથી. ૬૭.

**ટીકાર્થ**—અત્યંત દુર્લભ એવું મનુષ્યપણું–નરજન્મ પામીને, તથા તેથી પણ દુર્લભ એવા પવિત્ર કુળને–ઉત્તમકુળમાં જન્મને પામીને, તથા તેથી પણ દુર્લભ એવા આર્યક્ષેત્રને પામીને તથા તેથી પણ દુર્લભ એવા સદ્‌ગુરૂએ કહેલા તત્ત્વને સાંભળીને એટલે આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુએ કહેલા ધર્મસ્વરૂપને સાંભળીને હે જીવ! હવે પ્રમાદનું આચરણ કરવું તને યોગ્ય નથી. જો કોઇ દુર્લભ વસ્તુ પ્રાપ્ત થઇ હોય તો તે યત્નપૂર્વક સાચવી રાખીએ તોજ સારૂં કહેવાય, માટે હવે ધર્મારાધનમાં પ્રમાદ કરવો નહીં. અહીં મનુષ્યભવની દુર્લભતા ઉપર નાનાં મોટાં દશ દૃષ્ટાંતો આપ્યાં છે. તે આ પ્રમાણે—કાર્પટિક[1] ૧, ચાણાક્ય ૨, ધાન્ય ૩, દ્યૂત ૪, રત્ન ૫, મૂળદેવ ૬, સુરેંદ્રદત્ત ૭, કચ્છપ (કાચબા) ૮, યુગશમીલા,[2] ૯ અને સ્તંભ ૧૦. મૂળ શ્લોકના પહેલા પાદમાં નરભવની દુર્લભતા જણાવી છે, તે ઉપર આ દશ દૃષ્ટાંતો કહેલા છે.

હવે મૂળ શ્લોકનાં બીજા પાદનો પરમાર્થ આ પ્રમાણે છે.—મનુષ્યભવ પ્રાપ્ત થયા છતાં પણ ઉત્તમ કુળ પ્રાપ્ત થવું દુર્લભ છે, અને ઉચ્ચ કુળ પ્રાપ્ત થયા છતાં પણ આર્યક્ષેત્ર વિના ધર્મની પ્રાપ્તિ

૧ કાપડી–એક જાતનો બાવો–જોગી. ૨ યુગ–ધોંસરૂં. શમિલા–તેમાં નાખવાની ખીલી.

થતી નથી. તેમજ આર્યક્ષેત્ર મળ્યા છતાં પણ સદ્‌ગુરૂએ કહેલા તત્ત્વ-નું શ્રવણ અતિ દુર્લભ છે. કહ્યું છે કે—

" भूएसु जंगमत्तं, तत्तो पंचिंदियत्तमुक्कोसं ।
तेसु वि य माणुसत्तं, मणुअत्ते आरिओ देसो ॥ १ ॥
देसे कुलं पहाणं, कुले पहाणे य जाइमुक्कोसा ।
तीइ वि रूवसमिद्धी, रूवे वि बलं पहाणयरं ॥ २ ॥
होई बले विय जीयं, जीए वि पहाणयंति विन्नाणं ।
विन्नाणे सम्मत्तं, सम्मत्ते सीलसंपत्ती ॥ ३ ॥
सीले खाइयभावो, खाइयभावे य केवलं नाणं ।
केवलिए संपत्ते, तत्तो परमक्खरो मुक्खो ॥ ४ ॥
पन्नरसंगो एसो, संपन्नो मुक्खसाहणोवाओ ।
इत्थ बहू संपत्तं, थोवं संपावियव्वं ते ॥ ५ ॥ "

" પ્રાણીઓમાં જંગમપણું–ત્રસપણું પ્રાપ્ત થવું દુર્લભ છે ૧, તેમાં પણ પંચેંદ્રિયપણું ઉત્તમ છે ૨, તેમાં પણ મનુષ્યપણું ઉત્તમ છે ૩, મનુષ્યપણામાં પણ આર્યદેશ પ્રધાન છે ૪, આર્યદેશમાં પણ ઉત્તમ કુળ પ્રાપ્ત થાય તો તે શ્રેષ્ઠ છે ૫, ઉત્તમ કુળમાં પણ ઉત્કૃષ્ટ જાતિ મળે તો તે શ્રેષ્ઠ છે ૬, તેમાં પણ રૂપની સમૃદ્ધિ પ્રધાન છે ૭, રૂપમાં પણ શારીરિક બળ હોય તો તે પ્રધાન છે ૮, બળ છતાં પણ જીત[1] જોઈએ ૯, જીત કરતાં પણ વિજ્ઞાન પ્રધાનતર છે ૧૦, વિ-જ્ઞાન છતાં પણ સમક્તિ પ્રાપ્ત થાય તે ઉત્તમ છે ૧૧, સમક્તિ મળ્યા

૧ અહીં જીત શબ્દ શું અર્થ સૂચવે છે તે સમજાતું નથી.

છતાં પણ શીળની પ્રાપ્તિ ઉત્તમ છે ૧૨, શીળમાં પણ ક્ષાયિકભાવ ઉત્તમ છે ૧૩, ક્ષાયિકભાવમાં પણ કેવળજ્ઞાન ઉત્તમ છે ૧૪, અને કેવળીપણું પ્રાપ્ત થયા છતાં શાશ્વત મોક્ષ ઉત્તમ છે ૧૫. આ પંદર અંગ-પ્રકારવાળો મોક્ષ સાધવાનો ઉપાય છે. તેમાંથી હે જીવ ! તેં ઘણું પ્રાપ્ત કર્યું છે. હવે થોડુંજ પ્રાપ્ત કરવું બાકીમાં છે તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કર. ૧ થી ૫.

આર્ય દેશોનાં નામ આ પ્રમાણે છે.—

" मगहंगवंगकासी–कलिंगकुरुकोसलाकुसट्टा य ।
जंगलवच्छविदेहा, पंचालसुरट्ठसंडल्ला ॥ १ ॥
मलयत्थसिंधुचेई, वयराउदसन्नभं(मं)गवट्टा य ।
लाटा य सूरसेणा, कुणाल तह केयई अद्धं ॥ २ ॥
जत्थ न जिणकल्लाणा, न चक्किबलकेसवाण अवयारो ।
न य जिणधम्मपवित्ती, सगजवणाई अणज्जा ते ॥ ३ ॥ "

મગધ, અંગ, વંગ ( બંગ–બંગાળા ), કાશી, કલિંગ, કુરૂ, કોશલ, કુશા(વ)ર્ત, જંગલ, વત્સ, વિદેહ, પાંચાલ, સોરઠ, શાંડિલ્ય, મલય, અર્થ ( મત્સ્ય–અચ્છ ) સિંધુ, ચેદી, વરાડ, ( વરૂણ–વૈરાટ ) દર્શાણ, ભંગ ( મંગ ), વર્ત્ત ( માસ ), લાટ, સૂરસેન, કુણાલ અને અર્ધો કેકઇ દેશ[1] આ સાડીપચીશ આર્યદેશો છે. જે દેશમાં જિનેશ્વરના કલ્યાણકો થતા નથી, ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવની જ્યાં ઉત્પત્તિ થતી નથી, તથા જ્યાં જિનધર્મની પ્રવૃત્તિજ નથી તેવા શકદેશ અને યવનદેશ વિગેરે અનાર્ય દેશો છે. "

---

૧ આમાં કૌંસમાં લખેલા નામ અન્યત્ર દષ્ટિગત થવાથી લખેલાં છે.

હવે ત્રીજા પાદમાં સુગુરૂએ કહેલા તત્ત્વને સાંભળવાનું કહ્યું છે. તે ગુરૂમહારાજે કહેલું તત્ત્વ એજ છે કે–સુંદર ક્રિયાના સમૂહને કરનાર સાધુએ અત્યંત ઉપસર્ગ કરનારા શત્રુ ઉપર પણ અત્યંત ક્ષમા કરવી, એજ મુનિપણાનું તત્ત્વ ( સાર ) છે. જે સાધુ તેથી વિપરીતપણે એટલે કે ક્ષમાને નહીં રાખીને પણ ફરીથી અંતે–છેવટે પૂરેપૂરી ક્ષમાને અંગીકાર કરે છે તો તે પણ સંવર મુનિની જેમ કૃતાર્થ થઇને સિદ્ધિરૂપી પ્રાસાદ ઉપર આરોહણ કરે છે. અર્થાત્ મુક્તિપદારોહણમાં જ્યારે ત્યારે–પહેલાં કે પછી પણ ક્ષમાની તો જરૂરજ છે. આ પ્રસંગ ઉપર સંવર મુનિની કથા આપેલી છે.

હવે મૂળ શ્લોકના ચોથા પાદમાં “ તારે પ્રમાદનું આચરણ કરવું યોગ્ય નથી. ” એમ કહ્યું છે, તેથી પ્રમાદ આઠ પ્રકારના છે તે બતાવે છેઃ—

“ पमाऊ य जिणिंदेहिं, भणिओ अट्ठभेयओ ।
अन्नाणं१ संसओ२ चेव, मिच्छानाणं३ तहेव य ॥ १ ॥
रागो४ दोसो५ मइभंसो६, धम्मम्मि य अणायरो७ ।
जोगाणं दुप्पणीहाणं८, अट्ठहा वज्जियव्वओ ॥ २ ॥ ”

“ જિનેશ્વરે આઠ પ્રકારનો પ્રમાદ કહેલો છે–અજ્ઞાન ૧, સંશય ૨, મિથ્યા ( અસત્ય ) જ્ઞાન ૩, રાગ ૪, દ્વેષ ૫, મતિનો ભ્રંશ ૬, ધર્મ ઉપર અનાદર ૭ તથા મન, વચન અને કાયા એ ત્રણ યોગનું દુષ્પ્રણિધાન ૮. આ આઠ પ્રકારનો પ્રમાદ વર્જવા યોગ્ય છે. ”

આ પ્રમાદ અજ્ઞાનરૂપ જ છે, તે જેમ સ્થૂળભદ્ર મુનિએ ત્રણ

ઠેકાણે કર્યો હતો, તેમ બીજા બુદ્ધિમાન સાધુઓએ “ **समयं गोयम मा पमायए** ” । “ હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો.” એવું શ્રીમહાવીરસ્વામીનું વચન ચિત્તમાં ધારણ કરીને કદાપિ કરવો નહીં. આ પ્રાણી એકાંતે પ્રમાદમાં મગ્ન થયેલો જ હોય છે, પરંતુ તેમાં જેઓ અપ્રમાદી હોય છે, તેઓ જ આત્મકાર્યને સાધનારા અને દુઃખનો નાશ કરનારા થાય છે. અહીં સ્થૂળભદ્ર મુનિએ કરેલા ત્રણ પ્રમાદના સ્થાનો જણાવવા માટે સ્થૂળભદ્ર મુનિનું સવિસ્તર દૃષ્ટાંત આપ્યું છે. ૬૭.

હવે બાલ્યાદિક ત્રણે અવસ્થામાં ધર્મનો અવસર દુર્લભ જ છે, તે કહે છે—

**बालत्तणं खिड्डपरो गमेइ, तारुण्णए भोगसुखे रमेई ।**
**थेरत्तणे कायबलं वमेई, मूढो मुहा कालमइक्कमेइ ॥ ६८ ॥**

**મૂળાર્થ**—પ્રાણી બાલ્યાવસ્થાને ક્રીડામાં તત્પર થઈને ગુમાવે છે, યુવાવસ્થામાં ભોગના સુખને વિષે રમે છે અને વૃદ્ધાવસ્થામાં શરીરના બળને વમે છે-નાશ કરે છે, એ રીતે મૂઢ પ્રાણી કાળને ફોગટ ગુમાવે છે. ૬૮.

**ટીકાર્થ**—પ્રાણી ક્રીડામાં તત્પર થઈને બાળપણું ગુમાવે છે—ફોગટ હારી જાય છે. “ **बालः प्रायो रमणासक्तः** ” “ પ્રાયે કરીને બાળક ક્રીડામાં આસક્ત હોય છે. ” એમ અન્ય શાસ્ત્રમાં પણ કહ્યું છે, ત્યારપછી યુવાવસ્થા પ્રાપ્ત થયે ભોગસુખમાં- ભોગવિલાસમાં રમે છે, અને ત્યારપછી વૃદ્ધાવસ્થામાં શરીરના બળને વમે છે—શરીરનું બળ ક્ષીણ થાય છે. એ રીતે મુગ્ધ પ્રાણી ફોગટ—નિરર્થક જ

કાળનો અતિક્રમ કરે છે—આખી જીંદગી વ્યર્થ ગુમાવી નાંખે છે. ૬૮

હવે બાલ્યાવસ્થાથીજ પુણ્યકર્મ કરવું શ્રેષ્ઠ છે, તે ઉપર કહે છે.—

**लहुत्तणाऊ वि न जेण पुन्नं, समज्जियं सव्वगुणोहपुन्नं ।**
**थेरत्तणे तस्स य नावयासो, धम्मस्स जत्थ त्थि जराप्पयासो**
**॥ ६९ ॥**

મૂળાર્થ—જેણે બાલ્યાવસ્થાથી જ સર્વ ગુણોના સમૂહથી પૂર્ણ એવું પુણ્ય ઉપાર્જન કર્યું ન હોય, તેને વૃદ્ધાવસ્થામાં ધર્મ કરવાનો અવકાશ રહેતો જ નથી; કેમકે વૃદ્ધાવસ્થામાં તો જરાનો પ્રકાશ થાય છે—શરીર જર્જરિત થાય છે, ( એટલે ધર્મારાધન થઈ શકતું નથી. ) ૬૯.

ટીકાર્થ—બાલ્યાવસ્થાથી આરંભીને જે પ્રાણીએ સર્વ ગુણોના સમૂહે કરીને પૂર્ણ એવું શુભ કર્મના પુદ્ગળરૂપ પુણ્ય દાનશીલાદિકવડે ઉપાર્જન કર્યું નથી—આત્માને આધીન કર્યું નથી, તેને વૃદ્ધાવસ્થામાં ધર્મનો અવકાશ નથી, વૃદ્ધાવસ્થામાં શક્તિ રહિત થવાથી શરીર શીત, વાયુ, આતપ વિગેરેના ક્લેશોને સહન કરવાને અસમર્થ થાય છે, તેથી ધર્મનો અવકાશ રહેતો નથી, તે વખતે તો કાચી માટીના વાસણની જેમ આ શરીર જરાવસ્થાવડે જર્જરીભાવને પામે છે. બાલ્યાવસ્થામાં સુકૃત કરણી કરવા ઉપર અતિમુક્તક નામના સાધુની કથા અહીં આપી છે. ૬૯.

હવે પૂર્વજન્મમાં કરેલા સુકૃતનું માહાત્મ્ય કહે છે.—

**पुव्विं कयं जं सुकयं उदारं, पत्तं नरत्तं नणु तेण सारं ।**

**करेसि नो इत्थ जया सुकम्मं, कहं सुहं जीव लहेसि रम्मं ॥ ७० ॥**

**મૂળાર્થ**—પૂર્વ જન્મમાં ઉદાર એવું જે સુકૃત-પુણ્ય તેં કર્યું હતું, તેવડે આ સારભૂત મનુષ્યપણું તને પ્રાપ્ત થયું, હવે જો આ ભવમાં તું સુકૃત નહીં કરે, તો ( આગામી જન્મમાં ) હે જીવ! રમણીય-મનોહર સુખને તું શી રીતે પામીશ ? ૭૦.

**ટીકાર્થ**—પૂર્વ જન્મમાં જે સુકૃત-દાન, શીળ, તપ વિગેરે તેં કર્યું છે, તે સુકૃત કેવું ? તે કહે છે-ઉદાર એટલે અદ્‌ભુત, અર્થાત્ સ્વર્ગ અને મોક્ષના સુખ આપવામાં જિનધર્મ જ ઉત્તમ દાતાર છે, બીજા કોઇ ધર્મની તેની સાથે સમાનતા નથી, તેથી જૈનધર્મના આરાધનવડે બાંધેલું પુણ્ય ઉદાર કહેવાય છે. તે સુકૃતે કરીને સાર એટલે તત્ત્વભૂત આ મનુષ્યપણું તું પામ્યો છે, વળી સુકૃતના પ્રભાવથીજ ઉચ્ચ કુળમાં જન્મ પમાય છે, અન્યથા પમાતો નથી, તે પણ તું પામ્યો છે. આ પ્રકારની ધર્મસાધનની સામગ્રી પ્રાપ્ત થયા છતાં પણ હે પ્રાણી! જો આ ભવે તું સત્કર્મ નહીં કરીશ, તો હવે-પછી મનોહર સુખ શી રીતે પામીશ ? આ હકીકત ઉપર મૃગાપુત્રની કથા આપેલી છે. ૭૦.

હવે શ્રીજિનધર્મના મૂળ દ્વારરૂપ સમકિતને ઉદ્દેશીને કહે છે:-

**तवेण पक्खालियकम्मलेवो, अन्नो जिणिंदाउ न कोइ देवो ।**
**गुरू सुसाहू जिणरायवुत्तं, तत्तं च सम्मत्तमिमं निरुत्तं ॥७१॥**

**મૂળાર્થ**—તપવડે કરીને કર્મનો લેપ ધોઈ નાંખ્યો છે એવા જિનેશ્વર સમાન બીજો કોઇ દેવ નથી, ( તેજ ખરા દેવ છે ) સુસાધુ

જ ગુરૂ છે, અને જે જિનરાજે કહેલું છે તેજ તત્ત્વ છે. આ ત્રણુવસ્તુ-ઓનેજ સમકિત કહેલું છે. ૭૧.

**ટીકાર્થ**—બાર પ્રકારના તપે કરીને જેણે કર્મનો લેપ ધોઈ નાંખ્યો છે એવા જિનેન્દ્ર ઉપરાંત અથવા તત્સમાન બીજો કોઇ દેવ નથી, તથા સુસાધુ એટલે અઢાર હજાર શીલાંગ રથને ધારણ કરનાર શાંત દાંત આત્માવાળા મુનિ તેજ ગુરૂ છે, અને શ્રીઅરિહંતે કહેલું તેજ તત્ત્વ–ધર્મ છે, આ ત્રણને સમકિત કહેલું છે. સમ્યક્ પ્રકારનું તત્ત્વ તે સમ્યક્ત્વ કહેવાય છે. આ સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી જીવને નરક અને તિર્યંચ ગતિના દ્વાર બંધ થાય છે અને દેવ, મનુષ્ય તથા મોક્ષનાં સુખો સ્વાધીન થાય છે. સર્વ લાભમાં આ સમકિતનો લાભ તેજ મોટો લાભ છે. કહ્યું છે કે—

**“ सम्मत्तम्मि उ लद्धे, विमाणवज्जं न बंधए आउं ।**
**जइ वि न सम्मत्तजढो, अहव न बद्धाउओ पुव्विं ॥ ”**

“ જો સમકિતને વમન કર્યું ન હોય, અથવા સમકિત પ્રાપ્ત થયાં પહેલાં આયુષ્ય બાંધ્યું ન હોય, તો જીવ સમ્યક્ત્વ પામ્યા પછી વૈમાનિક વિના બીજું આયુષ્ય બાંધતો નથી. ” આ ઉપર શ્રીમૃગ-ધ્વજની કથા આપેલી છે.

ઉપર બતાવેલું સમકિત જે રીતે પ્રાણીને પ્રાપ્ત થાય છે, તે રીતિ કાંઇક વિસ્તારથી કહે છે—આ જગતમાં ગંભીર અને અપાર સંસારરૂપી સાગરની મધ્યમાં વર્તતો જીવ સમગ્ર દુઃખરૂપી વૃક્ષના બીજભૂત મિથ્યાત્વને લઇને અનંત પુદ્દગલપરાવર્ત સુધી અનંત દુઃખોનો અનુભવ કર્યા પછી કોઈપણ પ્રકારે તથાપ્રકારના ભવ્યત્વના પરિપાકના વશથી પર્વતની નદીનો પથ્થર જેમ અથડાઇ અથડાઇને

ગોળ તેમજ લીસો થઈ જાય છે તેમ તેવા પ્રકારના શુભ અધ્યવસાય રૂપ અનાભોગથી પ્રાપ્ત થયેલા યથાપ્રવૃત્તિ નામના કરણે કરીને આયુષ્યકર્મ સિવાયના બીજા સાતે કર્મોને એક કોટાકોટી સાગરોપમની અંદરની સ્થિતિવાળાં કરે છે. આ ઠેકાણે કર્મમળના સમૂહે જેના વીર્યવિશેષનો નાશ કર્યો છે એવા પ્રાણીઓથી ભેદી ન શકાય એવો, કઠણ, ગાઢ, ઘણા કાળથી રૂઢ થયેલી વાંસની ગાંઠ જેવો, કર્મના પરિણામથી ઉત્પન્ન થયેલો, રાગદ્વેષના ગાઢ પરિણામ રૂપ પૂર્વે નહીં ભેદેલો એવો ગ્રંથિ હોય છે. તે માટે કહ્યું છે કે—

" गंठि त्ति सुदुब्भेऊ, कक्खडघणरूढगूढगंठिव्व ।
जीवस्स कम्मजणिऊ, घणरागदोसपरिणामो ॥ "

" કઠણ, ગાઢ અને વાંસની ગૂઢ ગાંઠની જેમ અત્યંત દુઃખથી ભેદી શકાય એવો અને કર્મથી ઉત્પન્ન થયેલો જીવનો જે ગાઢ રાગદ્વેષનો પરિણામ એ ગ્રંથિ કહેવાય છે. "

આ ગ્રંથિ સુધી અભવ્ય પ્રાણીઓ પણ યથાપ્રવૃત્તિ કરણે કરીને કર્મને ખપાવીને અનંતીવાર આવી શકે છે; પરંતુ તેઓ આ ગ્રંથિને ભેદી શકતા નથી, પણ જેમને મોક્ષનું સુખ મળવાનું નજીક હોય છે તેવો વિકસ્વર ચિત્તવાળો અને દુર્નિવાર એવા ઘણા વીર્યના સમૂહને પામેલો કોઈકજ મહાત્મા તીક્ષ્ણ ખડ્ગની ધારા જેવી ઉત્કૃષ્ટ વિશુદ્ધિએ કરીને યથોક્ત સ્વરૂપવાળા ગ્રંથિને ભેદે છે. અને તેનો ભેદ કરીને મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિમાંથી ઉદય સમયની ઉપરની એક અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિનું ઉલ્લંઘન કરીને અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામની વિશુદ્ધિવડે ઉત્પન્ન થયેલા સામર્થ્યથી અંતર્મુહૂર્ત્તકાળ પ્રમાણ મિથ્યાત્વના પ્રદેશો વેદવા લાયક દળી-

યાના પણ અભાવરૂપ અંતરકરણ કરે છે. અહીં યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણનો ક્રમ આ પ્રમાણે જાણવો—

**" जा गंठी ता पढमं, गंठिं समइच्छओ हवइ बीयं ।**
**अनियट्टीकरणं पुण, सम्मत्तपुरक्कडे जीवे ॥"**

" જે ગ્રંથિ સુધી આવવું તે પહેલું યથાપ્રવૃત્તિકરણ છે, ગ્રંથિને ઉલ્લંઘન કરતાં–ભેદતાં બીજું અપૂર્વકરણ હોય છે, અને જેની સમીપે સમ્યક્ત્વ રહેલું છે એવા જીવને વિષે ત્રીજું અનિવૃત્તિકરણ હોય છે. "

આ અંતરકરણ કરવાથી મિથ્યાત્વ મોહનીયકર્મની સ્થિતિના બે ભાગ થાય છે. એક અંતરકરણની નીચેની પહેલી સ્થિતિ અંતર્મુહૂર્તની અને બીજી તેની ઉપરની બાકી રહેલી સર્વ સ્થિતિ છે. તેમાં પહેલી સ્થિતિમાં રહેલા મિથ્યાત્વનાં દળીયાં જ્યારે આ જીવ વેદી નાખે છે ત્યારે તો તે મિથ્યાદૃષ્ટિ છે, પરંતુ એક અંતર્મુહૂર્તે કરીને તે પ્રથમ સ્થિતિ વેદાઈ રહેવા પછી જ્યારે અંતરકરણ થાય છે, ત્યારે તેના પ્રથમ સમયેજ જીવને ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, કેમકે તે વખતે મિથ્યાત્વનાં દળીયાં બીલકુલ[1] વેદાતાં નથી. જેમ વનનો દાવાનળ પ્રથમ બાળેલા વનને અથવા ઉખર પ્રદેશને પામીને ઓલાઈ જાય છે, તેવીજ રીતે મિથ્યાત્વના અનુભવ રૂપ અગ્નિ અંતરકરણને પામીને શાંત થઇ જાય છે. તે ઉપશાંતનો ( ઔપશમિક સમ્યક્ત્વનો ) કાળ અંતર્મુહૂર્તનો છે, અને તે ઉત્કૃષ્ટ નિધિના લાભ જેવો છે. તે જઘન્યથી એક સમય શેષ રહે ત્યારે અને ઉત્કૃષ્ટથી છ

૧ પ્રદેશ ઉદયથી કે વિપાક ઉદયથી.

આવળીકા શેષ રહે ત્યારે કોઇક જીવને[1] મહા વિભીષિકા ( ભય ) ની ઉત્પત્તિની જેવો અનંતાનુબંધિનો ઉદય થાય છે. તેના ઉદય વખતે આ જીવ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ નામના બીજા ગુણસ્થાનકે વર્તે છે, અથવા ઉપશમ શ્રેણિથી[2] પડેલો પણ કોઇ જીવ સાસ્વાદન ગુણસ્થાનકે જાય છે, અને ત્યારપછી તરત જ અવશ્ય મિથ્યાત્વનો ઉદય થવાથી તે મિથ્યાદૃષ્ટિ થાય છે. ૭૧.

હવે સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી ઉત્તરોત્તર જે ફળ થાય છે તે બતાવે છે.—

**पसत्थलेसं पकरंति चित्तं, जे सत्तखित्तेसु ववंति वित्तं ।**
**छिंदंति निम्मोहमणा ममत्तं, कुणंति ते जम्ममिमं पवित्तं**
**॥ ७२ ॥**

**મૂળાર્થ**—જેઓ પોતાના ચિત્તને પ્રશસ્ત લેશ્યાવાળું કરે છે, જે સાત ક્ષેત્રને વિષે પોતાના વિત્તને વાપરે છે, અને મનમાંથી મોહનો નાશ કરીને જે મમતાને છેદે છે, તેઓ પોતાના આ જન્મને પવિત્ર કરે છે. ૭૨.

**ટીકાર્થ**—તત્ત્વજ્ઞાની પ્રાણીઓ અપ્રશસ્ત-અશુભ લેશ્યાનો ત્યાગ કરીને પોતાના ચિત્તને પ્રશસ્ત લેશ્યાવાળું કરે છે, તથા સાત ક્ષેત્રમાં ન્યાયોપાર્જિત એવા પોતાના ધનને વાપરે છે. શ્રીભક્તપરિજ્ઞા પ્રકીર્ણકગ્રંથમાં સાત ક્ષેત્ર આ પ્રમાણે કહેલાં છે.—

---

૧ જે મિથ્યાત્વે જવાનો હોય તેને, બાકી બીજા જીવ તો ત્યાં ત્રણ પુંજ કરીને શુદ્ધપુંજનો ઉદય થવાથી ક્ષયોપશમ સમકિત પામે છે અને બીજા લાભો પણ મેળવે છે. ૨ અગ્યારમે ગુણઠાણેથી.

" अह हुज्ज देसविरऊ, सम्मत्तरऊ रऊ य जिणवयणे ।
तस्स य अणुव्वयाइं, आरोविज्जंति सुद्धाइं ॥ १ ॥
अनियाणोदारमणो, हरिसवसविसट्टकंटयकरालो ।
पूएइ गुरुं संघं, साहम्मियमाइ भत्तीए ॥ २ ॥
नियदव्वमउव्वजिणिंद–भवणजिणबिंबवरपइट्ठासु ।
वियरइ पसत्थपुत्थय–सुतित्थतित्थयरपूयासु ॥ ३ ॥ "

" જે દેશવિરતિ હોય, સમકિતધારી હોય, અને જિનવચનને વિષે પ્રીતિવાળા હોય, તેને શુદ્ધ અણુવ્રતો ( બાર વ્રતો ) આરોપણ કરાય છે. ૧. તે પ્રસંગે નિયાણા રહિત ઉદાર મનવાળા, અને હર્ષને લીધે જેના શરીર ઉપર રોમાંચ વિકસ્વર થયા હોય છે એવા શ્રાવકે ગુરૂની અને સાધર્મિકાદિની ભક્તિથી યથાયોગ્ય પૂજા કરવી. ૨. અને એવા શ્રાવકે નવું જિનેંદ્રનું ચૈત્ય કરાવવામાં, જિનબિંબની પ્રતિષ્ઠામાં, પ્રશસ્ત પુસ્તકો લખાવવામાં, તથા સુતીર્થ ( ચતુર્વિધ સંઘ ) અને તીર્થંકરની પૂજામાં પોતાનું દ્રવ્ય વાપરવું. "

આ વચનથી શ્રાવક જિનભવન, જિનબિંબ, પુસ્તક અને ચતુર્વિધ સંઘ એ સાત ક્ષેત્રોને વિષે ધનને વાપરે છે. ત્યારપછી દીક્ષાને અવસરે મોહ રહિત મનવાળા થઇને મમતાને છેદી નાંખે છે, મૂળથી ઉખેડી નાંખે છે, તેઓ સર્વ સંસારના સંગથી રહિત થયા સતા આ મનુષ્યભવને પવિત્ર–કૃતાર્થ કરે છે. ૭૨.

છેવટ આ ઉપદેશ સિત્તરીના છેલ્લા કાવ્યમાં આ ગ્રંથ પઠન કરવાનું ફળ કહે છે.—

पढिंतु एयं उवएससत्तरिं, मुणंति चित्ते परमत्थवित्थरं ।
तरिंतु ते दुक्खभरं सुदुत्तरं, खेमेण पावंति सुहं अणुत्तरं ॥७३॥

**મુળાર્થ**—આ ઉપદેશ સિત્તરીનું પઠન કરીને જેઓ ચિત્તમા પરમાર્થના વિસ્તારને જાણે છે, તેઓ દુસ્તર એવા દુ.ખના સમૂહને તરીને ક્ષેમકુશળથી અનુત્તર ( મોક્ષનાં ) સુખને પામે છે. ૭૩.

**ટીકાર્થ**—ઉત્તમ પુરૂષો આ ઉપદેશ સિત્તરીને સૂત્રથી ભણીને પછી ચિત્તમાં પરમાર્થના–મોક્ષના વિસ્તારને–તેના સાધનના ઉપાયને જાણે છે. કેવળ સૂત્રનું પઠન કરવાથી જ્યાંસુધી પરમાર્થતત્ત્વ જાણ્યો નથી ત્યાંસુધી કાંઇપણ અર્થની સિદ્ધિ થતી નથી. તેથી કરીને અહીં તત્ત્વને જાણવાનું કહ્યું છે. હવે તત્ત્વ જાણવાનું ફળ કહે છે. તત્ત્વને જાણનારા પ્રાણીઓ અત્યંત દુસ્તર એવા જન્મ, જરા, મરણ, શોક અને રોગરૂપ દુઃખના સમૂહને તરીને ક્ષેમકુશળે અનુત્તર–સર્વોત્તમ સિદ્ધિવધુની પ્રાપ્તિરૂપ સુખને પામે છે. અહીં શ્લોકમાં " **क्षेमेण** " એ પદ લખ્યું છે તે ગ્રંથકારનું નામ સૂચવવા માટે છે, તથા આદિ, મધ્ય અને પર્યંતે મંગળ કરવાથી શાસ્ત્રની પ્રસિદ્ધિ થાય છે, તેથી અંતમાં પણ મંગળ કરવા માટે લખ્યું છે. ૭૩.

**॥ इति उपदेश सप्ततिका ॥**

# ॥ श्रीपुंडरीकगणधरस्तवः ॥

श्रीशत्रुञ्जयशैलराजशिखरालंकारचूडामणिम् ।
भव्यश्रेणिसमीहितार्थनिकरत्यागैकचिन्तामणिम् ॥
नम्राखण्डलमौलिरत्नकिरणैर्नीराजितांह्रिद्वयम् ।
संस्तोष्ये प्रथमं गणाधिपमहं श्रीपुण्डरीकाह्वयम् ॥ १ ॥
ज्ञानानन्त्यमयी किमुत्सवमयी किं सौख्यसंपन्मयी ? ।
किंवा सांद्रसुधामयी शुभमयी सौभाग्यलक्ष्मीमयी ? ॥
इत्थंकारमुदारमूर्त्तिममलामालोक्य चेतस्विन-
श्चेतः स्वं परितन्वते स जयतात् श्रीपुण्डरीको गुरुः ॥२॥
स श्रीमान् गुरुपुंगवः स्थवयताद्वः शाश्वतीः सम्पदो ।
यत्पादाम्बुरुहे सुपर्वमणिभिर्भेजे ह्युपादानता ॥
नेत्थं चेत् कथमन्यथा त्रिभुवनाऽभीष्टार्थसार्थानिदम् ।
दत्ते ते च न दृक्पथे कथममी जग्मुर्जगत्प्राणिनाम् ॥३॥
ग्रावव्रातमयोऽपि दुस्तरभवाम्भोधौ निमज्जज्जन-
श्रेणीतारणकारणं समभवत् शत्रुंजयाख्यो गिरिः ॥
तत् सर्वं तव पादपद्मयुगलीमाहात्म्यविस्फूर्जितम् ।
श्रीमन्नादिजिनेशवंशजलधिप्रोल्लासशीतद्युते ! ॥ ४ ॥
केषां न स्पृहयालुता दिविषदां नेत्राय संजायते ।
येन प्रोज्ज्वलयन्मुखाम्बुजलसत्सौभाग्यमालोक्यते ॥

मेषोन्मेषविवर्जितैरविरतं भव्याङ्गभाजां भरैः ।
श्रेयःश्रेणिरमां स मांसलयतात् श्रीपुण्डरीकप्रभुः ॥५॥
जात्यस्वर्णसवर्णवर्णवपुषा कैवल्यमासेदुषा ।
संप्राप्य त्रिपदीमदीनमहसा श्रीमद्युगादीश्वरात् ॥
चक्रे येन चतुर्दशापि विलसत्पूर्वाणि साऽङ्गान्यपि ।
श्रीमानाद्यगुरूत्तमः शमयताद्धस्तापमाऽऽपत्ततेः ॥६॥
प्राहुर्बुद्धिधनास्त्वदीयचरणोपास्तेः समस्ताङ्गिनो ।
नूनं त्वत्सदृशा भवेयुरिति यत्तत् सत्यमाभाति नः ॥
यस्मादेष महीधरोऽपि समभूत् श्रीपुण्डरीकाह्वयः ।
संसारार्णवतारणैकनिपुणस्त्वत्पादसंस्पर्शतः ॥ ७ ॥
अल्पः कल्पतरुः स कामकलशो न स्यात् शिवस्यास्पदम् ।
प्राश्वत्कल्पलता सतामनुचिता चिन्तामणौ नादरः ॥
स्वामिन् ! कामगवी न वीक्षणपथे संजायते कर्हिचित् ।
चिन्तातीतफलप्रदाननिपुण ! त्वत्पादपद्मात् पुरः ॥८॥
यत् त्वां ध्यानपथं कथंचन नयेच्चेतस्तदेवोत्तमम् ।
धन्याऽसौ रसना सदा तव गुणग्रामस्तुतौ सादरा ॥
ये त्वद्रूपनिभालनैकरसिके नेत्रे पवित्रे नृणाम् ।
श्रीशत्रुंजयभूधरैकमुकुट ! श्रीपुण्डरीकप्रभो ! ॥ ९ ॥
श्रीमत्केवलबोधदर्पणतले संक्रांतलोकत्रयम् ।
हस्तन्यस्तविशुद्धमौक्तिकमिवाबाभाति यस्येशितुः ॥
स्वाह्वानस्मरणाकृतां भवभृतां संसारवारांनिधेः ।
स्वामी तारयताद्धताऽन्तरिपुः स श्रीगणाधीश्वरः ॥१०॥

इत्थंकारमुदारसारकविताप्राग्भारमारभ्यते ।
नीत्वा स्तोत्रपथं कथंचन गुणान् चन्द्रोज्ज्वलान् भक्तितः ॥
लक्ष्मीसागरसूरिसंस्तुत ! मया श्रीपुण्डरीकप्रभो ! ।
संप्रार्थ्येत भवे भवे तव पदाम्भोजन्मसेवासुखम् ॥११॥

॥ इति श्रीपुण्डरीकस्तवनम् ॥

---

## ॥ श्रीकुमारपालभूपालविरचितं साधारण-जिनस्तवनम् ॥

---

नम्राखिलाखंडलमौलिरत्न ! रश्मिच्छटापल्लवितांह्रिपीठ ! ।
विध्वस्तविश्वव्यसनप्रबंध ! त्रिलोकबंधो ! जयताज्जिनेंद्र ! ॥१॥
मूढोऽस्म्यहं विज्ञपयामि यत्त्वामपेतरागं भगवन् ! कृतार्थम् ।
न हि प्रभूणामुचितस्वरूपनिरूपणाय क्षमतेऽर्थिवर्गः ॥२॥
मुक्तिं गतोऽपीश ! विशुद्धचित्ते गुणाधिरोपेण ममासि साक्षात् ।
भानुर्दवीयानपि दर्पणांऽशुसंगान्न किं द्योतयते गृहान्तः ? ॥३॥
तव स्तवेन क्षयमंगभाजां भजंति जन्मार्जितपातकानि ।
कियच्चिरं चंडरुचेर्मरीचिस्तोमे तमांसि स्थितिमुद्वहन्ति ? ॥ ४ ॥
शरण्य ! कारुण्यपरः परेषां निहंसि मोहज्वरमाश्रितानाम् ।
मम त्वदाज्ञां वहतोऽपि मूर्ध्ना शान्तिं न यात्येष कुतोऽपि हेतोः ॥
भवाटवीलङ्घनसार्थवाहं त्वामाश्रितो मुक्तिमहं यियासुः ।

कषायचोरैर्जिन ! लुप्यमानं रत्नत्रयं मे तदुपेक्षसे किम् ? ॥६॥
लब्धोऽसि स त्वं मयका महात्मा भवाम्बुधौ बंभ्रमता कथंचित् ।
आः ! पापपिंडेन नतो न भक्त्या न पूजितो नाथ ! न तु स्तुतोऽसि॥
संसारचक्रे भ्रमयन् कुबोधदंडेन मां कर्ममहाकुलालः ।
करोति दुःखप्रचयस्थभाण्डं ततः प्रभो! रक्ष जगच्छरण्य ! ॥
कदा त्वदाज्ञाकरणाप्ततत्त्वस्त्यक्त्वा ममत्वादि भवैककंदम् ।
आत्मैकसारो निरपेक्षवृत्तिर्मोक्षेऽप्यनिच्छो भवितास्मि नाथ ! ॥
तव त्रियामापतिकान्तिकान्तैर्गुणैर्नियम्यात्ममनःप्लवंगम् ।
कदा त्वदाज्ञामृतपानलोलः स्वामिन् ! परब्रह्मरतिं करिष्ये ॥
एतावतीं भूमिमहं त्वदंह्रिपद्मप्रसादाद् गतवानधीश ! ।
हठेन पापास्तदपि स्मराद्या ही ! मामकार्येषु नियोजयंति ॥११॥
भद्रं न किं त्वय्यपि नाथनाथे संभाव्यते मे यदपि स्मराद्याः ।
अपाक्रियंते शुभभावनाभिः पृष्ठिं न मुंचंति तथापि पापाः ॥१२॥
भवाम्बुराशौ भ्रमतः कदापि मन्ये न मे लोचनगोचरोऽभूः ।
निस्सीमसीमंतकनारकादिदुःखातिथित्वं कथमन्यथेश ! ॥१३॥
चक्रासिचापांकुशवज्रमुख्यैः सल्लक्षणैर्लक्षितमंह्रियुग्मम् ।
नाथ ! त्वदीयं शरणं गतोऽस्मि दुर्वारमोहादिविपक्षभीतः ॥१४॥
अगण्यकारुण्य ! शरण्य ! पुण्य ! सर्वज्ञ! निष्कंटक! विश्वनाथ! ।
दीनं हताशं शरणागतं च मां रक्ष रक्ष स्मरभिल्लभल्लैः ॥१५॥
त्वया विना दुष्कृतचक्रवालं नान्यः क्षयं नेतुमलं ममेश ! ।
किंवा विपक्षप्रतिचक्रमूलं चक्रं विना छेत्तुमलंभविष्णुः ? ॥१६॥
यद्देवदेवोऽसि महेश्वरोऽसि बुद्धोऽसि विश्वत्रयनायकोऽसि ।
तेनान्तरंगारिगणाभिभूतस्तवाग्रतो रोदिमि हा ! सखेदम् ॥१७॥

स्वामिन्नधर्मव्यसनानि हित्वा मनः समाधौ निदधामि यावत् ।
तावत् क्रुधेवान्तरवैरिणो मामनल्पमोहान्ध्यवशं नयंति ॥ १८ ॥
त्वदागमाद्वेद्मि सदैव देव ! मोहादयो यन्मम वैरिणोऽमी ।
तथापि मूढस्य पराप्तबुद्ध्यातत्सान्निधौ ही ! न किमप्यकृत्यम् ॥
म्लेच्छैर्नृशंसैरतिराक्षसैश्च विडम्बितोऽमीभिरनेकशोऽहम् ।
प्राप्तस्त्विदानीं भुवनैकवीर ! त्रायस्व मां यत्तव पादलीनम् ॥२०॥
हित्वा स्वदेहेऽपि ममत्वबुद्धिं श्रद्धापवित्रीकृतसद्विवेकः ।
मुक्तान्यसंगः समशत्रुमित्रः स्वामिन् ! कदा संयममातनिष्ये ? ॥
त्वमेव देवो मम वीतराग ! धर्मो भवद्दर्शितधर्म एव ।
इति स्वरूपं परिभाव्य तस्मान्नोपेक्षणीयो भवति स्वभृत्यः ॥
जिता जिताशेषसुरासुराद्याः कामादयः काममभी त्वयेश ! ।
त्वां प्रत्यशक्तास्तव सेवकं तु निघ्नंति ही ! मां परुषं रुषेव ॥
सामर्थ्यमेतद्भवतोऽस्ति सिद्धिं सत्त्वानशेषानपि नेतुमीश ! ।
क्रियाविहीनं भवदंह्रिलीनं दीनं न किं रक्षसि मां शरण्य ! ॥
त्वत्पादपद्मद्वितयं जिनेन्द्र ! स्फुरत्यजस्रं हृदि यस्य पुंसः ।
विश्वत्रयीश्रीरपि नूनमेति तत्राश्रयार्थं सहचारिणीव ॥ २५ ॥
अहं प्रभो ! निर्गुणचक्रवर्ती क्रूरो दुरात्मा हतकः सपाप्मा ।
ही ! दुःखराशौ भववारिराशौ यस्मान्निमग्नोऽस्मि भवद्विमुक्तः ॥
स्वामिन् ! निमग्नोऽस्मि सुधासमुद्रे यन्नेत्रपात्रातिथिरद्य मेऽभूः ।
चिंतामणौ स्फूर्जति पाणिपद्मे पुंसामसाध्यो न हि कश्चिदर्थः ॥
त्वमेव संसारमहाम्बुराशौ निमज्जतो मे जिन ! यानपात्रम् ।
त्वमेव मे श्रेष्ठसुखैकधाम ! विमुक्तिरामाघटनाभिरामः ॥ २८ ॥

चिन्तामणिस्तस्य जिनेश ! पाणौ कल्पद्रुमस्तस्य गृहांगणस्थः ।
नमस्कृतो येन सदापि भक्त्या स्तोत्रैः स्तुतो दामभिरर्चितोऽसि ॥
निमील्य नेत्रे मनसः स्थिरत्वं विधाय यावज्जिन ! चिंतयामि ।
त्वमेव तावन्न परोऽस्ति देवो निःशेषकर्मक्षयहेतुरत्र ॥ ३० ॥

भक्त्या स्तुता अपि परे परया परेभ्यो ।
मुक्तिं जिनेन्द्र ! ददते न कथंचनापि ॥
सिक्ताः सुधारसघटैरपि निम्बवृक्षा ।
विश्राणयन्ति न हि चूतफलं कदाचित् ॥ ३१ ॥

भवजलनिधिमध्यान्नाथ ! निस्तार्य कार्यः ।
शिवनगरकुटुंबी निर्गुणोऽपि त्वयाहम् ॥
न हि गुणमगुणं वा संश्रितानां महान्तो
निरुपमकरुणार्द्राः सर्वथा चिन्तयन्ति ॥ ३२ ॥

प्राप्तस्त्वं बहुभिः शुभैस्त्रिजगतश्चूडामणिर्देवता ।
निर्वाणप्रतिभूरसावपि गुरुः श्रीहेमचन्द्रप्रभुः ॥
तन्नातः परमस्ति वस्तु किमपि स्वामिन् ! यदभ्यर्थये ।
किंतु त्वद्वचनादरः प्रतिभवं स्ताद्वर्द्धमानो मम ॥ ३३ ॥

इति कुमारपालभूपालकृतस्तवः